# કાકાની શશી

[એક નાટક.]

લેખક:

રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી

પ્રમુખ, સાહિત્ય સંસદ

લૉંગમેંસ ગ્રીન ઍન્ડ કંપની, લીમીટેડ,

૫૩, નીકલ રોડ, મુંબઈ.

કલકત્તા, મદ્રાસ, લંડન, ન્યુયૉર્ક.

ધીરજ ને માર્દવની સ્નેહભરી મૂર્તિ —

બહેન જડી બહેનને

# કાકાની શશી

## અંક પહેલો

### પ્રવેશ પહેલો

(સમય: સાંજના સાડાત્રણ

સ્થળ: મુંબાઇ, સેંડહર્સ્ટ રોડ પર આવેલા રાવસાહેબ મોતીરામ ડેપ્યુટી સુપ્રીટેંડંટના ભાડેના ઘરનું દીવાનખાનું.

દીવાનખાનાના ફર્નીચરમાં એક ગાલીચો, એક આરસપાણનું ગોળ ટેબલ, બે લેધરક્લોથથી મઢેલા સોફાઓ, ચાર તેવીજ ખુરશી, બે આરામ ખુરશી, કાચના કેસમાં એક હાર્મોનીયમ, ભીંત પર કુટુંબી જનોની નાનીમોટી છબી, બારી પર પાંચમા જ્યોર્જની છબી. ટુંકામાં ૫૦૦ થી ૧૦૦૦ સુધી કમાનાર સાધારણ કેળવાએલા ગુજરાતી ગૃહસ્થનું દીવાનખાનું.

શિવગૌરી ફર્નીચર પરના હાથના ભરેલા રુમાલો ઠીક કરી ગોઠવે છે.

શિવગૌરી આશરે અડત્રીસ વર્ષની ઉમર જેટલી દેખાતી, ગુજરાતણોમાં કદાવર ગણાય એવી સ્ત્રી. મોટી આંખો, મોટો ચાંલ્લો, મોટો ચોટલો, મોટા ગાલ, લુગડાનો અતિશય પીળો રંગ, લીલા રંગની ચોળી ને

સફેત રંગના સપાટ; લાંબાં ડગલાં ભરવાની, જોરથી રુમાલો રાખવાની, દૃઢતાથી ડોકું ફેરવવાની રીત. આ બધું એમના વ્યક્તિત્વનો અદ્‌ભુત વિકાસ બતાવે છે.

તેને એક કાગળની કચ્ચર જડે છે. તે લઇ તેને દૃઢતાથી ચમટીમાં ચોળી નાંખી શ્રીકૃષ્ણ સુદર્શન ચક્ર નાંખે તેવી સચોટતાથી તે બારી બહાર દેખાતા ટેલીફોનના થાંભલા તરફ નાંખે છે.)

**શિવગૌરી:** રામા ! રામા—

( મોતીરામ આવે છે. તે ઉંચા, જાડા, સફેત ડ્રીલના કપડામાં સજ્જ થએલા પોલીસના અમલદાર છે. તેમની મુછો, કયસરની હતી તેવી મુછો રાખવાનો એમનો સતત પ્રયત્ન દેખાડે છે. દરેક વસ્તુ તરફ ડોળા ઘુરકાવીને જોવાની એને ટેવ છે. )

**મોતીરામ:** શિવગૌરી, શું છે ?

**શિવગૌરી:** ( રુમાલ ગોઠવતી જાય છે. ) મેં તમને ક્યાં બોલાવ્યા ? રામા—

**મોતીરામ:** ( ડોળા કાઢીને ) શિવગૌરી ! મને પેલો કુતરો મળ્યો હતો.

**શિવગૌરી:** ( એકદમ સોફા પર બેસી જઇ પગ પર બે હાથ ઠોકે છે. ) ભોગ લાગ્યા મારા. તમને પણ એના વગર નથી ચાલતું તો ! બોલો, શું છે ? ( ડોળા કાઢે છે. )

**મોતીરામ:** ( નરમ બનીને ) અકળાય છે શું કામ ?

**શિવગૌરી:** અકળાઉં નહીં તો શું કરું ? ( મોટો નિઃશ્વાસ નાંખીને ) મારો તે કાંઇ અવતાર છે ? એ કાળમુખો મારો કેડો છોડતોજ નથી. ( લુગડાંનો છેડો ઠીક કરે છે. ) હું તે જંપીને કેમ કરી બેસું ? એક તો મારું શરીર આવું ને તેમાં-બોલો, શું થયું ?

**મોતીરામ:** ( રોફથી ) એ હરામખોર કોઇની મોટરમાં બેસી જતો હતો. મેં ચપ દઇને મોટરનો નંબર નોંધી લીધો. ( બહાદુરીથી જુએ છે. )

**શિવગૌરી:** (ઉગ્રતાથી) આખા ગામનો સુરજ ઉગશે, પણ મારો ક્યારે ઉગશે ? (સુરજ ગાલીચા નીચે છુપાયો હોય ને તેને ડરાવતી હોય તેમ જોયા કરે છે. )

**મોતીરામ:** એનો એક સગો મારી પાસે વાત લાવ્યો કે એ કાંઈ સમાધાન કરવા માંગે છે.

**શિવગૌરી:** સમાધાન ! સમાધાન ! ( જોરથી આંખો ચોળે છે. ) ભાઇના ઘરનો રોટલો ખાઉં છું તોએ સુવો જંપીને બેસવા દેતો નથી. એનું તે મેં કોણ જાણે શું બગાડ્યું છે ? મરજો મારાં મા ને બાપ કે ભણાવી ગણાવીને મને કુવામાં નાંખી.

**મોતીરામ:** તું અકળાય છે શું કામ ? બ્હેન, મા ને બાપ તો ક્યારના મરી–

**શિવગૌરી:** હા. તેમાંજ મારી આ દશા થાય છે ને ? કાલે સવારે તમે પરણી જશો એટલે મારું કોણ ? ( ફરીથી આંસુઓ લુછવા માંડે છે. ) ચાર આંગળની ભાભી આવશે એટલે મારે તો તેની સેવા કરવાની રહીને ?

30911

**મોતીરામ:** ( ગરીબ બની ) પણ આજે પાંચ વર્ષ થયાં–

**શિવગૌરી:** (આક્રંદ કરી )હા ! ભાઇ હા ! પાંચ વર્ષ થયાં નથી પરણ્યા તેમાં મારા પર ઉપકાર કર્યો. ભાઇ ! બાપા ! ઉપકાર કર્યો ! (ઘાંટો કાઢીને) મુરજો એ હિંદુ સંસાર કે બૈરીને બીચારીને નિરાધાર બનાવી મુકી છે. ( ડોળા કાઢીને ) અમારામાં કોડીની કમાવાની શક્તિ નથી તેમાં તમારો ઉપકાર વેઠીએ છીએ.

**મોતીરામ:** પણ બહેન–

**શિવગૌરી:** બહેન ને ભાઇ–બધાં કહેવાનાં. અમને જરા આગળ પડતાં તો થવા દો, પછી તમારી વાત, બતાવી દઇએ છીએ. કેવી તે તો જુઓ. ( છાતી કાઢીને ) ભણાવી ગણાવીને મારો ભવ બાળ્યો. હું તે કેમ ભુલું ?

**મોતીરામ:** (જાણે પોતાનો વાંક હોય તેમ) મારે જવાનો વખત થયો છે. હું જાઉં છું.

**શિવગૌરી:** હા ભાઇ હા. જાઓ, બા જાઓ. ભાભી ઘરમાં હોત તો બતાવી આપત કે કેમ આમ ઘર સુનું મુકી જાઓ છો.

**મોતીરામ:** ( નમ્રતાથી ) કોઈ આજે આવવાનું છે કે શું ?

**શિવગૌરી:** અમારા સ્રીસમાનતા સંઘની સમિતિના સભ્યોને મેં ચહાપાણી માટે બોલાવ્યાં છે. કાલબાદેવી જતા હો તો લુડોવીચીની Woman a Vindication મોકલવાનું કહેતા જજો ( ડોળા કાઢીને ) એ તમારો મોટો હીમાયતી પાકયો છે.

**મોતીરામ:** વારુ. હું હમણાંજ સ્ટેશન પરથી ટેલીફોન કરીશ. ( ઘંટડી વાગે છે. )

**શિવગૌરી:** અમારાં મિત્રો આવ્યાં કે શું ?...તમે જાઓ હવે.

**મોતીરામ:** ( હસીને )હું જોઉં તો ખરો કે તારાં મિત્રો કેવાં–એક છે ?

**શિવગૌરી:** બસ ! પુરુષને એજ. સ્રી જોઇ કે બસ લટ્ટુ. ( માથે હાથ મુકી ) બાવા ! તમારી જાતથી તોબા.

( મોતીરામ હસે છે. સૌ. વિધુમુખી કુંદનલાલ દાખલ થાય છે. તે પચ્ચીશેક વર્ષની સ્વરૂપવતી ને ભલી દેખાતી સ્રી છે.. તે ગંભીર ચાલે ચાલે છે ને ખિન્નતાથી હસે છે. )

**વિધુમુખી:** ( હસીને ) કેમ, શિવગૌરી બહેન છો કે ?

**શિવગૌરી:** ( હસીને ) આવો.

**મોતીરામ:** કેમ, વિધુબ્હેન, કેમ છો ?

**વિધુમુખી:** ( હસીને )હા. કેમ, મોતીરામભાઇ ! તમે ઘણા દહાડા થયાં મારે ત્યાં આવ્યા નથી. વાહરે !

**મોતીરામ:** આવીશું. પણ મારી નોકરી એવી છે ને ? કેમ, કુંદનલાલ કેમ છે ?

**વિધુમુખી:** (ખિન્નતાથી હસીને ) ખુશીમાંસ્તો ! તમારે ભાયડા લોકને ક્યાં ઘર ચલાવવું છે કે છોકરાં ઉછેરવાં પડે છે કે જીવ નાખુશ થાય ?

**મોતીરામ:** ચાલો હું રજા લઇશ. શિવગૌરી, હું કલાકેકમાં પાછો આવું છું. (જાય છે)

**શિવગૌરી:** ( હસીને ) વિધુબ્હેન ! બેસો. આપણા સંત્રે વાત તો બહુ કરી. હવે આપણે કાંઇ કરવું છે કે નહીં ?

**વિધુમુખી:** શું કરીએ, બ્હેન, બોલો ? ગુજરાતી સ્ત્રીઓ સ્વભાવે ઉંઘણશી છે ને કાંઇ કરવાની હીંમત છે નહીં. બધીઓ વાતો કરે છે ને ઘેર જઇને મેં તેરી ગૌઆ. જ્યાં સુધી પુરુષોના માથામાં મારીશું નહીં ત્યાં સુધી–

( ઘંટડી વાગે છે. વિધુ ફીક્કી પડે છે. )

મને લાગે છે કે શશિકલા આવી.

**શિવગૌરી:** એ તો આ વર્ષેજ બી. એ. થઇને ?

**વિધુમુખી:** હા.

**શિવગૌરિ:** એના કાકાને હું બેચાર વાર મળી છું, પણ એને મળી નથી. આપણી સમિતિની સભ્ય થઇ એટલે મેં આજે નોતરી છે. કહે છે કે એ બહુ તેજસ્વી છે.

**વિધુમુખી:** ( દયામણું હસીને ) બધાં એમ કહે છે ખરાં.

શિવગૌરી: એના કાકા બહુ પૈસાદાર છે, નહીં ?

વિધુ: હા. અમારા તો અસીલ છે. બહુ સારા માણસ છે—માત્ર સ્ત્રીશત્રુ છે. એમને આપણું મોઢું નથી ગમતું.

શિવગૌરી: ચાલો શશિકલા આપણને ખપ તો લાગશે.

(શશિકલા આવે છે. તે રૂપાળી ને તેજસ્વી વીશેક વર્ષની છોકરી છે. એનું હાસ્ય આકંપક છે. તેણે કીમતી લુગડાં ફક્કડ રીતે પહેર્યાં છે.)

શશિકલા: (હોંસથી આવીને) કેમ, વિધુબહેન, કેમ છો ? કેમ છો, શિવગૌરીબહેન ?

શિવગૌરી: આવો-બેસો. (શશિકલા બેસે છે) શશિબહેન ! અમે આપણી સ્ત્રીઓની દશાની વાત કરતાં હતાં. આપણે વાતો કર્યાં કરીએ છીએ ને પુરુષો તો તેવા ને તેવા—નિર્દય, સ્વાર્થી, જુલ્મખોર—સાલ્યાજ કરે છે.

વિધુમુખી: (જરા કટાક્ષથી) શશિબહેન શું ધારે છે ? એ પરણ્યા નથી, પણ એમને પુરુષનો અનુભવ છે.

શશિકલા: (ગૌરવથી) હા. એક તો મારા કાકા સ્ત્રીશત્રુ છે. ને બીજાઓને પણ હું સારી રીતે ઓળખું છું. મને તો સમજાતું નથી કે કેળવાએલી સ્ત્રીઓ શા માટે પરણી મરે છે ?

વિધુમુખી: (કટાક્ષથી) હાસ્તો. ન પરણ્યામાં નવ ગુણ.

શિવગૌરી: (પ્રશંસાથી) મને પણ તેજ સમજાતું નથી. અમારાં જેવાં જેનો બાલપણથી ભવ બગાડ્યો હોય તેની વાત જુદી. પણ આ પેલી મધુરી ! કાલે તો આપણી સમિતિમાં હતી ને રાજીનામું આપી પરણી ગઈ.

શશિકલા: એને તો હું પહેલેથીજ નિર્માલ્ય ગણતી હતી. એને આર્યસંસ્કારનું બહુ ઘેલું હતું. એવાં પાણીપોચાં માણસોજ ખોટાં !

વિધુમુખી: (મોં મચકાવીને) આર્યસંસ્કાર ? ઉંહ. પેલો બૈરી વેચનાર તે મોટો સત્યવાદી હરિશ્ચંદ્ર—

**શિવગૌરી:** (તિરસ્કારથી) ને પેલો સ્ત્રીને કાઢી મુકનાર રામચંદ્ર તે ઇશ્વરનો અવતાર–

**શશિકલા:** (હસીને) ને દ્રૌપદીનાં ચીર ખેંચનાર મોટા વીરો–

**વિધુમુખી:** (હોઠ પીશીને)–ને બૈરીને જુગારની હોડમાં મુકનાર ધર્મ રાજા–

**શિવગૌરી:** (ગુસ્સામાં) ને બીચારી સુતેલી બૈરીને ત્યાગનાર ગૌતમબુદ્ધ–

**શશિકલા:** (હસીને) ને સોળહજાર એકસો ને આઠનો જનાનો રાખનાર કૃષ્ણ તે બાળ બ્રહ્મચારી ભગવાન–(ઘંટડી વાગે છે.)

**શિવગૌરી:** મીસ પીરોજા આવ્યા.

(મીસ પીરોજા ને ગં. સ્વ. ગંગાબહેન આવે છે. મીસ પીરોજા વીસથી ચાલીશ વર્ષનાં હોઇ શકે. તેમના મોં પર પાઉડર અને હોઠ પર રંગ છે. તેમના વાળ બોબ્ડ–ટુંકા કરાવેલા–છે. તેમણે ડાબે હાથે પહેરેલાં કડામાં રુમાલ ખોસ્યો છે. તે થણક થણક ચાલે છે. પારસીએ દાખલ કરેલી સંસ્કૃતિનો તે નમુનોછે. તે પરણ્યા નથી, પણ કલાકારનો રસિક અને અવર્ણનીય ધંધો કરે છે એમ દુનીઆ માને છે.

ગં. સ્વ. ગંગાબહેન પચાસેક વર્ષના લાગે છે. તેમની આંખે ચશ્મા છે. તેમનો રંગ કાળો છે, પહેરવેશ સાદો છે. તેમણે સફેત વસ્ત્ર ને પગે ચંપલ પહેર્યાં છે, તેને મીઠું હસીને ડાહ્યું બોલવાની ટેવ છે, એટલે મહેતી તરીકે સુવિખ્યાત છે.)

આવો આવો મીસ પીરોજા, કેમ છો? (શેકહેંડ કરે છે) કેમ ગંગાબહેન! બેસો. (બધાં બેસે છે) ચાલો, બધાં આવી ગયા. (તિરસ્કારથી) લેડી કુંતાબાઇ તો જાણો છો ને–નામનાં. એમના વર પુને ચાલ્યા કે એ પણ ચાલ્યા પુને. એ એક મોટી પચાસ વર્ષની ઢીંગલી છે, ઢીંગલી. મીસીસ દલાલ માંદા છે, એટલે આપણે છીએ તેટલાંજ.

## કાકાની શશી

**પીરોજા:** (પંખો ખાતી ખાતી) ઘનુંજ ગરમ છે, સાહેબજી All Round. આજે મારે રાતના કોન્સર્ટમાં જવુંચ.

**શિવગૌરી:** ચાલો, ઓળખો છો ને? આ મીસ શશિકલા—આપણા નવાં સભ્ય. મીસ પીરોજા—કલાકાર છે, ને ગંગાબ્હેન મહેતી છે.

**શશિકલા:** (પીરોજાને) કેમ છો? (ગંગાને) ગંગાબ્હેન તો મને મળ્યાં છે. કેમ છો?

**ગંગાબ્હેન:** ખુશીમાં, કેમ છો વિધુબ્હેન? કુંદનલાલે કાયદાના ખરડા કર્યા કે? બહુ વખત થયો.

**વિધુમુખી:** એ કામ શશિબ્હેને એમની પાસે કરાવવાનું માથે લીધું છે. હવે થશે.

**શશિકલા:** હા. મેં કાલેજ કુંદનલાલ જોડે વાત કરી હતી. લગભગ તૈયાર છે.

**પીરોજા:** શાના કાયદા?

**વિધુમુખી:** સ્ત્રી—

**શિવગૌરી:** આપણા સંઘ તરફથી સ્ત્રીઓના હક્કોના કાયદા કરાવીએ છીએ. તેમને પરણતાં વરની મીલકતમાં ભાગ મળે, વર મરતાં પણ ભાગ મળે. તેને ન ફાવે તો જુદી રહી શકે. જોઇએ તો છુટા છેડા લઇ શકે.—આ બધા કાયદા મીસ્તર કુંદનલાલ તૈયાર કરે છે.

**પીરોજા:** પછી કાઉન્સીલમાં રજુ કોન કરસે? તમારા વાનીયા નહીં મલે ટો મારો જીમી લાવસે.

**શિવગૌરી:** હીંદુઓ તો બધા ભેગા મળી જશે. એ કાંઇ સ્ત્રીઓને હક્ક આપવાના છે?

**ગંગાબ્હેન:** પણ ધારાસભા સ્વીકારશે?

**શિવગૌરી:** (ડોળા કાઢીને) નહીં સ્વીકારશે તો જશે ક્યાં? મગદુર છે—

**વિધુમુખી:** ( હોઠ દાબી ) મગદુર શું છે?

**શશિકલા:** પુરુષો સ્વીકારે કે નહીં પણ આપણે યુદ્ધ માટે તૈયાર થવું જોઇએ. એ એમ મચક આપે તેમ નથી. ( જોસ્સાથી ) તેમના હાથમાં ઘર છે, સમાજ છે, ધારા છે, નીતિ છે, ત્યાં સુધી એ જરા ફાવવા દેવાના નથી.

**શિવગૌરી:** ( હાથ ઠોકીને ) ખરી વાત છે–તદ્દન ખરી વાત.

**શશિકલા:** કાયદા કરશો તોએ નકામા થશે. આપણી પાસે લઢવાના પૈસા નથી.

**વિધુમુખી:** ( જરાક કટાક્ષથી ) તમે તો હવે એકરીસ વર્ષના થશો કે પૈસાવાળાં થશો.

**શશિકલા:** એમ કોઇક થયું તેમાં શું? આપણા હાથમાં કમાવાનું જોર આવવું જોઇએ.

**પીરોજા:** Eonomic Independence (આર્થિક સ્વાતંત્ર્ય) એજ વાત છે.

**ગંગાબ્હેન:** ખરી વાત છે. આર્થિક સ્વાતંત્ર્ય વિના બધી વાત ખોટી.

**શિવગૌરી:** ( જોરથી ) પણ એ કાંઇ બધાને મળવું સહેલ છે? હમણા તો એમનુંજ ખાવું ને એમને સીધા કરવા. અને મરદો કાંઇ મફતનું ખવડાવે છે? આપણી પાસે ક્યાં ગધ્ધાવહીતરું ઓછું કરાવે છે?

**શશિકલા:** શિવગૌરીબ્હેન! જ્યાં સુધી આર્થિક સ્વાતંત્ર્ય ન મળે ત્યાં સુધી લગનમાંથી બચાય એમ નથી. મારી પાસે પૈસો ન હોય ને કમાવાની શક્તિ ન હોય, તો મારે મારા કાકા પર, ને નહીં તો કોઇ પતિ પર આધાર રાખવોજ પડે ને?

**વિધુમુખી:** ( ધીમેથી બોલે છે ) એમાં પણ કેટલો અન્યાય! મારા બાપ મરી ગયા તેનો બધો વારસો મારા ભાઇઓને મળ્યો.

**શિવગૌરી:** ( જોરથી ઘાંટો કાઢી ) એમાં પણ પુરુષોનો અન્યાય છે. જો બાપની મીલકતમાં વારસો મળે તો છોકરીઓને પરણવુંજ નહીં પડે.

**ગંગાબહેન:** પણ ગરીબોની છોકરીઓનું શું થાય ? બસ કમાય, જુઓની ! હું આજે પચ્ચીશ વર્ષ થયાં કમાઉં છું. મને કોઇની પંચાત છે ?

**શશિકલા:** એ બધું ખરું. જ્યાં સુધી આપણે પરણ્યાંજ જઇશું ત્યાં સુધી આર્થિક સ્વાતંત્ર્ય માટે પણ આપણે મહેનત કરવાનાં નથી. લગ્નજ આપણાં બધાં દુ:ખનું મુળ છે.

**શિવગૌરી:** ( નિ:શ્વાસ નાંખી ) તદ્દન ખરી વાત.

**વિધુમુખી:** ( હોઠ દાબી ) તદ્દન ખરી વાત

**પીરોજા:** I agree-હું બી એમજ માનુંચ.

**ગંગાબહેન:** ( હસીને ) પણ પુરુષો સાથે કાંઇક તો સંબંધ રાખવો પડેને ?

**શિવગૌરી:** ( ઘાંટો કાઢીને ) એનો તોડ તો છેસ્તો, પણ આપણને સુઝતો નથી. ગંગાબહેન ! અફલાતુની પ્રેમ જ્યારે લગ્નનું સ્થાન લેશે ત્યારે સુખ મળશે. કવિવર નાનાલાલના જયા જયંતમાં એજ છે. પ્રેમ પણ વાસના નહીં, સંબંધ પણ લગ્ન નહીં. બન્ને છુટાં. બેમાંથી એકને માથે કાંઇ ફરજ નહીં. ફરજ ગઇ કે ગુલામગીરી ગઇ સમજજો, કે મરદો સીધા.

**શશિકલા:** ( હસીને ) નહીં તો માત્ર પ્રેરણા આપવા પુરતો સંબંધ રાખી શકાય. સ્ત્રી દૈવી છે, પુરુષ આસુરી છે; એટલે તે પુરુષ મિત્રોને પ્રેરી શકે છે. સ્ત્રીમાં ખરું સ્ત્રીત્વ હોય તો મનમાં ગમેતે હોય તો પણ તેની આગળ પુરુષો બધા પૂજ્યભાવ ધરીનેજ બેસે છે; અને તે એમની ભાગ્યવિધાત્રી જેવી એમના વિચાર ઘડે, એમની

ઊર્મિઓ નચાવે, એમની જીવનદોરી વણે. (તેજસ્વી મુખે ઉંચું જુએ છે) જોન ઓફ આર્કે પુરૂષના સ્વાતંત્ર્ય માટે કૌમાર્ય સેવ્યું; આપણે સ્ત્રીના સ્વાતંત્ર્ય માટે કૌમાર્ય કેમ નહીં સેવીએ? (શશિકલા પ્રેરણામૂર્તિ જેવી લાગે છે)

**પીરોજા:** (ગજવામાંથી નાની આરસી કાઢીને હોઠ તપાસતાં) આય મને બીલકુલ ગમતું નહીં જો. મારે તો માટીડા જોઇએ, લવ કરવા, નાચવા, ડીનર પર લઇ જવા. Your Joan of Arc is a prehistoric ideal (તમારી જોન ઓફ આ તો ઇતિહાસ પૂર્વેની ભાવના છે) એમનાં હાર્ટ (હૈયાં) બાંજીએ ટારે ખરાં.

**શિવગૌરી:** (સ્નેહભરી આંખે) તમારા કાકા શું કહે છે?

**શશિકલા:** કાકાને તો સ્ત્રીના સ્વાતંત્ર્યનું નામ ગમતુ નથી. પણ શું કરે આવતે મહીને હું એકવીશ વર્ષ પુરાં કરીશ એટલે જુદી રહીશ. પછી એમનો ને મારો રસ્તો જુદો.

**પીરોજા;** ટમારાUncle (કાકા)જુના જમાનાનું કાલબું હોસે!

**શશિકલા;** બીજી બધી બાબતમાં ઘણાજ પ્રગતિમાન છે. માત્ર આપણા દૃષ્ટિબિંદુના કટ્ટા વેરી છે.

**પીરોજા;** તો એની Missis (ધણીઆણી) ની મારફતે કેમ–

**શિવગૌરી;** (નીસાસો નાંખીને) બીચારા પરણ્યાજ નથી.

**શશિકલા:** એ તો સ્ત્રીશત્રુ છે.

**વિદ્યુમુખી:** (ખિન્નતાથી)પણ અમારાં પરણેલાનું શું? અમારે આમ ને આમ કચડાઈજ મરવું? ખરો સવાલ તો પરણેલીઓનો છે.

**શશિકલા;** તે વાત તો તમારા હાથની છે. દરેક વાતમાં પુરૂષને તમે સીધો દોર કરી શકો.

**વિદ્યુમુખી;** (જરાક મ્લાન વદને પણ કટાક્ષથી)જુઓ, દુનીઆમાં કેટલો અન્યાય? પુરૂષો ગમે ત્યાં જાય, બીજી સ્ત્રીઓ જોડે મજાહ કરે

પણ કોઇ બોલે નહીં. તમે હમણા પાડોશી જોડે બેસીને ચહા પીઓ તો દુનીઆ પીંખી નાંખે ને ઘરમાં આગ ઉઠે.

**શિવગૌવરી:** ( જોરથી )શું કરવા આપણે આ બધું સહીએ છીએ ?( નિઃશ્વાસ નાંખી )મારૂં બધું પુરુષના જુલ્મથીજ બગડયું હતું ને! પણ જે થવાનું હોય તે થાય, મેં તો નાની નાજ કહી. એ વેઠવા કરતાં મરવું સારું.( ડોળા કાઢી જોઇ રહે છે )

**વિધુમુખી;** ( ખંખારીને ) બધી બીચારીઓની એજ સ્થિતિ છે. પણ શું કરે ? પુરુષ લગ્નનાં વ્રત ભાંગે તે કાંઇ નહીં, ને સ્ત્રી.–

**શિવગૌરી:** ( મીજાજથી ) શા માટે સ્ત્રીઓ એવું વેઠે ? પુરુષ ભાંગે ત્યારે સ્ત્રી પણ ભાંગે. લેતા જાઓ. शठं प्रति शाठयम् ।

**ગંગાબ્હેન:** ( હસીને ) એટલે પોંક પડે.

**પીરોજા:** ( હોઠે રંગ લગાડીને )–તમારા વાનીઆ લોકો Brutes બ્રુત્સ–( જાનવર ) છે.

**શશિકલા:** ( હસીને ) મારા કાકા તો એને પુરુષનો જન્મસિદ્ધ હક માને છે.

**પીરોજા:** શેમ ! ( શરમ ) ( બીજાં બધાં તિરસ્કારથી જોઈ રહે છે )

**શશિકલા:** ( તિરસ્કારથી ) એ કહે છે કે પુરુષને પોતાની સ્ત્રીને ઘડવાનો સંપૂર્ણ અધિકાર છે. સારા માણસો શીખામણથી ઘડે. ખરાબ માણસો સોટીથી ઘડે.

**પીરોજા:** તમે એવનની સાથે કેમ રહી સકોચ તે મને ટો સમજાતું બી નહીં ?

**શશિકલા:** ( હસીને ) એ એવું કદી કરતા નથી. એના અભિપ્રાયજ એવા છે.

**વિદ્યુમુખી:** (મ્લાન વદને) ત્યારે શિવગૌરી બ્હેન ! પુરુષ મજાહ કરે, તો સ્ત્રીએ પણ કરવી, એમ ? (શિવગૌરી ગાંભીર્યથી ડોકું ધુણાવે છે)

**પીરોજા:** Why not ? (કેમ નહીં ?)

**ગંગાબહેન:** (હસીને) ત્યારે આપણે શું કરવું તે વીશે આપણે બધાં તો એકમત થઇ શકતાંજ નથી.

**શિવગૌરી:** શશિબહેન, તમે શું કહો છો ?

**શશિકલા:** આપણો સંઘ તો એમાં ઝાઝું શું કરી શકે ? પણ આપણે દરેક જણી સ્ત્રી સમાનતાની પયગંબર થઈ શકીએ.

**શિવગૌરી:** (જોરથી ડોકું ધુણાવીને) ખરું જોતાં આપણા શ્વાસમાંથી સ્વાતંત્ર્ય નીકળતું જોઇએ.

**શશિકલા:** આપણા દરેક આચરણમાં સમાનતાની પ્રેરણા જોઇએ.

**શિવગૌરી:** (હાથ પર હાથ ઠોકી) આપણા હાથમાં સમાનતાનું બળ જોઇએ.

**શશિકલા:** એ જીવનમંત્રને વળગી રહેવાની આપણે શક્તિ સેવવી જોઇએ.

**શિવગૌરી:** (પ્રશંસાથી) આભ તુટે પણ આપણે અડગ રહેવું જોઇએ.

**શશિકલા:** (હસીને) જ્યારે આપણા આચાર ને વિચારમાં ધાર્મિક ઝનુન આવશે ત્યારે આપણે આ ધર્મયુદ્ધમાં વિજય મેળવીશું.

**શિવગૌરી:** (રોફથી) ને ફત્તેહના ડંકા વાગશે.

**પીરોજા:** તદ્દન Right (ખરું) છે.

**શશિકલા:** જુઓની, પોતપોતાની શક્તિ પ્રમાણે દરેકને રસ્તો સુઝે છે. શિવગૌરીબહેન અકૂલાતની પ્રેમમાં માને છે. વિધબહેન શઠં પ્રતિ શાઠ્યમ્‌માં માને છે.

**વિધુમુખી:** ( વ્યંગમાં ) ને તમે લગ્નમાં માનતાજ નથી.

**શશિકલા:** ના.

**શિવગૌરી:** ને મીસ પીરોજા Breaking heartsમાં ( હૃદય ભાંગવામાં ) માને છે.

**વિધુમુખી:** ને ગંગાબહેન તો આર્થિક સ્વાતંત્ર્યમાં માને છે ને તે સેવે છે.

**શશિકલા:** દરેક પોતાનો ક્રમ પયગંબરી પ્રેરણાથી યાહોમ કરીને પુરો કરે એટલે બસ. એક ભાવનામય જીવન હજાર સભાઓથી સચોટ કામ કરશે.

**શિવગૌરી:** શશિબહેન, શાબાશ ! તમે અમારાં સંઘના ભૂષણ છો. તમે આટલી ઉમરે બધું ક્યાં શીખ્યાં ?

**શશિકલા:** ( હસીને ) એક તો મારા કાકાની વાતો પરથી. સ્ત્રી સંબંધી કાંઇ પણ તે કહે એટલે તેથી ઉલટામાં સત્ય રહ્યું હોવુંજ જોઇએ. અને બીજું કોલેજના મારા મિત્રોના અનુભવ પરથી. હું કોલેજમાં હતી ત્યારે મને બધા વીંટાઇ વળતા ને હું તેમની પ્રેરણા-દેવી તેમને નચવતી. ત્યારેજ મને આ સમજાયું.

**વિધુમુખી:** ( મશ્કરીમાં ) પણ શશિબહેન ! શું પતિ આડો ચાલે તો તમારે આડા ચાલવું ?

**શિવગૌરી:** કેમ નહીં ? એનો હક્ક ને તમારો નહીં ? ( બધાંને ચહા આપે છે )

**શશિકલા:** થેંક્યુ. કાંઇ નહીં તો એને સમજ તો પડે કે બૈરી આડી ચાલશે તો કેટલી વીસે સો થશે.

**પીરોજા:** ખરી વાત છે. Practice before preaching. મારો friend ( મિત્ર ) મને તરછોડે તે પહેલાં હું સાત વાર તેને લાત મારું. ( ચહા પીવા માંડે છે )

**વિધુમુખી:** ( મ્લાન વદને ) પણ આ તો પતિ થાય.

**શિવગૌરી:** એજ આપણી ભુલ થાય છે ને. પતિ એટલે શું ? એક માણસ-જેવાં આપણે તેવો તે—બંને સ-મા-ન. એમ ગણીશુ ત્યારેજ આપણો બળવો-

**ગંગાબ્હેન:** ( હસીને ) બેઠો બળવો

**શિવગૌરી:** ( અધીરાઇથી ) અરે બેઠો બળવો કે ઉભો કે સુતેલો. ( દૃઢતાથી ) બસ બ-ળ-વોજ. જે થાય તે સહેવા તૈઆર થવું જોઇએ.

**શશિકલા:** એનુંજ નામ ધર્મયુદ્ધ.

**શિવગૌરી:** આપણે આજથીજ શરુ કરીએ.

**પીરોજા:** મેં ટો કારનું સરુ કરી દીઢુચ.

**ગંગાબ્હેન:** ( હસીને ) મારે તો કાંઈ શરુ કરવાનું છેજ નહીં.

( ઘંટડી વાગે છે. )

**શિવગૌરી:** રામા, પહાતો કોણ આલે ? ( શશિકલાનો શોફર મોટાં બુટ ને સોનેરી બટનથી ભભકતા પહેરવેશમાં માનભેર આવે છે. )

**શોફર:** બહેન સાહેબ ! શેઠ આવ્યા છે.

**શિવગૌરી:** ( જરાક હસીને ) કોણ તમારા કાકા ?

**શશિકલા:** હા. કહે કે હું હમણા આવી.

**શિવગૌરી:** ( હસીને ) ઉપર બોલાવોને.

**શશિકલા:** ના. એ તો મને કલબમાં લઇ જવા આવ્યા છે.

**શિવગૌરી:** અરે અહીંઆ આવ્યા છે તે કાંઇ ચહા પીધા વિના જવાશે ?

**પીરોજા:** I should like to see the old Ogre. ( એ રાક્ષસને હું જોવા માંગું છું. )

**શિવગૌરી:** શેઠ સાહેબને કહે કે બાઇ ઉપર બોલાવે છે.

( શોફર જાય છે. )

**શશિકલા:** કાકા એમ નહીં આવે. (તે બારીએ જઇ તાળી પાડે છે ને હાથ વતી ઉપર આવવાની નીશાની કરે છે. શિવગૌરી લુગડું ઠીક કરે છે. પીરોજા ગજવામાંથી નાની આરસી ને પફ કાઢી પાઉડર મારી હોઠ પર રંગ લગાડે છે, ગંગા ચશ્મા સાફ કરે છે. વિધુમુખી વાળ ઠીક કરે છે.)

**પીરોજા:** તમારા father (પિતા)ના મોટા ભાઈ કે નાના?

**શશિકલા:** (હસીને) એ તો મારા પિતાના ભાગીઆ થાય છે. પણ તે મારી નાની ઉમરે ગુજરી ગયા એટલે એમણેજ મને ઉછેરી છે.

**પીરોજા:** (નીસાસો નાંખીને) I wish I had a shamefully rich uncle like yours (તમારી માફક શરમ લાગે એટલા પૈસા હોય તેવા કાકા મને હોત તો સારૂં.)

(બારણા ને સોફા વચ્ચે ઉભી રહી શશિકલા એક પગ પરથી બીજા પગ પર ઉભી રહે છે. વાતાવરણમાં અધીરાઇ પ્રસરી રહે છે ને કોઇ ચહા પીતું નથી. થોડી વારે મનહરલાલ બારણામાં આવે છે ને બધી સ્ત્રીઓ ઉભી થાય છે. મનહરલાલે સુરતી પાઘડી, બંધ કોલરનો કાળો કોટ, ધોળી પાટલુન ને કાળાં બુટ પહેર્યાં છે. તે ચાલીસથી પીસતાલીસ વર્ષનો દેખાય છે, તે ઉંચો છે ને ગૌરવર્ણો છે. તેનું મુખ ગંભીર છે, આંખો મોટી ને મમતાળુ છે. તેની ચાલમાં ગૌરવ છે, તેની આંખના તેજમાં મજાક છે. તે શશિકલાને જોઇ હસે છે.)

**શશિકલા:** (આગળ જઇને) આવો કાકા! આ બધાં તમને મળવા માંગે છે.

**મનહરલાલ:** (મજાકભર્યા અવાજથી) પણ મારે ત્રણ દાદર ચઢવું પડયું તેનું કાંઈ? નમસ્કાર. (હાથ જોડે છે.)

**શશિકલા:** મીસ પીરોજા—આર્ટીસ્ટ છે.

**પીરોજા:** (હાથ લંબાવીને) How do you do? (કેમ છે?)

**મનહરલાલ:** ( હાથ જોડીને હસે છે ) હું તો જોગમાયાઓને દૂરથીજ નમસ્કાર કરું છું. ( બધા હસવામાં વિનય માની હસે છે.)

**પીરોજા:** ( સ્વગત ) Idiot! I will break his heart ( મૂરખ ! એનું હૈયુંજ ભાંગી નાખીશ.)

**શશિકલા:** આ શિવગૌરીબ્હેન મોતીરામ ડેપ્યુટી સુપ્રીટેંડંટના બહેન—અમારા સંઘના મત્રી છે.

**મનહરલાલ:** ( હાથ જોડીને ) તારા સંઘના ! ( હસીને ) સ્રીને મુછો ઉગાડવાનો સંઘ કે ?

(બધાં જરા કચવાય છે. પણ આવા મોટા માણસની મજાકો હાસ્યથી સ્વીકારી બધાં આતિથ્ય કરે છે )

કેમ છો ? મોતીરામને હું સારી રીતે ઓળખું છુ.

**શિવગૌરી:** ( મીઠાશથી હસીને ) કેમ, હું પણ તમને બેત્રણ વખત મળી હતી. બેસો. અંહીઆં આવ્યા ને ચાંગળુ ચહા પીધા વિના જવાય કે ?

**શશિકલા:** આ વિધુબ્હેન—

**મનહરલાલ:** કુંદનની વહુને તું શું ઓળખાવની હતી ? કેમ છો ? (જવાબમાં વિધુમુખી હસે છે )

**શશિકલા:** આ ગંગાબહેન. વાણીઆ હિતવર્ધક સભાની શાળાનાં મુખ્ય મહેતીજી છે.

**ગંગા બ્હેન:** જય શ્રી કૃષ્ણ.

**મનહરલાલ:** જય જય બ્હેન. કેમ છો ? (બેસે છે)

**શિવગૌરી:** ( ચહા આપીને મીઠું હસે છે ) મનહરલાલ શેઠ, તમે વાલકેશ્વર પર રહો છો નહીં ? એક દહાડો શશિબહેનને મળવા હું આવવાની છું.

**મનહરલાલ:** મારે ત્યાં શશિને મળવા આવવું હોય તો આ મહીનામાંજ આવજો. આવતે મહીને એ જુદી રહેશે.

**શિવગૌરી:** કેમ ?

**મનહરલાલ:** એને એકવીસ વર્ષ પુરાં થાય એટલે એ એને ઘેર ને હું મારે. (હસીને) આવી ખળવાખોર છોકરી મારે કેમ પાલવે?

**પીરોજા** શેટ! અમે સાંભલીઉંચ કે ટમે બૈરાના કટ્ટા વેરી છેવ. એમણે ટમારૂં શું બગારીયુંચ વારૂં!

**મનહરલાલ:** ( મજાકમાં ) ઘણુંજ માયજી! મારી માએ મને જન્મ આપ્યો ને મરી ગઇ–મને પુછ્યા વિના. મારી એક બહેન હતી તે પરણી ગઇ–તે પણ મને પુછ્યા વિના. ને શશિ પણ સફ્રેજેટ થઈ ગઈ–મને પુછ્યા વિના. (બધાં હસે છે) બીજી કોઇ સ્ત્રીના સમાગમમાં તો હું આવ્યો નથી.

**શિવગૌરી:** ( લળીને ) શેઠ! તમે પરણ્યા કેમ નહીં?

**મનહરલાલ:** ( હસીને ) એક તો મને પરણવાનો વખત નથી (બધાં હસે છે) ને શશિ કહે છે તેમ હું સ્ત્રીશત્રુ છું. મારે જોઇતી બૈરી જડતી નથી.

**શિવગૌરી:** ( ઝીણી આંખો કરી હસીને ) શી વાત કરો છો?

**મનહરલાલ:** ( ગાંભીર્યથી ) તદ્દન ખરી વાત. મારે જોઇતી સ્ત્રીને કોઈ જન્મ આપતું લાગતુંજ નથી.

**વિધુમુખી:** ( હસીને ) એમ કહોની કે તમારે પરણવુંજ નથી. તમે ધારો તો જોઇએ તેટલી સ્ત્રી મળે.

**મનહરલાલ:** તમારા વર્ગની સ્ત્રીને હું શું કરું ?

(બધાં હસે છે)

**શિવગૌરી:** ( આંખોમાં અગ્ની લાવી ) કેમ, શું કરું કેમ? બીજા બધા શું કરે છે?

**મનહરલાલ:** તે પ્રભુ જાણે! પણ તેને પરણી હું શું કરું તે સમજાતું નથી. બીચારીને મોઢું રંગવામાં મારી સાસું જોવાની, ને

કપડાં ઠેકારવામાં મારી તબીએત પુછવાની ફુરસદ ન મળે; પર પુરુષને પોતાની બુદ્ધિનો ભભકો દેખાડવામાં મને રીઝવવાની પળન મળે; પોતાના હકક સાબીત કરવામાં પોતાનાં કર્તવ્યની પરવા ન મળે.

**પીરોજા:** You are a savage. ( તમે જંગલી છો. )

**મનહરલાલ:** (ગાંભીર્યથી) જંગલી શા માટે ? ઉરાંગ ઉટાંગ કહેશો તોએ ચાલશે. પણ સ્ત્રી મારે પરણવી છે ને.

**શિવગૌરી:** પણ શેઠ, પહેલા શું સ્ત્રીઓ ઘરેણાં લુગડાં નહોતી પહેરતી ?

**મનહરલાલ:** પહેલાં પહેરતી હતી એક જણને–માલીકને–માટે; તેનું રંજન કરવા.

**પીરોજા:** Shame! ( શરમ )

**મનહરલાલ:** હવે સ્ત્રી રૂપ ધરે છે, વસ્ત્ર પહેરે છે સમસ્ત જનમંડળનું રંજન કરવા. મારે તો મારે માટે વસ્ત્ર સજે, ને રૂપ સમારે એવી સ્ત્રી જોઇએ છે.

**શિવગૌરી:** ( હસીને ) તમે તો હદ કરો છો ! તમે તો મોગલ બાદશાહ જેવું કરવા મથો છો, (સ્વગત) બોલે છે ગમે તે પણ માણસ છે ફક્કડ.

**વિધુમુખી:** ત્યારે સ્ત્રીઓના હકકની વાત તો તમે સાંભળોજ શાના?

**મનહરલાલ:** (હસીને ) મેં શશિ પાસે એ હક્કોનું દાસ્તાન એટલું સાંભળ્યું છે કે મારા કાન બહેરા થઇ ગયા છે. તમારી શક્તિઓની કીંમત કરાવવાના સમાન હકક ખરા–પણ મારી શક્તિનું આખું પોચું અનુકરણ કરવાના નહીં. હમણાં તો સમાન હક્ક એટલે પુરુષને પરણવું ખરું, પણ તેનાં છોકરાં ન જોઇએ; તેના પૈસા વાપરવા ખરા, પણ તેની મરજી પ્રમાણે નહીં–

**પીરોજા;** Oh dear!

**મનહરલાલ:** છોકરાં પારકા પાસે ઉછેરાવવાં, પણ પોતે ઉછેરવાં નહીં; પતિને સુખી કરી સુખી થવું નહીં, પણ પોતે દુઃખી છે એમ માની દુઃખ દેવું. (હસીને) તમારી અર્વાચીન સ્ત્રીઓ અંગારાની માફક માત્ર ચમકે છે, અને પોતાની ને પારકાની રાખ કરી મુકે છે. તેમને જોઇ મને તાવ આવે છે. (હસીને) કાલે ઉઠીને મને ત્રણ આંખો ને બે નાક નથી માટે પણ શશિ તકરાર ઉભી કરે તો કહેવાય નહીં.

**વિધુમુખી:** ત્યારે કોઈ જુની સ્ત્રી પરણી લાવોને; તે તમને ગમશે.

**મનહરલાલ:** (મજાક ભર્યા અવાજે) જુની સ્ત્રી જોઇને પણ મને એવોજ ટાઢીઓ આવે છે. એક તો એ ઢીંગલી જેવડી મળે, ને મારે ઢીંગલી જેવી રાખવી પડે. તે બોલે તો કાન ફાટે ને ચાલે તો ધરણી ધ્રુજે. અથાણાં છોકરાની માવજત કરતી પરવારેજ નહીં, કે મારી પાસે આવે. સાથે બેસી વાત કરવા જતાં મારી મુછમાં જુ ભરાઈ જાય તે જુદી. અને જોઇતું એવું ઝપ દઇને કરી મુકે કે સંચો પણ વધારે માણસાઇવાળો લાગે. આખો વખત જાણે કુતરાની પુંછડીએ ઈંટ બાંધી હોય એવો હું લાગું.

(બધાં હસી પડે છે)

**શશિકલા:** (ખુબ હસીને) કાકા! તમારે માટે પરમેશ્વરે સ્ત્રી ઘડીજ નથી.

**મનહરલાલ:** (મીઠાશથી હસીને) તેમાંજ બહેન! આમ બેઠો છું ને–

**ગંગા બહેન:** ત્યારે કોઈ આધેડ વયની સારી પ્રતિષ્ઠિત સ્ત્રી કેમ નથી પરણતા?

**મનહરલાલ:** એટલે પહેલેજ દહાડે એના પુરાણા અનુભવનો મને લાભ આપેઃ તમારું આ સારું નથી ને પેલું સારું નથી. ના, બહેન, ના.

**શિવગૌરી:** (હસીને) હું જાણું છું તે તમારા જેવાને શું જોઇએ છે.

**મનહરલાલ:** હું પણ જાણું છું, પણ તે જડતું નથી.

**શિવગૌરી:** (આંખોમાં મીઠાશ આણીને) તમારા જેવાને અફ્લાતુની પ્રેમ જોઇએ. Platonic Love વાસના વગરનો પ્રેમ–દેહલગ્ન વિનાનાં પ્રેમલગ્ન ! કેમ ખરું ને ?

**મનહરલાલ:** શશિ નાની હતી ત્યારે મેં એક ખાંડનો હાથી લાવી કાચના કબાટમાં રાખ્યો હતો. એ રોજ કબાટ પાસે જઇ હાથી ગળ્યો લાગશે એમ કલ્પના કરી જીભ વવળાવ્યા કરતી. મારે જીવ વવળાવવાને સ્ત્રી નથી જોઇતી. મારે તો જાગતી જોત સ્ત્રી જોઇએ છે !

**પીરોજા:** You are hard to please. Try a statue. (તમને રાજી કરવા ઘણું અઘરું છે. એક પથ્થરનું પુતળું લાવો)

**વિધુમુખી:** પણ પછી તમારા પૈસાનું શું થશે ?

**મનહરલાલ:** હું વીલ કરી જવાનો છું કે મારા મરણ પછી વાંઢાઓ માટે એક હોટેલ ખોલવી. જેને જોઇતી સ્ત્રી ન મળે તે ત્યાં આવીને મોજ કરે.

**ગંગા બહેન:** પછી દુનીઆ કેમ ચાલશે ?

**મનહરલાલ:** (ખુરસી પરથી ઉભા થતાં) તમે માંગોછો તે હક્ક મળશે ત્યારે ચાલશે તેનાથી સારી રીતે ચાલશે. હવે હું જાઉં ? ઘણો વખત થયો. શશિ, આવે છે કે ?

**શશિકલા:** ( આંખો નચાવીને ) આજે તમે અમને એટલી ગાળો દીધી છે કે મારે આવવું કે નહીં આવવું તેનો વિચાર કરું છું.

**મનહરલાલ:** ( ભાવથી હસીને ) તું મને મોટરમાં ગાળ દેજે એટલે સારું વળી રહેશે.

**શિવગૌરી:** ( મનહરલાલ સામુ હસીને ) વાંધો નહીં હોય તો ચાલો હું પણ આવું. ( ઉભી થાય છે,)

**મનહરલાલ;** ( હસીને ) મીસ પીરોજાને અને ગંગાબ્હેનને પણ શશિ, લઇ જાની.

**શિવગૌરી:** કેમ, તમે નથી આવતા ?

**મનહરલાલ:** ના. હું તો ચાલીનેજ જવાનો છું.

**શશિકલા:** ( હસી પડીને ) ચાલો, હવે નક્કી કરો. કોણ આવે છે ને કોણ નથી આવતું ?

**મનહરલાલ:** ( મજાકમાં ) સ્ત્રીને પુરુષ બનાવવાની આખી સભા લઇને હું ક્યાં જાઉં ? તારે જવું હોય તો જા.

**પીરોજા;** મારી ટુ સીટર છે. ચાલો મારી જોડે.

**મનહરલાલ:** ના રે ! Thank you !

**શશિકલા:** ( હસીને ) હું, કાકા ને વિધુબ્હેન જઇએ. તમે બધાં બેસો. ચાલો.

**મનહરલાલ:** આશા છે કે કોઇને ખોટું નહીં લાગ્યું હોય. શશિ કહે છે તે ખરી વાત છે. હું સ્ત્રીશત્રુ છું. મને કોઇએ બોલાવવોજ નહીં.

**શિવગૌરી:** અમે તમને અમારા પક્ષમાં લઇશું ત્યારેજ રહીશું. ગભરાશો નહીં.

**મનહરલાલ;** ત્યારે પ્રભુ જાણે મારું શું થશે ? ચાલો જય જય. સાહેબજી. ( જાય છે. )

**શિવગૌરી:** શશિબ્હેન, કાલે ઘેર છો કે ? હું આવવા ધારું છું.

**શશિકલા;** જરુર ! ( જાય છે )

**વિધુમુખી:** સાહેબજી ( જાય છે )

**પીરોજા:** What an idiot! ( કેવો મૂર્ખ છે ! )

**શિવગૌરી:** 'ઇડીઅટ' કાંઈ નથી. શું એની બોલવાની રીત છે ? સ્ત્રીઓનો શત્રુ છે ખરો, પણ કેવો આનંદી છે !

**ગંગાબ્હેન:** પૈસાદાર છે તેમાં બધાં સાંભળી રહે છે. નહીં તો એવું સંભળાવી દેત!

**શિવગૌરી:** એ વળી બીજી ચાર સંભળાવત.

**પીરોજા:** ચાલો, ટારે સાહેબજી! ગંગાબ્હેન ચાલો, થેંક્યુ. (ઉપકાર થયો) શિવગૌરી બહેન, ગુદ આફ્તરનુન. (જાય છે)

**ગંગાબ્હેન:** ચાલો હું જાઉં છું. (જાય છે)

**શિવગૌરી:** (બારીએથી જોઇને) Wonderful man! (અજાયબીભર્યો પુરુષ) કેવો સરસ માણસ છે! (બેસી જઇને ઉંચું જુએ છે) કોઇક આવા સાથે અફ્લાતુની પ્રેમ થાય તો મારા ભવની ભાવટ જાય. અફ્લાતુની પ્રેમ! કેવો ભવ્ય આદર્શ!... (વિચાર કરે છે) આત્માનું ઐક્ય પણ દેહ સદાએ નીરાળા...આત્મામાં આત્મા પરોવાય પણ–(હસે છે) મારું તારું નહીં ને છતાં એકબીજાથી પરાધીન નહીં...લગ્નનો આનંદ પણ જવાબદારી નહીં. (ઉઠીને આરસી તરફ જુએ છે) એક બીજાની કરલતામાં વીંટાઇ–(હસીને) અલબત્ત આધ્યાત્મિક રીતે–જીવનમાં વિહાર કરતી જયા જયંત સમોવડી શુદ્ધ ને સાત્વિક રસએલડી! (ઘંટડી વાગે છે.) એ મુઉં કોણ આવ્યું? ઘડી કોઇને જંપવા દો. રામા! પહા કોણ આહે? (ડોળા કાઢી જોઇ રહે છે)

(દુર્લભરામ લાકડી ઝાલી આવે છે. તે ઉંચા, સુકા ને ઘરડા છે. તેની આંખો મોટી ને વિકરાળ છે. તેની મુછો લાંબી છે ને અવારનવાર તે ગુસ્સામાં બોલતા હોય ત્યારે ફરફરે છે. જવાબમાં સદાએ પહેલા એકબે શબ્દો ચાવી ચાવીને બોલવાની ટેવ છે)

**દુર્લભરામ:** કેમ છોકરી? (લાકડી મુકી બેસે છે)

**શિવગૌરી:** (કચવાઇને) કેમ ફાકા?

દુર્લભરામ: (ગુસ્સાભરી રીતે) આ બધું લશ્કર તારે ત્યાંથી ઉતર્યું કે? ચાર ચોટલા અહીંઆ ભેગા થયા હતા કેમ? હેં!

શિવગૌરી: (બીજાજથી) તેમાં તમારું શું ગયું?

દુર્લભરામ: (લાકડી પકડીને શબ્દો ચાવીને બોલે છે) મારું... મારું...મારું શું ગયું? મારું નહીં જાય તારે જાય કોનું? તારા બાપની આબરુ જાય તે મારા ભાઇની કે કોઈ બીજાની? છોકરી! આ ચાળા-ચસ્કા ક્યારે છોડી દે છે, બોલ! (ડોળા કાઢીને) હવે સાસરે ક્યારે જાય છે તે બોલની! આમ મુદ્દાની વાત પર આવની.

શિવગૌરી: (સામું ખુરસી પર બેસી જોરથી હાથ ઠોકે છે) કાકા! હું તમને હાથ જોડું મારા બાપ! હું મરી રહી છું તેને મારો છો શું કરવા?

દુર્લભરામ: ઓહોહો! મોટી મરેલી નહીં જોઇ હોય તો! ચાર વાઘ ધરાય એવી માની તાતી છેને (ચાવીને) "હું તો મરેલી છું." ચાલ, છોકરી! લવરી બહુ થઇ. આજ પાંચ વર્ષ થયાં હું રંગુન હતો એટલે બધું ચાલ્યું ગયું. તું સાસરે ક્યારે જાય છે તે બોલની; પછી બધી વાત.

શિવગૌરી: (ડોળા કાઢીને) મારી મરજીમાં આવશે ત્યારે જઇશ, તેમાં તમારું શું જાય છે? હું કોઈની ગુલામ...

દુર્લભરામ: (લાકડી જોરથી ઠોકે છે ને શબ્દો ચાવીને બોલે છે) ગુલામ-ગુલામ-ના, ના તું તો ગુલામ નહીં! (ધાંટો કાઢીને) અરે સાડી સત્તરસો ને સાત વાર ગુલામ. તું તે બૈરી છે કે બંદુકડી? ગુલામ! તારી મા સાસરે ગઈ હતી કે નહીં? ને તારી દાદી તો કુંવારી મરી ગઇ હશે કેમ? નહીં વારુ? જો હવે હું મુંબઇ આવ્યો છું હોં. સવેળા ચાલવા માંડ, નહીં તો કાન પકડીને લઇ જઇશ. ઈંદ્રજિત પણ બાયલો મળ્યો છે તો! બાયડીની જાતને છૂટી ફરવા દે

છે! હાથમાં છરી ઝાલવાનુંએ જોર નથી કે તારું ઝટ દઈને નાક કાપી નાંખે.

**શિવગૌરી:** (રુમાલથી આંખો લુછીને) હા. કાપે કાપે, રસ્તામા પડી છું! (ઘંટડી વાગે છે) કાકા! કોઇ આવ્યું.

**દુર્લભરામ:** તેમાં મને શું? કોઇના બાપથી ડરું છું કે?

(મોતીરામ આવે છે)

**મોતીરામ:** કોણ કાકા?

**દુર્લભરામ:** (તોછડાઇથી) હા. ચાલ તું પણ આવ્યો તે ઠીક થયું, બેસ મોતીઆ! આ શું લઈ બેઠો છે.? આ છોકરીને સાસરે કેમ જવા નથી દેતો?

**મોતીરામ:** (પટો ઠીક કરી) કાકા! તમે શું જાણો? એ કુતરાનું નામ જવાદો. હું તો એમજ સમજું છું કે મારી બ્હેન રાંડીને જ બેઠી છે કુતરાને ત્યાં તો નહીં જાય, નહીં જાય ને નહીંજ જાય!

**દુર્લભરામ:** (ડોળા કાઢીને શબ્દો ચાવે છે.) રાંડીને—રાંડીને—એ–રાંડીને બેઠી છે! તો ઓ ભત્રીજા મારા! આ ચોટલો ચાંલ્લો કેમ રાખ્યાં છે? બોલાવ, તારા હજામને બોલાવ રાંડીને બેઠી છે! એનો માટી તો બાર વર્ષનો બેઠો છે, ને કાંઇ જરા શરમ આવે છે, શરમ? તમે તો પગના છેડા બધા માથા પરજ મુકયા છે, પણ બાપ કાકાની આબરુની પણ કૈં પરવા પડી છે કે નહીં? એ પંચાત હવે નહીં ચાલે. હું અહીંઆ આવ્યો છું.

**મોતીરામ:** પણ કાકા? એ કુતરો બહુજ ખરાબ છે.

**દુર્લભરામ:** (ચાવીને) ખરાબ...ખરાબ...ખરાબ! મરદ જેવો મરદ છે ને તને ખરાબ પડયો ભાઇ? લો, બોલ્યા 'ખરાબ છે.'

**મોતીરામ:** એનો બીચારીનો સંતાપી સંતાપીને જીવ લીધો.....

**દુર્લભરામ:** (ચાવીને) સંતાપ! સંતાપ કોને નથી? તને નથી? મને નથી?

**કુંદનલાલ:** મોતીરામ! સાહેબજી! જય જય! શિવગૌરીબહેન!

**દુર્લભરામ:** (કુંદનલાલને હાથથી ખેંચીને) અરે ચાલો, મારા વકીલ સાહેબ, ચાલો.

(બંને જાય છે)

**શિવગૌરી:** પરમેશ્વર મને આ ત્રાસથી ક્યારે બચાવશે?

**મોતીરામ:** (ઉંચું જોઇને) મને પણ ક્યારે બચાવશે?

**શિવગૌરી:** (ગુસ્સે થઇને) ભાઈ, તમને શું ઓછું બળ્યું છે કે એમ બોલો છો?

(પડદો પડે છે.)

## પ્રવેશ બીજો

(સમય: બીજા દહાડાની સવાર.

સ્થળ: ઈંદ્રજિત માસ્તરના ચાર ઓરડામાંની દીવાનખાનાના નામથી વિખ્યાત ઓરડી. એક લખવાનું ટેબલ, ચાર લાકડાની ખુરશી ને એક આરામ ખુરશી એટલેથીજ આ ખંડ ભરાઈ ગએલો લાગે છે. ટેબલ પર એક નાનો ઘડીઆળનો ડબ્બો ને ખુણામાં એક લાલ ગલેફધારી તંબુરો પડયો છે; થોડીક ચોપડીઓને સ્વચ્છ પુઠાં ચઢાવી એક હવરાઈ પર મુકવામાં આવી છે; બારીની પાસે આરામ ખુરશી પર સુક્કા, નાના, તાવ ને ચશ્માવાલા ઈંદ્રજિત પગ પર પગ ચઢાવી શાંકરભાષ્ય શાંતિથી વાંચી રહ્યા છે. તેની આંખો ઝીણી ને નિસ્તેજ છે, ને હોઠ પાતળા ને ગરીબડા છે. તે હસે છે ત્યારે ફીકકું હસે છે ને બોલે છે ત્યારે દયા યાચતા હોય એમ બોલે છે. તેણે એક મલમલનું પહેરણ પહેર્યું છે, ચીપીને ધોતીઉં પહેર્યું છે. કપાળે ભસ્મ કરી છે. શિખા ખભા પર રહે એમ છુટી મુકી છે. કોઇ શિલ્પીએ તેમની મૂર્તિ ઘડી હોય તો તેની નીચે 'અહિંસામય જીવન' એ નામ લખી શકાય. તે વાંચ્યા કરે છે. ગંગાબહેન મહેતી જે તેજ માળે એક ઓરડીમાં રહે છે, તે હાથમાં ગીતા લઇ આવે છે.)

**ગંગાબહેન:** (પ્રશંસાથી જોઇ રહીને) કેમ, માસ્તર સાહેબ! કેમ છો?

**ઈંદ્રજિત:** (ધીમેથી પુસ્તક બંધ કરે છે, ઉંચું જુએ છે ને હસે છે) ગંગા બહેન! આવો! (ઉભા થાય છે)

**ગંગાબહેન:** બેસો, ભાઇ. આજે રસોઇઓ આવ્યો છે કે? (સામું ખુરશી પર બેસે છે)

ઇંદ્રજિત: (બેસી જઇ ચોપડીમાં મોઢું ઘાલી પાછું ઉંચું જુએ છે) હા. (વાંચે છે)

ગંગાબ્હેન: (ગીતા ઉઘાડીને વાંચે છે) હું કોને મળી હતી વારુ ? –ધારો–

ઇંદ્રજિત: (નીસાસો નાંખી ચોપડીમાંજ જોયા કરે છે) હું ધારી શકું છું.

ગંગાબ્હેન: (થોડી વાર વાંચીને) ભાઇ, બહુ કલંઠ છે.

ઇંદ્રજિત: (વાંચતા વાંચતા નીસાસો નાંખીને) હું જાણું છું, બ્હેન ! (મુગા મુગા વાંચ્યા કરે છે)

ગંગાબ્હેન: (વાંચતા) આજે મેં ઢોકળાં કર્યાં છે. હું મોકલાવીશ.

ઇંદ્રજિત: (વાંચતા) વારુ.

ગંગાબ્હેન: (વાંચતા) એની તમારે આશા રાખવા જેવી નથી.

ઇંદ્રજિત: (વાંચતા નીસાસો નાખીને) બહેન, એ બાબતમાં હું આશા રાખતોજ નથી. (થોડી વાર બન્ને વાંચ્યાં કરે છે) બહેન ! મારી જીંદગી તો પુરીજ થઇ ગઇ. (નીસાસો નાંખે છે)

ગંગાબ્હેન: (વાંચતા નિશ્વાઃસ નાંખી) હા, ભાઇ ! હું જાણું છું.

(બંને થોડી વાર વાંચે છે. કવિ ગૌરીશંકર દાખલ થાય છે. તે જરા સશક્ત ને ઉંચો માણસ છે. તેનું કપાળ તરતું છે, આંખો ઉંડી છે. તેના મુખ પર અભિમાન છે ને આંખોમાં તુમાખી છે.)

ગૌરીશંકર: (આવીને ઘાંટો કાઢીને) માસ્તર ! તમારી પાસે મારું 'પ્રિયતમાને આરતી' છે તે આપોને.

ઇંદ્રજિત: (ઉંચું જોઈને હસે છે) ભાઈ! મેં હજુ એ વાંચ્યું નથી, વાંચીને મોકલાવીશ.

**ગૌરીશંકર:** (અધીરાઇથી) મને હમણાં જોઇએ છે. મારે એ શશિબહેનને આપવું છે- એ હેઠળ આવ્યાં છે.

**ગંગાબહેન:** કોણ શશિકલા બહેન? પેલા મનહર શેઠનાં ભત્રીજી?

**ઇંદ્રજિત:** એ કોણ છે?

**ગૌરીશંકર:** (આંખમાં તેજ આવે છે) શશિબહેનને નથી ઓળખતા? ભવ્ય સ્ત્રીત્વના અવતાર સમાં એ સંસ્કારમૂર્તિ જોવાં ને જાણવા જેવાં છે. (છાતી ફુલાવે છે.)

**ગંગાબહેન:** અહીંઆ ક્યાં તમારી ખોલીમાં છે? ઉભા રહો હું મળતી આવું. મને પણ ઓળખે છે. (ઉઠીને જાય છે.)

**ઇંદ્રજિત:** (ઉભો થઇ ટેબલનાં ખાનામાં ખોળે છે) એ બી. એ. છે, નહીં? ક્યારે બી. એ. થયાં?

**ગૌરીશંકર:** ગઇ સાલ. એમની વિદ્વત્તાની વાત શી કરવી? વિદ્યા એમની વાણીમાંથી ઝરે છે; ને નયનોમાંથી નીતરે છે, સદાય પ્રેરણા.

**ઇંદ્રજિત:** (ટેબલનું ખાનું ખંખોળતાં) કોની છોકરી છે?

**ગૌરીશંકર:** પિતામાતા ગુજરી ગયાં છે. એના કાકા મનહરલાલ શેઠને ત્યાં રહે છે.

**ઇંદ્રજિત:** (હજી કાવ્ય જડયું નથી) પરણ્યાં છે કે કુંવારાં?

**ગૌરીશંકર:** (ગર્વથી) કૌમાર્યવ્રત લીધાં છે એમણે.

**ઇંદ્રજિત:** (નીસાસો નાંખીને) પૈસાદાર છે?

**ગૌરીશંકર:** હા. ને એના કાકા પણ ઘણા જ પૈસાવાળા છે. (હસીને) એનો વારસો પણ એમના શીવાય કોને મળવાનો છે?

**ઇંદ્રજિત:** આ જડયું. (ઇંદ્રજીત કાવ્ય આપી બેસે છે-)

**ગૌરીશંકર:** લાવો.

(ગંગા ને શશિકલા આવે છે. ઇંદ્રજિત હાથમાં ચોપડી સાથે ઉભા થાય છે. ગૌરીશંકર હસુંહસું થઇ જાય છે.)

**ઇંદ્રજિત:** આવો બહેન!

**ગંગાબહેન:** આ ઇંદ્રજિતભાઇ માસ્તર સાહેબ; શિવગૌરી બહેનના વર. (ઇંદ્રજિત સખેદ જોઇ રહે છે)

**શશિકલા:** (ઇંદ્રજિતને) કેમ છો ? ગૌરીશંકર ઘણી વખત તમારી વાત કરે છે.

**ઇંદ્રજિત:** (ફીકકું હસીને) તમે આવ્યાં તો મારું ઘર પાવન થયું.

**ગૌરીશંકર:** શશિબહેન ! આ મારું કાવ્ય. (આપે છે)

**શશિકલા:** (હસીને) "પ્રિયતમાને આરતી" ! આમ ને આમ લખ્યા જશો તો તમે બધાને ટક્કર મારશો. ગંગાબહેન, ખબર છે કે ? ગૌરીશંકર તો મોટા કવિ છે—બહુ સુંદર લખે છે. (ગૌરીશંકર મલકાય છે)

**ગંગાબહેન:** ગૌરીભાઇ કવિ છે તે મને ખબર છે. પણ મેં એમનું કાંઇ વાંચ્યું નથી.

**ઇંદ્રજિત:** બેસો, બેસો. (ચસ્મા સાફ કરે છે) બહુ આનંદ થયો. કવિરાજ, બેસો. શશિબહેન ! ખુશી તો ખરાં !

**શશિકલા:** માસ્તર સાહેબ ! એ પણ કેવું કે પરમ દહાડેજ હું શિવગૌરી બહેનને મળી. (ઇંદ્રજિત પર ગ્લાનિ છવાય છે) તમે એમને બોલાવતા નથી એ બહુ ખોટું કરો છો.

**ગૌરીશંકર:** શશિબહેન ! એતો ઘણી લાંબી વાત છે. અમે બધાં ચાલવાળાં માસ્તરને કેટલાએ વખતથી કહીએ છીએ કે શિવગૌરી બહેનને બોલાવો.

**શશિકલા:** (મીઠી દૃષ્ટિ કરીને) સ્ત્રીને તમારા જેવા એમ ત્યાગે ત્યારે બીજા કોને કહીએ ? કેળવાએલા માણસોએ તો સ્ત્રીઓને સન્માન આપવું જોઇએ.

**ઇંદ્રજિત:** (કાંપતા હોઠ બીડીને) હું ક્યાં ના કહું છું ? (નીસાસો નાંખે છે)

**ગૌરીશંકર:** એમ નહીં માસ્તર ! [illegible] કરતાં કેટલાં વર્ષ થયાં ?

**ઇંદ્રજિત:** (ઝીણી આંખો મોટી કરીને) એક દહાડો લઇ આવીશ. (દીલગીરીભરી આંખે જોયાં કરે છે.)

**શશિકલા:** બીચારી કોઇ હિંદુ સ્ત્રી ના કહે ? તમને પુરુષોને સ્ત્રીહૃદય સંતોષતાં આવડતું નથી.

**ગૌરીશંકર:** શશિબહેન ! સામાન્ય રીતે પુરુષો નવી સ્ત્રીઓનાં હૃદયની ઊર્મિઓ સમજવાની તસ્દી લેતા નથી.

**ગંગાબહેન:** દોઢવાંક વગર કાંઈ ખડભડાટ થાય. ?

**શશિકલા:** માસ્તર સાહેબ ! ગઇ ગુજરી જવાદો ને એ કામ મને સોંપો. હુ શિવગૌરીબહેનને સમજાવીશ.

**ઇંદ્રજિત:** (નિરાધાર જેવો) હું કયાં ના કહુ છું ? કેમ, ગૌરી-ભાઇ ! મેં કોઇ દિવસ ના કહી છે ?

**ગૌરીશંકર:** (ગર્વથી) માસ્તર ! બેફીકર રહો. શશિબહેન ધારશે તો કરશે. એમનામાં અદ્‌ભુત પ્રેરણાશક્તિ છે.

**ગંગાબહેન:** એટલું જોજો કે પેટ ચોળીને શૂળ ઉભી નહીં થાય.

**શશિકલા:** નહીં થાય. ગંગાબહેન ! ઘણી વાર લોકો ગેરસમજથી એક બીજાના દુશ્મન થાય છે. આજેજ સાંજે શિવગૌરીબહેન મારે ત્યાં આવવાનાં છે. ગૌરીશંકર ! ત્યારે તમે પણ આવજો. માસ્તર સાહેબ ! સ્ત્રીઓને સમજવાનો પ્રયત્ન કરો.

**ઇંદ્રજિત:** (દયાજનક રીતે) બહુ કર્યો.

**શશિકલા:** નવી સ્ત્રીઓનાં જેમ હૃદયો નવાં છે, તેમ એમની અભિલાષાઓ પણ નવી છે. એમને પણ આત્મવિકાસ જોઇએ છે–એટલુંજ જો પુરુષો ધ્યાનમાં રાખે તો આ બધી ગડબડ શમી જાય. ચાલો, માસ્તર સાહેબ ! હું જાઉં છું. (બધાં ઉભાં થાય છે. દુર્લભરામ ને વલ્લભરામ દાખલ થાય છે. વલ્લભરામ જાડા, ઠીંગણા ને કાળા છે.

તે બોલે છે થોડું ને ઘુરકે છે વધારે, ને ગાલમાં પાનનો ડુચો ભરી સમસ્ત જનતા તરફ મૂક કંટાળાથી સદા જોયાં કરે છે.)

**દુર્લભરામ:** ઈંદ્રિજિત છે કે? (બધાં સામું ઘુરકે છે. વલ્લભરામ તબીએત વાળી ઈંદ્રિજિતની સામું જોઇ ઉભા રહે છે) ને આ બધા કોણ છે? આ બાઈ સાહેબ કોણ? (શશિકલા સામું જોઇ રહે છે.)

**ઈંદ્રિજિત:** આવો દુર્લભરામભાઇ! આવો કાકા!

**દુર્લભરામ:** (આવીને) પણ આ બાઇ સાહેબ કોણ છે?

**ઈંદ્રજિત:** (ધ્રુજતાં ચશ્માં ખેંચી કાઢીને સાફ કરે છે) એ–

**શશિકલા:** (ગર્વથી) કેમ શું કામ છે? સાહેબજી (જવામાંડે છે, દુર્લભરામ બેસે છે. વલ્લભરામ ટેબલ પરના કાગળો જુએ છે)

**ગૌરીશંકર:** (શશિકલાને, મોઢું મીઠું રાખીને) શશિબહેન! હું સાંજે આવીશ.

**શશિકલા:** જરુર, સાહેબજી! (જાય છે)

**દુર્લભરામ:** અરે પણ ઓ માસ્તર! જરા આમ તો આવો. આગ ગળ્યા ગળ્યા થાઓ છો, પણ એ છે કોણ?

**ગૌરીશંકર:** Mind your own business (તમે તમારુ કામ સંભાળો.) (ગુસ્સામાં ચાલી જાય છે.)

**ગંગાબહેન:** ભાઇ—

**દુર્લભરામ:** પણ બહેન સાહેબ તમે કોણ છો?

**ગંગાબહેન:** હું જાઉં છું. (તોરમાં ચાલી જાય છે)

**દુર્લભરામ:** (વલ્લભરામની સાથે તાળી લઇને) હાહા–હા–હા–હો હો હો હો વલ્લભરામભાઇ. ચાલ્યાં બધાં.

**વલ્લભરામ:** (કંટાળો ખાઇને) દુર્લભરામભાઇ, વાત આગળ ચલાઓની.

**દુર્લભરામ:** ઇંદ્રજિત ! આ તારી વાત કરવા અમે આવ્યા છીએ. (ઇંદ્રજિત ખુરશીમાં લપાઇને બેસે છે) આ તારા કુટુંબમાં વલ્લભરામભાઇ, ને શીવલીના કુટુંબમાં હું—અમે બે મોટા. હવે બોલ, તું શું કરવા માંગે છે ? કેમ વલ્લભરામભાઇ, બોલ્યા નહીં ?

**વલ્લભરામ:** (પાન ચાવીને) હા. દુર્લભરામભાઈ.

**ઇંદ્રજિત:** (ગુંચવાઇને) પણ શાનું શું ?

**દુર્લભરામ:** (ચાવીને) શાનું ! શાનું ! શાનું તે તારું ને શિવલીનું !

**ઇંદ્રજિત:** (નિરાધારીથી) પણ હું શું કરું ?

**દુર્લભરામ:** ત્યારે તું નહીં કરે તો હું કરું ? કેમ વલ્લભરામભાઇ બોલ્યા નહીં ?

**વલ્લભરામ:** હા, દુર્લભરામભાઈ.

**દુર્લભરામ:** બોલ ! બોલ ! તારી બૈરીને ક્યારે બોલાવે છે ? (ચાવીને) તારી બૈરીને ક્યારે બોલાવે છે તે તો બોલ.

**ઇંદ્રજિત:** હું ક્યાં ના કહું છું?

**દુર્લભરામ:** ત્યારે ના કોણ કહે છે ?

**ઇંદ્રજિત:** (ગળગળો થઇને) એ ના કહે છે. મેં તો કપડીફોઇ મારફતે કહાવ્યું ને ગીગામાસાને પણ મોકલ્યા.

**દુર્લભરામ:** (ચાવીને) એ ના કહે છે, પણ તું કેમ બેસી રહ્યો ?

**ઇંદ્રજિત:** પણ હું શું કરું ?

**દુર્લભરામ:** (ચાવીને) શું કરું ? - શું કરું ? ચોટલો પકડીને લઇ આવ. મરદ મુવો છે કે વેશ ? એક આંખ કરીએ તો બૈરી ચાલી આવે. કેમ વલ્લભરામભાઇ, બોલ્યા નહીં ?

**વલ્લભરામ:** હા. દુર્લભરામભાઈ.

**ઇંદ્રજિત:** પણ, મુરબ્બીઓ! એને તે કેમ કરીને લઇ આવું? (નીસાસો મુકે છે.) નાની ના કહે છે તેનું કરવું શું?

**વલ્લભરામ:** (એકદમ બોલી ઉઠે છે ને ઇંદ્રજિત ચમકે છે) તેં નામ બોલ્યું-તેં નામ બોલ્યું. બાયલો! (ઘુરકે છે ને મુગા થઇ જાય છે. ઇંદ્રજિત ગુંછળું વળીને ખુરશીમાં દટાઇ જાય છે.)

**દુર્લભરામ:** પાંચ પાંચ વર્ષનાં વહાણાં વાયાં ને તારી બૈરી ઘેર નહીં આવે? સીધી રીતે નહીં માને તો આડી રીતે લઇ આવ. આ તો અમારે બધાને શરમાઇ મરવું પડે છે. કાંઇ વાત છે? (ડોળા કાઢીને જોઇ રહે છે.)

**વલ્લભરામ:** (કંટાળાથી) મારો ભાઈ તો ત્યાં બેઠો બેઠો બુમ મારતો હશે.

**દુર્લભરામ:** ને મારે કેટલું નીચું જોવું પડે છે! કેમ વલ્લભરામભાઇ બોલ્યા નહીં?

**વલ્લભરામ:** હા. દુર્લભરામભાઇ. (ઇંદ્રજિત પરસેવો લુછે છે.)

**દુર્લભરામ:** (દ્રઢતાથી) તું કમર બાંધીને તૈયાર થા.

**ઇંદ્રજિત:** (ધીમે અવાજે) હું તૈયાર છું.

**દુર્લભરામ:** (અધીરાઇથી લાકડી પકડે છે. ચાવીને.) તૈયાર છું-તૈયાર છું; ને આમ બાયલા જેવો બેસી રહ્યો છે! ઉઠ. (ઘાંટાના જોરથી ચમકીને ઇંદ્રજિત ખુરશીમાં બેઠો બેઠો ટટાર થઇ જુએ છે) ઉઠ કમર બાંધ. જઇને ઉઠાવી લાવ.

**ઇંદ્રજિત:** (અશાંતિથી) નહીં આવે તો?

**દુર્લભરામ:** ઉઠાવી લાવ. એક ગાડીમાં ઘાલીને પકડી લાવ ને માર તાળું. કેમ વલ્લભરામભાઇ બોલ્યા નહીં?

**વલ્લભરામ:** હા. દુર્લભરામભાઇ.

**દુર્લભરામ:** સમજ્યો? ઉપાડી લાવ. હરણ કરી લાવ-હરણ.

**ઈંદ્રજિત:** (દયામણે ચહેરે) પાછી ચાલી જાય તો ?

**દુર્લભરામ:** જાય કેમ ? મગદુર શી છે ?

**વલ્લભરામ:** (ધ્રુરકીને) મગદૂર શી છે ?

**ઈંદ્રજિત:** (નિરાધારીમાં બબડે છે.) મગદૂર શી છે ? પછી ?

**દુર્લભરામ:** (ચાવીને) પછી ? પછી ? પછી શું ?

**ઈંદ્રજિત:** (ગળું ખંખારીને) એનો ભાઇ ફોજદારી કરે તો ?

**વલ્લભરામ:** (ગુસ્સામાં) તારા પર ફોજદારી થાય માટે અમારે આ કલંક વેઠવું ! ઉંહ !

**ઈંદ્રજિત:** પણ ફો–જ–દારી—ફોજદારી.

**દુર્લભરામ:** (હસીને) હા. હા. હા. હું જાણતો હતો. ફો-જ-દા-રી. વલ્લભરામભાઇ બોલાવો વકીલ સાહેબને. નીચે ગાડીમાં બેઠા છે. ઉભા રહો. બારીએથી હું જ બુમ મારું. (બારીએ જઇને) વકીલ સાહેબ ! ઓ વકીલ સાહેબ ! વકીલ સાહેબ ! ઉપર આવો.

( પાછા આવીને બેસે છે. )

**ઈંદ્રજિત:** (એકદમ ઉંચું જોઇને) મને કાંઇ સમજાતું નથી.

**દુર્લભરામ:** (દૃઢતાથી) મને બધું સમજાય છે.

(કુંદનલાલ આવે છે,)

**કુંદનલાલ:** (હસીને) કેમ મી. ઈંદ્રજિત્ કેમ છો ?

**દુર્લભરામ:** કેમ છો ? શું પુછો છો ? વકીલ સાહેબ ! આ એમનાં મોઢા જુઓની. બૈરી નાસી જાય ત્યારે કરે શું ? હત્ત મમર્સું !

**કુંદનલાલ:** (બેસીને) બોલો, મારું શું કામ પડયું ?

**દુર્લભરામ:** આ ઈંદ્રજિત શીવલીને ઉપાડી જવા માંગે છે. પણ એને ફોજદારીની બીક લાગે છે. બોલો, તમે શું કહો છો ?

**કુંદનલાલ:** (ડાકું ધુણાવે છે) એ વાત તો ખરી. મુંબાઇમાં જોર જુલમ કરવા જશો તો ભારી પડશે.

ઇંદ્રજિત: ( આશાભર્યો ) મેં નહોતું કહ્યું ?

દુર્લભરામ: (ચાવીને ઇંદ્રજિતને) મેં નહોતું કહ્યું ? મેં નહોતું કહ્યું ? (કુંદનલાલને) પણ ત્યારે કરવું શું ?

કુંદનલાલ: (માથું ખંજવાળીને) એક કામ કરો. એને મુંબઈની બહાર... વાંદરે કે સાન્તાક્રુઝ લઇ જાઓ, ને ત્યાંથી ઉપાડી જાઓ.

ઇંદ્રજિત: પાછી જતી રહે તો ?

કુંદનલાલ: (શાંતિથી) તે હું શું કરું ? શિવગૌરી પાછી તો જતી રહેવાની જ.

ઇંદ્રજિત: મેં નહોતું કહ્યું ?

દુલભરામ: (ચાવીને) મેં નહોતું કહ્યું ? કપાળ તારું નહોતું કહ્યું ! પાછી જાય શું ? પુરી રાખજે.

ઇંદ્રજિત: એ પણ મુંબાઇમાં નહીં બને.

દુર્લભરામ: વડોદરા રાજ્યમાં ઉપાડી જઇએ. ત્યાં કોણ આવવાનું હતું ? પછી કાંઇ છે ?

કુંદનલાલ: ના. પછી કૈં નહીં.

ઇંદ્રિજિત' (કરગરીને) પણ હું ત્યાં કેમ જાઉ ? મારી નોકરી !

દુર્લભરામ: અરે તારી નોકરી ગઈ જહાન્નમમાં ! રજા લે-રાજીનામું આપ-ઝેર ખા-કાંઇ પણ કર. નવસારીમાં મારા ભાગીઆનું ઘર છે ત્યાં જઇને રહેજે.

ઇંદ્રજિત: નહીં માને તો ?

દુર્લભરામ: (ઘાંટો કાઢીને) બૈરીની જાત નહીં માને ? બૈરીની જાત માને નહીં ? તું તો બાયલો તે બાયલો જ રહ્યો.

કુંદનલાલ: (જરાક હસીને) આપણામાં એક કહેવત છે ખરી, કે બૈરી રહે તો આપથી ને જાય તો સગા બાપથી.

## અંક ૧ લો

**દુલભરામ:** વારુ, વારુ, વકીલ સાહેબ! જો જો તો ખરા. અમે ઘરડાં કહીએ એમાં વાંધો હોય નહી.

**કુંદનલાલ:** વારુ, ત્યારે બીજું કાંઇ મારું કાંઈ કામ છે?

**ઇંદ્રજિત:** (નિરાધારીથી) ત્યારે હું શું કરું?

**દુલભરામ:** (ચાલીને) હજામત! ઉઠ, બેઠો થા–ને શીવલીને ઉપાડી જા. બીજું શું? કયારે કરશે?

**ઇંદ્રજિત:** (માથું ખંજવાળીને) પણ એને વાંદરે કે સાંતાક્રુઝ કેમ લઈ જાઉં?

**દુર્લભરામ:** વકીલ સાહેબ! હવે સલાહ આપો એને.

**કુંદનલાલ:** (હસીને) તે પણ સલાહ મારે આપવાની રહી, કેમ?

**દુર્લભરામ:** હાસ્તો.

**કુંદનલાલ:** વારુ! થોડા દહાડા પછી મનહરલાલ શેઠ થોડા મિત્રોને એમને જુહુને બંગલે બોલાવવાના છે. શિવગૌરી ત્યારે આવ્યા વિના નહીં રહે. પછી તમે જાણો!

**ઇંદ્રજિત:** પણ એને ઉપાડી કેમ જાઉં?

**કુંદનલાલ:** (હસીને) તે હું કેમ કરીને કહું? કોટમાં મામલો આવે તો મારે ગુનેહગાર નથી થવું.

**દુર્લભરામ:** અરે, તે કામ મારું. મુંબાઇમાં મવાલીની ખોટ કયાં છે? દીકરા ઇંદ્રજિત! તું તે વાતે ગભરાઇશ નહીં, હું બધું કરીશ. ચાલો વકીલ સાહેબ! એતો થઇ ગયું પાકું. ઇંદ્રજિત! હવે તું કમર કસ. સમજ્યો? કેમ વલ્લભરામભાઈ, બોલ્યા નહીં?

**વલ્લભરામ:** (કંટાળાથી) હા. દુર્લભરામભાઇ.

**દુર્લભરામ:** ચાલો ત્યારે. (જાય છે.)

**વલ્લભરામ:** હા. ચાલો. (જાય છે.)

**કુંદનલાલ:** સાહેબજી. (જાય છે.)

ઇંદ્રજિત: (નિસ્તેજ આંખે જોઇ રહે છે) સાહેબજી! (માથે હાથ દઇ નીસાસો નાંખે છે ને ધીમે ધીમે બોલે છે, ) કમર કસવી–જવું–મવાલી આણવા–ગુનોહ કરવો–એને ઉપાડી લઈ જવી–નવસારી જવું–તાળામાં પુરવી! આટલી જહેમત ઉઠાવવી. ફોજદારી પણ થાય. (ચશ્માં કાઢી લુછે છે) જેલમાં પણ જવાય! પણ (દાંત પીશી) કુલને કલંક–લાગે આબરુ પર પાણી ફરે–કાકાઓ ગુસ્સે થાય! કાંઇ કરવું તો જોઇએ...એણે પણ પગના છેડા માથે મુક્યા! (હોઠ ધ્રુજે છે.) જબરી બૈરી છે! એ આવશે કે નહીં આવે? મનાશે કે નહીં મનાય? (નીસાસો મુકી) પછી આ ઘરમાં ધાંધલજ ધાંધલ! (માથે હાથ મુકે છે.) अशांतस्य कुतः सुखम् ? ખરી વાત છે. कुतः सुखम् ? कुतः सुखम् ? પણ એ આવશે? (ટેબલ આગળ જઇ જન્માક્ષર કાઢે છે, જુએ છે ને આંગળાં ગણે છે) વૃષભ–મિથુન–કર્ક... એક બે ત્રણ ચાર પાંચ છઠ્ઠું... વૃષભ, મિથુન (નિરુત્સાહ બની) આવશે, આવશે, ગ્રહયોગ છે. આવવી જોઇએ. આ વખત આવશે. (માથે હાથ દઈ બેસે છે.)

(ગંગા ઢોકળાં લઈ આવે છે.)

ગંગાબહેન: (હસીને) ભાઇ! આ ઢોકળાં.

ઇંદ્રજિત: બહેન! મુકો. (ગંગા અંદર જઈ ઢોકળાં મુકી પાછી આવે છે.)

ગંગાબહેન: ભાઇ, શું કરો છો?

ઇંદ્રજિત: મારો ગ્રહયોગ જોઉં છું.

ગંગાબહેન: (હસીને) શા માટે? શિવગૌરી આવશે કે નહીં તે જોવા?

**ઇંદ્રજિત:** હા. મારે હવે કાંઇ કરવું જોઇએ. કમર કસવી જોઇએ. (ખિન્ન અવાજે) એ 'નહીં' કેમ આવે ?

**ગંગાબહેન:** (હસીને) ભાઇ, જન્માક્ષર શું કહે છે ?

**ઇંદ્રજિત:** (નીસાસો મુકીને) એ આવવાની, અંદર લખ્યું છે.

**ગંગાબહેન:** (હસીને) ભાઇ ત્યારે તમારી પનોતી બેસવાની.

**ઇંદ્રજિત:** (નિરાધારીથી) કેમ ?

**ગંગાબહેન:** ભાઈ. આમ જંપીને બેસવું તમને ગમતું નથી લાગતું. (સ્નેહથી જોઇ હસે છે.)

**ઇંદ્રજિત:** (ચમકીને) આમ જંપીને-જંપીને ગંગાબહેન! કુટુંબની આબરુ! કુટુંબની આબરુ! (રડતે રાગે) તેનો કાંઇ તમને ખ્યાલ છે ?

**ગંગાબહેન:** રાખો તારે કુટુંબની આબરુ. ઠીક ભાઇ! ધણીને સુઝે ઢાંકણીમાં. ઉઠો હવે, નાઓ ધુઓ, નિશાળનો વખત થયો.

**ઇંદ્રજિત:** કુટુંબની આબરુ! કુટુંબની આબરુ! (ડોકું ધુણાવે છે) શિવ! શિવ! શિવ! ...શાંતિ. શાંતિ. શાંતિ.

(પડદો પડે છે.)

# અંક બીજો.

## પ્રવેશ પહેલો.

(**સમય:** દશ દહાડા પછી સાંજના પાંચ.

**સ્થળ:** મનહરલાલના બંગલામાં શશિકલાનું દીવાનખાનું. આ દીવાનખાનું દરીઆ પર પડે છે અને રમણીયતાના સત્વ સરખું દેખાય છે. કાચની બારીઓ પર વેલ, ને વેલ પર પુષ્પો લટકે છે. આખો ખંડ આછો ગુલાબી છે–ભીંત, ગલીચો, ને ફર્નીચર પરનું કાપડ. ગુલાબી ફુલદાનીમાં સફેત અને ગુલાબી પુષ્પો છે. ભીંત પર સફેત ફ્રેમમાં ચારેક નાની આછા રંગની છબી છે. આખા વાતાવરણમાં સુરુચિ, સુવાસ, સૌંદર્ય અને શાંતિ છે.

રંગના અપવાદમાં એક ભીંત આગળ પડેલો એક કાળો પીઆનો. તેના પર સફેત વસ્ત્ર પહેરી શશિકલા વગાડે છે. તેનું ગુલાબી મુખ અત્યારે તેજસ્વી લાગે છે. તેની આંખમાં પણ તેજ છે. સુખની સીમાએ પહોંચી ગઇ હોય એમ તે લાગે છે.

મનહરલાલ આવે છે, બારણામાં ઉભો રહે છે અને જોઈ રહે છે. તેની આંખમાં અસાધારણ તેજ ચમકે છે. થોડી વારે તે આગળ આવે છે.)

**મનહરલાલ:** શશિ!

**શશિકલા:** (ઉંચું જોઇ હસે છે) કાકા! ઉભા રહો, આ તર્ઝ પુરી કરી લઉં. (મનહરલાલ પાસે આવી ઉભો રહે છે, ને શશિકલા તર્ઝ ઝપાટા બંધ પુરી કરે છે.) કાકા! તમે સંગીત કેમ શીખતા નથી?

**મનહરલાલ:** શશિ! જ્યારે સંગીત શીખવાની મને ફુરસદ હતી ત્યારે પૈસા નહોતા, જ્યારે પૈસા આવ્યા ત્યારે ફુરસદ નથી.

**શશિકલા:** સંગીત વિના જીવન સંપૂર્ણ લાગતું નથી.

**મનોહરલાલ:** (હસીને) સંપૂર્ણ જીવન મારે માટે સરજાયું નથી.

**શશિકલા:** (હસીને) મારું જીવન સંપૂર્ણ છે. મારી પાસે પૈસા, સૌંદર્ય ને સ્વાતંત્ર્ય, બધું છે.

**મનોહરલાલ:** હજુ એમાં ઘણું ખુટે છે. જ્યારે પતિ અને બાલકોનો પ્રેમ આવશે ત્યારે સંપૂર્ણ થશે.

**શશિકલા:** (હસીને) તમને કોણ જાણે કેમ લગ્ન ને કુટુંબની ગુલામગીરીમાંજ મારે માટે સુખ દેખાય છે. ઉભા રહો. ચહા મંગાવું.

(ઘંટડી બે વખત દાબે છે)

**મનોહરલાલ:** પુરુષ કે સ્ત્રી બેમાંથી કોઇનુંએ જીવન પ્રણય-પ્રેરિત સંસાર વિના સંપૂર્ણ નથી.

(રામો ચહા લઈ આવી મુકી જાય છે. બંને જણ બેસે છે)

**શશિકલા:** પ્રણયપ્રેરિત સંસાર એટલે સ્ત્રીનું તો કારાગૃહ.

**મનોહરલાલ:** શશિ! એવી મનોદશા પણ કોઇકિ વખત આવે છે કે જ્યારે હક્કની તકરાર કર્કશ લાગે છે, ને સ્વાતંત્ર્ય મૃત્યુ સમાન અકારું બને છે. એ મનોદશા તે પ્રણય. એ સમજતાં તને વાર છે.

**શશિકલા:** કાકા! પુરુષને આત્મવિકાસ માટે સ્વાતંત્ર્ય જોઇએ ને સ્ત્રીને ન જોઇએ? અત્યારે હું બધા સાથે હરતી ફરતી નહોત તો મારી બુદ્ધિ કેટલી સંકુચિત થઈ જાત?

**મનોહરલાલ:** ખરી વાત. પણ જે સ્વાતંત્ર્ય આત્માનો-બે પ્રણી-યાઓના પ્રણયનો વિનાશ કરે તેને શું કરવું? (ચહા પીએ છે.)

**શશિકલા:** એટલે જ્યાં પ્રણય ત્યાં સ્વાતંત્ર્ય શક્યજ નથી, એમ? પ્રણયના એવા પણ પ્રકાર હોઇ શકે જ્યાં સ્વાતંત્ર્ય રહી શકે.

**મનોહરલાલ:** જ્યાં સ્વાતંત્ર્યને અવકાશ હોય ત્યાં પ્રેમ શક્યજ નથી.

**શશિકલા:** પણ, કાકા! મારા બાપા કેટલા પૈસા મુકી ગયા?

**મનહરલાલ:** (હસીને) બહુ થોડા. હું તને બધો હીસાબ આપીશને- (કોઇની ગાડી બોલે છે.) એ કોણ આવ્યું?

**શશિકલા:** શિવગૌરી હશે. She is a nuisance (એ કંટાળારૂપ છે.) કાકા! એનો વર તો ગરીબ ગાય જેવો છે.

**મનહરલાલ:** (હસીને) એવા સાથે નવી સ્રીને સ્વાતંત્ર્ય ઠીક મળે.

**શશિકલા:** Don't talk nonsense (એવી ગાંડી વાતો નહીં કરો.)

**ભૈયો:** (આવીને) બાઇ સાહેબ! શિવગૌરીબહેન આયે હે.

(શિવગૌરી આવે છે.)

**શશિકલા:** (આગળ આવીને) શિવગૌરીબહેન આવો.

**શિવગૌરી:** (હસીને) મને થયું કે લાવ જરા શશિબહેનને મળી આવું. કાલે મળી નહોતીને. કોણ? મનહરલાલ શેઠ પણ છે કે શું?

**મનહરલાલ:** (નીરાંતે બેઠા બેઠા) જ્યાં સ્રીહક્કોના હીમાયતી હોય ત્યાં સ્રીશત્રુ તો બેઠો જ હોયને. લો, આવો, શશિ એમને ચહા આપ, ને મને પણ થોડી બીજી આપ. (તે પ્યાલો લંબાવે છે ને શશિકલા ચાહ આપે છે.)

**શિવગૌરી:** (જરાક હસતી હસતી પાસે જાય છે.) તમે આમ તે શું બોલતા હશો? તમે જરાય સ્રીશત્રુ જેવા મને લાગતા નથી.

**મનહરલાલ:** સ્રી શત્રુ ન હોત|તો હું કયારનો પરણી જાત. તો આ તમારા જેવા જોડે બેસીને ચહા પીયાં કરતે કે?

**શિવગૌરી:** તમે બોલો છો તે હું સમજું છું. સ્રીઓને કોઈ સીધાં સન્માન બતાવે તો કોઇ આડકતરી રીતે. નહી શશિબહેન?

શશિકલા: કોઇ વખત કાકાની બોલવાની રીત માથાવાઢ જેવી લાગે છે. જાણે આપણે બધાં કચરા જેવા હોઈએ.

મનહરલાલ: અરે કચરો સારો. બાળ્યો હોય તો તાપણુ-એ થાય.

શિવગૌરી: (હસીને) તમે ગમે તે કહોની. તમને સ્ત્રી ગમતી નથી એ હું માનવાનીજ નથી. તમને કોઈ જુગતે જોડી મળી નથી. (જરા આડંબરથી) મેં ક્યાંય વાંચ્યું હતું કે પરમેશ્વર પુરુષ કે સ્ત્રી ઘડે કે તરત તેના આત્માની બેલડી સરજાવી નાંખે. એ પછી મળે કે ન મળે કે હંધી બેલડી બંધાઈ જાય એ નશીબની વાત છે.

મનહરલાલ: મારી જોડી સરજાવતાં એ ભુલી ગયો છે. (હસીને) વારુ. આ શશિની આત્માની બેલડી ક્યાંય છે ખરી કે? સાંભળતી જા.

શશિકલા: મારી બેલડી પરમેશ્વર સરજે તો ખરો. એની ધુળ ખંખેરી કાઢું.

મનહરલાલ: વારુ, શિવગૌરી બહેન! તમારા આત્માની બેલડી સરજાવી છે ખરી કે?

શિવગૌરી: (નીચું જોઇ શરમાય છે.) એવું પુછીએ કે?

મનહરલાલ: પણ વારુ, એ જણાય કેમ? આજ કાલની અક્કલાતુની આત્માની બેલડીઓ પરખાય કેમ, તે તો કહો.

શિવગૌરી: (મલકાઇને) એ તો જ્યાં મળે દ્રષ્ટે દ્રષ્ટ કે તરત ખબર પડે. (આંખોમાં અમી લાવી) શબ્દનો રણકાર થાય ને સોંસરો આત્માને સ્પર્શે.

શશિકલા: (ખડખડ હસીને) કાકા! એ તમારાં જેવા કાવ્યમયતા વિનાના પુરુષોને ન સમજાય.

મનહરલાલ: (હસે છે) પણ પછી શું? બે જણ બેસીને વાતોજ કર્યા કરે કે બીજું કાંઇ કરે?

શિવગૌરી: અરે વાતો પણ ન કરે ?

શશિકલા: એ અમારા ગૌરીશંકર સમજાવશે. એમણે એક 'મૂક સંવનન' પર સુંદર કાવ્ય લખ્યું છે. આ તેજ આવ્યા લાગે છે.

મનહરલાલ: એમને સંવનન કર્યા શીવાય બીજો ધંધો છે કે?

શશિકલા: Dont be horrid (ફાવે તેમ બોલો નહીં) કાકા આવો, કવિ કેમ છો ?

ગૌરીશંકર: (હસતા હસતા આવે છે.) કેમ શશીબહેન ! કેમ છો ? (બીજાને જોઇ ગંભીર બને છે.) કેમ શેઠ? કેમ બહેન ?

મનહરલાલ: કેમ કવિરાજ ! તમારા 'મૂક સંવનન'ની વાત અમે કરતાં હતાં.

ગૌરીશંકર: (તોરમાં) સૂક્ષ્મ કવનો તો સંસ્કારી જીવો માટેજ છે.

શશિકલા: (ગુંજે છે) 'રસ સાગરને આરે સખી આવજો રે–'

મનહરલાલ: કવિ ! પણ ભુખ લાગે ને રાંધનારી જોઇએ, કે માંદા પડીએ ને પગ દાબનારી જોઇએ, ત્યારે એક બદલીને બીજી લઈ આવીએ કે ?

ગૌરીશંકર: (તિરસ્કારથી) સંસ્કારી જીવો તો રસોર્મિઓ પર જીવી શકે, શેઠ મારા ! •

મનહરલાલ: એમ ! ને છોકરાં ભુખે મરે તો એ રસોર્મિઓ પર ઇપીરીઅલ બેંક દોઢીઆં ધીરે કે ?

ગૌરીશંકર: (ગુસ્સાથી જોતાં) અમારો માલ તમારાં કાટલાંથી નહીં જોખાય.

મનહરલાલ: (ખડખડ હસીને) આ સ્ત્રીઓને કાટલે જોખાય એટલે તમારે નીરાંત. નહીં ? ચાલો હવે તમારી આધ્યાત્મિક ગોષ્ઠિઓ શરૂ કરો. (જાય છે.)

**ગૌરીશંકર:** (આત્મસંતોષથી) શશિબ્હેન! કાદવમાંથી કમલિની ઉગે તેમ આવા વાતાવરણમાં ઉછરી તમે રહ્યાં છો એ તમારા આત્માનાં દિવ્ય ઓજસની નીશાની છે.

**શિવગૌરી:** મનહર શેઠ દેખાય છે તેવા શુષ્ક નથી. એમના આત્માને પોષણ નથી મળ્યું એટલુંજ.

**ગૌરીશંકર:** (શશિની સામુ એકાગ્રતાથી જોઇ રહે છે.) શશિબહેનથી વધારે આત્માને કોણ પોષે? (ઇશ્વરની પ્રાર્થના કરતો હોય તેમ) એમની દ્રષ્ટિમાં સંજીવિની છે, એમની વાણીમાં પ્રેરણા છે, એમની ગતિમાં......

**શશિકલા:** (હસીને) મારા બહુ વખાણ થયાં, કવિરાજ!

**ગૌરીશંકર:** વખાણ નથી કરતો! વખાણ કરવાનું મારું ક્ષેત્ર નથી. હું સ્પષ્ટવકતા છું. સ્પષ્ટવક્તા થવાનો એક કવિ તરીકેનો મારો અધિકાર હું કોઇ દહાડો છોડું એમ નથી. તમે સરસ્વતીના અવતાર સરખાં છો.

**શિવગૌરી** (નસ્કોરાં ચઢાવીને) તમે ખરેખરા કવિરાજ છો.

**ગૌરીશંકર:** (અમી વર્ષાવી) જે હું આજે છું તે શશિબહેનની પ્રેરણાથી.

**શશિકલા:** ગૌરીશંકર! તમારી શકિતઓને તમે અન્યાય કરો છો. તમે જે લખો છો તે તમારી પોતાની પ્રેરણાથીજ લખો છો.

**ગૌરીશંકર:** ના. શશિબ્હેન, ના! જો નરસિંહરાવને તમારી પ્રેરણા મળી હોત તો તે Philological Lectures લખત નહીં. જો નાનાલાલને મળી હોત તો એમની ઘડતર કથાની ઘેલછાથી ગુજરાતને હસાવત નહીં. ખબરદારને મળી હોત તો તે મોટરનો ધંધો કરત નહીં.

**શશિકલા:** (ખડખડ હસીને કાન બંધ કરી) બહુ થયું–બહુ થયું–બહુ થયું. મારું મગજ બગડી જશે. ગૌરીશંકર! પેલું શું "પણ આત્માના ઉલ્લાસની કાંઇ હોંસજો." એ જરા શિવગૌરીબહેનને સંભળાવો.

**ગૌરીશંકર:** (ખોંખારી)

"વહાલી! આત્મના ઉલ્લાસની કાંઇ હોંસજો;
વહાલી! રસના વિનિમય—

**કુંદનલાલ:** (આવીને) કેમ શશિબહેન, આવું કે?

**શશિકલા:** (આગળ જઇ હાથ મેળાવીને) આવો આવો, કુંદનલાલ કેમ છો? બેસો.

**કુંદનલાલ:** (હસીને) આજે જરા વહેલો છુટો થયો ત્યારે મને થયું કે લાવ જરા વહેલો જાઉં. કેમ છો? કેમ છો શિવગૌરી બહેન? (બેસે છે.)

**શિવગૌરી:** ખુશીમાં.

**શશિકલા:** આ મીસ્તર ગૌરીશંકર કવિ છે ને એલ્ફીન્સ્ટન કાલેજના ફેલો છે.

**કુંદનલાલ:** (તિરસ્કારથી) I see! કેમ છો?

**ગૌરીશંકર:** (જરા અવિનયથી જોઇ રહે છે) સારું, આજે તમે કામમાં લાગો છો. શશિબહેન! હું જાઉં છું.

**શશિકલા:** (ઉભી થઇને) એમ, જશો?

**ગૌરીશંકર:** હા સાહેબજી. (જવા માંડે છે. શશિકલાને) આવા બધા આવવાના હોય ત્યારે તમારે મને કહાવી દેવું.

**શશિકલા:** હું દીલગીર છું. મને ખબર નહોતી કે આ બધા આવવાના છે.

(ગૌરીશંકર મીજાજમાં ચાલી જાય છે.)

## અંક ૨ જો

શિવગૌરી: કેમ કાકા તે ગયા તે ગયાજ, ચાલો હું પણ જાઉં.

શશિકલા: ના, જરા બેસોની, કેમ કુંદનલાલ! વિધુબહેન કેમ છે?

કુંદનલાલ: (જરાક ખિન્નતાથી જોયા કરે છે) શશિબહેન ઠીક છે.

શશિકલા: એને લાવવા હતાં ને?

કુંદનલાલ: (કડવું મોં કરી) એ તો તમે જાણો છો ને? ઘરમાંથી બહુ બહાર નીકળવાની દાનત જ નહીં.

શશિકલા: કુંદનલાલ! તમે બહુ સ્વાર્થી છો. વિધુબહેન જોડે તમે જોઇએ તેવી જીવનની મોજે માણતા નથી. કોઇ દહાડો એમને લઈ કૌમુદીમાં, સાગરને તીરે એકાંતમાં—

કુંદનલાલ: આપણી સામાન્ય સ્ત્રીઓ જોડે એવા લાવા લેવાય છે કાંઇ?

શિવગૌરી: ખરી વાત છે, મી. કુંદનલાલ! એવા પ્રસંગો માટે સંવાદી આત્માનો સાથ જોઈએ.

કુંદનલાલ: exactly. (બરાબર.) (શશિ કલાની સામું જોઇ)સંવાદી આત્માનો સાથ–exactly (બરાબર)! સંવાદી આત્માના સાથ વિના બધું નકામું–જીવનને ભલે જીવન કહીએ પણ એ જીવન કહેવાય નહીં.

શિવગૌરી: (અધીરાઇથી) ચાલો શશિબહેન, જાઉં.

શશિકલા: અરે બેસો બેસો. મારે જરા વાત કરવી છે. કાકા પણ હમણાં આવશે. કુંદનલાલ! પેલા કાયદાઓ ઘડયા કે?

કુંદનલાલ: હા, હું આવતે સોમવારે જરૂર આપીશ. આજે સાત દિવસ થયાં એના પરજ મંડયો છું. (ઉત્સાહથી) હિંદુ સ્ત્રીઓની દશા શાસ્ત્રકારોએ એવી ખરાબ કરી મુકી છે.

શિવગૌરી: (જરાક અધીરાઇથી) અમે તમને ૭ ૭ મહીના થયાં તો વિનવીએ છીએ, પણ તમે કાંઇ કર્યું જ નહીં. એ તો આ શશિબહેને રસ લીધો, એટલે તમે કામ હાથમાં લીધું. એમની પ્રેરણા-શક્તિએ તમને પણ ઉજમાળા કર્યા.

**કુંદનલાલ:** ના, હું કરતો હતો જ ને.

**શશિકલા:** કુંદનલાલ! તમારા જેવાએ તો ધારાસભામાં જઇ અમારે માટે લડત ચલાવવી જોઈએ.

**કુંદનલાલ:** (હસીને જોઈ રહે છે.) હા, તમે કહ્યું ત્યારનો હું એજ વિચાર કરું છું. આપણી વાત થઇ તે પછી મારા મનનો બધો ડગડગો નીકળી ગયો.

**શિવગૌરી:** (જરાક મરોડથી) શશિબહેન! બધાના મનના ડગડગા કાઢવાની તમારામાં ઘણી શક્તિ છે.

**કુંદનલાલ:** (હોંસથી) હા. એમનામાં સામ્રાજ્ઞીના બધા ગુણો છે. એ આજ્ઞા કરે એટલે કરવાનું મન થાય છે. શશિબહેન! તમે અદ્‌ભુત છો.

**શશિકલા:** (હસીને) અદ્‌ભુત તો તમે છો કે તમારા સદ્‌ગુણો મારે લીધે છે એમ માનો છો. કુંદનલાલ! આવતે અઠવાડીએ મારો જન્મદિવસ છે, એટલે અમે જુહુ જવાનાં છીએ. તમે બધાં પણ ત્યાં આવશો ને? અડધી રાત ત્યાંજ ગાળીશું.

**કુંદનલાલ:** જરુર! ને શિવગૌરીબહેન આવશે ને?

**શિવગૌરી:** ક્યાં? શું છે?

**શશિકલા:** આ સોમવારને આવતે સોમવારે મારો જન્મદિવસ છે. અમે બધાં મારા કાકાનાં જુહુના બંગલામાં રાતે મળવાનાં છીએ, તમે આવશો ને? થોડાંક ઘરનાં જ માણસોને બોલાવ્યાં છે.

**શિવગૌરી:** હા, આવીશ. કેમ નહીં? તમારા કાકાએ નાની ઉમરમાં સારા પૈસા એકઠા કર્યા છે.

**કુંદનલાલ:** હા. વીશ વર્ષ પર એ ભીખારી હતા. એનો હાથ પારસમણિ જેવો છે, જેને સ્પર્શે છે તેને સોનું બનાવે છે.

**શશિકલા:** મારા બાપ પણ કહે છે કે ઘણાં હોશીઆર હતા.

**કુંદનલાલ:** (ખેદથી) હું ઓળખતો ન હતો.

**શશિકલા:** પણ કુંદનલાલ! હવે તમારે મારા સોલીસીટર તરીકે મારી મીલ્કતનો હીસાબ કાકા પાસે લેવો પડશે.

**કુંદનલાલ:** (ચમકીને) કાકા પાસે હીસાબ! (હસીને) હીસાબ મારી ઓફીસમાંજ છે. કાંઇ વાંધો નથી.

**શશિકલા:** કાકાએ મારે માટે નવું મકાન લીધું. ખબર છે?

**કુંદનલાલ:** હા. (ચમકીને) અરે કોણ? આ વિધુ આવી.

(ફીક્કો પડે છે.)

(વિધુમુખી ફીક્કે મોંઢે જરાક ઉગ્ર દેખાતી આંખે આવે છે.)

**વિધુમુખી:** તમે અહીંઆ છો કે? (કટાક્ષથી) મને ખાત્રીજ હતી. ભૂતનું ઠેકાણું આમલી.

**શિવગૌરી:** (દ્વેષથી હસીને) તમે પણ જાણી ગયાં?

**શશિકલા:** આવો વિધુબ્હેન! બેસો. અમે મારા જન્મદિવસની વાત કરતાં હતાં. તમે આવશોને?

**વિધુમુખી:** (મડમાં) મારું શું કામ છે? વકીલ સાહેબ છે એટલે બસ. હું તો હોઉં તોએ ઠીક, ને ન હોઉં તોએ ઠીક. (કુંદનલાલ તેની સામું ઘુરકે છે.)

**શિવગૌરી:** (મજાકમાં) અરે એ તે કાંઈ ચાલે? તમે શશિબ્હેનના મિત્ર ને—

**વિધુમુખી:** ના શશિબ્હેનના મિત્ર તો એ. (કુંદનલાલ ડોળા કાઢે છે.)

**શશિકલા:** એમ શું કહો છે? તમે પણ ખરાંજને! કાંઇ ના કહેવાય?

**વિધુમુખી:** સાડી સત્તર વાર ના. હું કહી કહીને થાકી ગઈ પણ એમનાથી આજે ૭ મહીના થયાં કાયદા હાથમાં ન લેવાયા, ને શશિબ્હેને કહ્યું કે આઠ દિવસમાં તૈયાર.

**શિવગૌરી:** (હસે છે.) લો. આ કાકા આવ્યા હવે તમારી તકરાર ચુકાવો.

(મનહર શેઠ આવે છે.)

**શશિકલા:** (જરાક શરમીંદી પડી)ના. ના. કાકા ! આ કુંદનલાલ-ને તમે ઘર લીધું તેની વાત હું કરતી હતી. મને પણ થોડા દહાડા જુદા ઘરમાં ગમશે નહીં.

**મનહરલાલ:** સ્વતંત્રતા એટલે એકલતા. (હસીને) પછી મારા જેવો સ્ત્રીશત્રુ તને પજવવા આવેજ નહીં. કેમ, વિધુ, કેમ છે? આમ ગભરાએલી કેમ લાગે છે? વકીલ સાહેબ વઢ્યા કે શું?

**શશિકલા:** બધા તમારા જેવા હશે કે વઢતા હશે?

**મનહરલાલ:** અવગણના કરવી તે સારી કે વઢવું તે સારું? તને વિધુ! નથી લાગતું કે પોતાનું હોય તેને કોઇ વઢે, પારકાને નહીં?

**વિધુમુખી:** પુરુષ જે કરે તે અમારે તો સારુંજ ગણવાનું ને!

**મનહરલાલ:** ખરાબ ગણશો એટલે વધારે દુ:ખી થશો.

**કુંદનલાલ:** ચાલો શેઠ, ત્યારે અમે જઇશું. ચાલ વિધુ! આપણને મોડું થશે.

**વિધુમુખી:** (મનમાં). હા. હવેજ મોડુંજ થશે. (બન્ને જાય છે.) ચાલો કાકા! જઇશ.

**શશિકલા:** આવજો વિધુબહેન

**શિવગૌરી:** આ બે કાંઇ લઢયાં લાગે છે.

**મનહરલાલ:** હોય! વરવહુ ન લઢે ત્યારે કોણ લઢે? જ્યારે તે એક મટી બે થવા જાય કે પાછાં ભેગાં થવાનો પ્રયત્ન કરે. જેટલો પ્રણય ગાઢ હોય તેટલા એવા પ્રયત્નો જબરા થાય. એ પ્રયત્નોને આપણે લઢવાઢ કહીએ છીએ.

**શશિકલા:** કાકા! ત્યારે આ શિવગૌરીબહેનની લઢવાઢ ચુકવી આપોને.

## અંક ૨ જો

શિવગૌરી: ( ગુસ્સામાં જોઈ રહે છે. ) મારી લટવાટ ! મારી લટવાટ કોઈ ચુકવે એમ નથી.

, શશિકલા: માફ કરો. પણ શા માટે દુઃખ વેઠો છો ? કાકાને કહોને, સમાધાન કરાવી આપશે.

શિવગૌરી: ( દયામણે મોંએ મનહરલાલ તરફ જોતાં ) મારું સમાધાન થાય એવું નથી. હું દુઃખની મારી બહેન, ગમે તેમ જીવન ગાળું છું. તેમાં એવી વાત તમે શા માટે બોલો છો ?

મનહરલાલ: શશિ ! મૂર્ખ થા મા ! ( હસીને ) જે જુદા થઇ શકે તેને જુદાં જ રહેવાં દેવાં. એવાં જણ જો જુદાં રહે તો બંને સુખી થાય; ભેગાં થાય તો બંને રૈરવ નરકમાં પડે.

શિવગૌરી: કાકા ! તમે તો ડાહ્યા ને સમજુ છો.

મનહરલાલ: તમે લોકો મને ડાહ્યો ગણતા નથી તેમાં જ બધા દુઃખી થાઓ છો.

શશિકલા: I am sorry ( હું દીલગીર છું. ) શિવગૌરી બહેન !

શિવગૌરી: ( મનહરલાલ તરફ જોતાં ) તમે શું જાણો ? હું તો કચરાઇ ગઇ છું. બળીજળી થઈ ગઇ છું. મારો તો ભવ બળી ગયો છે.

મનહરલાલ: ( શિવગૌરી તરફ મજાકથી જોતાં ) હું સમજી શકું છું.

શિવગૌરી: ( હસીને ) એ તો મને ક્યારનું લાગ્યું છે. તમારા જેવું મને કોઇ હજુ સુધી સમજ્યું નથી.

મનહરલાલ: શશિ ! હવે તને ફરવા જાઓ છો ?

શશિકલા: ( છાનાંમાનાં કંટાળીને શિવગૌરી તરફ જુએ છે. ) હા. વખત મળે તો જાઉં.

શિવગૌરી: ચાલો, હવે હું જાઉં છું.

વિધુમુખી: ( ચીઠ્ઠી સંતાડીને આંસુ લુછે છે. ) શિવગૌરીબ્હેન! આવો, આવો, અત્યારે ક્યાંથી ?

શિવગૌરી: હું અહીંઆથી ઘેર જતી હતી તે થયું કે લાવ વિધુબ્હેનને મળતી જાઉં. કેમ, તબીએત નથી સારી કે શું ?

વિધુમુખી: (પ્રયત્ન કરીને) ના સારી છે. તમે કેમ છો ?

શિવગૌરી: ( હસીને ) મને કયો વાઘ ખાવાનો છે ? કાલે તમે પેલીના જન્મદિવસના ઉત્સવમાં જવાનાં છો કે ?

વિધુમુખી: મારું જવાનું નક્કી નથી.

શિવગૌરી: ( અકળાઇને ) શું કરું કે કાકાને ખરાબ લાગે, નહીં તો મને એ છોકરી પર એવો કાળ ચઢે છે કે એના મોં સામું ન જોઉં. છે ચાર આંગળની પણ કાંઇ નફ્ફટાઈ છે ! વિધુ બ્હેન ! ખોટું લગાડશો નહીં. પણ પુરુષો જોડે કેમ વર્તે છે મારા બાપ ! એના કાકા પણ કાંઈ કહેતા નથી.

વિધુમુખી: ફૂલી મુકી છે. હવે કોણ કહે ?

શિવગૌરી: તમે મારાં બહેનપણી છો એટલે તમને કહેવું એ તો મારી ફરજ છે. પણ કાલે હું બેઠી હતી ને કુંદનલાલ જોડે કેમ વાતો કરતી હતી? માફ કરજો. વિધુ બહેન ! તમને હું માડીજાયાં બહેન જેવાં ગણું છું, એટલે કહેવાઈ જાય છે. પણ તમે પણ કોણ જાણે કેમ વેઠી રહ્યા છો ? હું હોઉં તો ન વેઠું.

વિધુમુખી: ( સાશ્રુ ) બહેન, બીજું શું કરીએ ? હું જોઉં છું ( રડી પડે છે. ) પણ શું કરું ? મારા હાથ હેઠા પડ્યા છે.

શિવગૌરી: ( મીઠાશથી ) હીંમત રાખો, વિધુ બહેન !' એ તો તમે મારે ત્યાં એને લઇ આવ્યાં ત્યારથી જ એને હું પારખી ગઇ છું. તમે એને શું જોઇને લઇ આવ્યાં ?

## અંક ૨ જો

**વિધુમુખી:** ( રડતે રાગે ) બહેન ! એમણે કહ્યું એટલે ના ન કહેવાઈ. મને તો એનું મોં ગમતું નથી. પણ શું કરું? (હાથ મસળે છે.)

**શિવગૌરી:** કાલે બેસીને કાંઇ વાતો કરે, ને હસે, ને આંખો નચવે. કુબ્જાની રીતભાત એવી છે ! હું તો રહી તમારી સખી એટલે મારી તો આંખોમાં ઝેર આવ્યું. ને આખા ગામની પાછી પટલાઈ! મને પુછે છે કે હું મારે સાસરે કેમ નથી જતી ! જાણે એ ખવડાવતી હોય તેમ ! મારો તો એવો મીજાજ ગયો કે જાણે એની જીભ જ ખેંચી નાંખું. મને કહ્યું એ તો હવે ઠીક છે, પણ આ તમારા સંસારનું શું થવા બેઠું છે? તમે જરા કુંદનલાલને કહો તો ખરાં.

**વિધુમુખી:** ( નિરાધારીથી ) શું કહું ?

**શિવગૌરી:** અરે, પણ આતે દેખી ખમાય! તમારું દુઃખ જોઇ મારું તો હૈયું ભડકે બળે છે.

(વિધુમુખીના વાંસા પર હાથ મુકે છે. )

**વિધુમુખી:** શું કરવું ? પુરુષ કાંઇ વાર્યો રહે એમ છે? વિચાર કરી કરીને હું તો મુંઝાઇ ગઇ છું. શિવગૌરીબહેન ! મારા હાથમાંથી તો આખો સંસાર સરી જતો હોય તેમ લાગે છે. સહન કર્યા શીવાય બીજું શું થાય ?

**શિવગૌરી:** ( ડોળા કાઢીને ) હું હોઉં તો ન સહન કરું. પુરુષોને હૈયાં, ત્યારે આપણે નહીં ? હા બાઇ ! આપણી પાસે આપવાનાં ને લેવાનાં એક જ કાટલાં.

**વિધુમુખી:** મને પણ સામું પડવાના બહુ વિચાર થાય છે, પણ બહેન ! નાચી ખુંદીને પગ સામું જોવું પડે છે. પુરુષો કરે તે બધું કાંઇ સ્ત્રીઓથી થાય ?

**શિવગૌરી:** વિધુબહેન ! આ બોલો તમારા મોઢામાં શોભે? આ બધાનો એક જ ઉપાય છે. તે એક કહું તો [illegible] કહીએ

**વિધુમુખી:** તમે તે દહાડે શઠમ્ પ્રતિ શાઠયમ્ કહ્યું હતું તે મને યાદ છે. પણ શિવગૌરીબ્હેન! મેં બાલપણથી એમની પૂજાસેવા કરી—— (કાને હાથ દઈ) ના. ના. એ મારાથી કેમ થાય? હાથમાંથી જશે તો એમનાં સ્મરણો પર જીવીશ, એનું ઘર ને છોકરાં સાચવીશ. એ જાત બગાડે, મારાથી એવો વિચાર કેમ કરાય?

**શિવગૌરી:** (હીંમતથી) તમારાં જેવાંજ પેલી જેવીને રસ્તો સરલ કરી આપે છે. તમે કુંદનલાલની સેવા કરો, ને એ બીજીની સેવા કરે! મારાથી તો ભાઇ, એવું ન સહેવાય. હું તો તરત કાંઇ રસ્તો કાઢું. વિધુબહેન! ગરીબ થશો તેટલાં લોકો કનડશે.

**વિધુમુખી:** તમારી વાત ખરી છે બહેન! (વિચાર કરે છે.)

**મોતીરામ:** (આવે છે) કેમ બહેન! તું આવે છે કે નહીં? તારી ત્રણ મીનીટની તો ત્રીશ થઇ. મારે રાતે ડયુટી પર જવું છે.?

**વિધુમુખી:** (ઉભી થઇ) આવો. મોતીરામભાઇ! બેસો.

**મોતીરામ:** અરે શું બેસું વિધુબ્હેન? મારે જવાનો વખત ક્યારનો થઇ ગયો છે.

**શિવગૌરી:** ચાલો આવી. (ઉઠે છે.)

**વિધુમુખી:** (એકદમ) શિવગૌરીબહેન!

**શિવગૌરી:** (લાડથી) કેમ બહેન?

**વિધુમુખી:** આખી રાત મોતીરામભાઇ નોકરી પર જશે?

**શિવગૌરી:** હાસ્તો.

**વિધુમુખી:** (એકદમ નિશ્ચય પર આવી) એક કામ ન કરો? અહીંઆંથી કોઇ પુછવા આવે તો એટલું નહીં કહો કે નાટકમાં ગયા છે?

**શિવગૌરી:** (હસતાં) કેમ?

**વિધુમુખી:** (સાશ્રુ નયને) એટલું કરોને. મોટી મહેરબાની.

શિવગૌરી: (હસીને) વારુ. ભાઈ! ચાલો.

મોતીરામ: વિધુબહેન, જાઉં છું.

વિધુમુખી: આવજો ભાઈ. (શિવગૌરી ને મોતીરામ જાય છે. આંખે હાથ દઈને) અરે ભગવાન! અરે ભગવાન! આખરે મારી આ સ્થિતિ! મન, વાણીને કર્મે જે ચળી નથી તેની આ દશા! અરે બાઇ! તારુ મેં શું બગાડ્યું? પૂર્વ જન્મની તું વેરણ ક્યાંથી પાકી? (રડે છે,) ને આમ કરું ને સફળ ન થાઉં તો? છેક પરવારી જાઉં. પુરુષ પોતે બીજીનો થાય, પણ સ્ત્રી બીજાની થાય એ કલ્પી ન શકે અને માફ પણ ન કરે. તો શું કરવું?... સ્ત્રીસમાનતા! ઓ પ્રભુ! ઓ પ્રભુ! સમાનતા એટલે પુરુષો અને સ્ત્રીઓનાં આવાં સહજીવનો! ને સાથે સાથે મારા જેવીના ભોગ! (રડે છે.) આજ રસ્તો છે, બીજો રસ્તો નથી? (કુંદનલાલનો અવાજ આવે છે) આવ્યાં કે શું? સાથે કોઇ લાગે છે. (આંસુ લુછે છે. જોઇને) એજ આવી છે ને! (હોઠ કરડી સ્વસ્થ થાય છે. કુંદન-લાલ ને શશિકલા આવે છે.)

કુંદનલાલ: વિધુ! શશિબહેન આવ્યાં.

શશિકલા: કેમ વિધુબહેન?

વિધુમુખી: (સાંભળ્યું ન હોય તેમ) અત્યારે જમવાના નહીં હો.

કુંદનલાલ: વિધુ! શશિબહેન બોલાવે.

વિધુમુખી: તમે જમીને આવ્યા છો કે જમવાના છો?

કુંદનલાલ: જમીને આવ્યો છું.

વિધુમુખી: મેં પણ જમી લીધું છે. (ગુસ્સામાં ચાલી જાય છે.)

શશિકલા: વિધુબહેનની તબીઅત ઠીક નથી લાગતી.

કુંદનલાલ: જરા હમણાં ચિત્ત વ્યગ્ર રહે છે. બોલો શશિબહેન! શું કહેવાનાં હતાં? બેસોની.

## કાકાની શશી

**શશિકલા:** (બેસીને) કુંદનલાલ! કાલે સવારે આઠ વાગે કાકા મારી મીલકત મને સોંપવાના છે.

**કુંદનલાલ:** હા. મને કાકાએ ચીઠ્ઠી લખી હતી.

**શશિકલા:** તે વીશે હું એમ કહું છું કે તમારા મોટા ભાગીઆ ગુલાબદાસને કાકાના સોલીસીટર તરીકે બોલાવજો. ને તમે મારા સોલીસીટર તરીકે કામ કરજો.

**કુંદનલાલ:** એમ કરવું જરુરનું છે?

**શશિકલા:** (ધીમેથી) હા. મારે મારો સોલીસીટર જુદો રાખવો છે. તમને કાંઇ વાંધો છે.?

**કુંદનલાલ:** (હસીને) મને? તમારા સોલીસીટર થતાં વાંધો? I shall be delighted (મને આનંદ થશે.) પણ એની જરુર શી?

**શશિકલા:** કુંદનલાલ! મારા મનમાં એક વહેમ છે.

**કુંદનલાલ:** શો?

**શશિકલા:** (રોફથી) મારા બાપાના ધંધા સંબંધી જ્યારે પુછુ છુ ત્યારે કાકા વાત ઉડાવે છે, એટલે મારે બધું એક વખતેજ ચોખ્ખું કરી દેવું છે. હું એમ નથી કહેતી કે કાકા અપ્રમાણિક માણસ છે. પણ મારા બાપાનો કેટલો ભાગ હતો, એની મુડી કેટલી હતી, એની મીલકત કેટલી હતી, તે બધું મારે બરોબરે જોવું તો જોઇએ ને. અત્યારે હું મારા બાપાનો દીકરો હોઉ તેવો મને બધો હીસાબ આપવોજ જોઇએ. આપણે બગાડવું નથી, પણ હક્ક તે તો હક્ક.

**કુંદનલાલ:** હા. હા. ખરી વાત છે. મે પરમ દહાડે અમારા ચોપડા જોયા હતા. આજથી સત્તર વર્ષ પર અમારી પેઢીના ચોપડામાં તમારું ખાતું છસો રુપીઆ જમે કરી મનહર શેઠે ખોલ્યું અને પછી અવાર નવાર એમાં પૈસા એ ભર્યા જતા હતા.

શશિકલા: એવીજ બધી વહેમની વાત છે. એ પૈસા શામાંથી આવ્યા? એમનો મારે પૈસો જોઈતો નથી. પણ–પણ મારા એક પૈસાનો હીસાબ જતો કરવો નથી. કાકા જોડે મારે વ્યવહાર સીધો રાખવો છે. કાલે મારે ધંધો કરવો હોય તો સુઝ પડે.

કુંદનલાલ: (પ્રશંસાગ્રસ્ત બનીને) ખરી વાત છે. ખરી વાત છે. You are wonderful. (તમે અદ્‌ભુત છો.) શશિ બહેન! તમે ભલા ભલા મરદોને હંફાવો એમ છો.

શશિકલા: મને કોઇ નિર્બલતાનો અવતાર ગણે એ મને જરા નથી ગમતું.

કુંદનલાલ: મનહરશેઠ સ્ત્રીઓને સદાએ નિર્બળજ ગણે છે.

શશિકલા: એજ એમની ખોડ છે. માટે કુંદનલાલ! કાલે ગુલાબદાસને બોલાવતા આવજો. અને મારું કામ તમારે કરવાનું ને મારો હીસાબ તમારે લેવાનો. થશે ને?

કુંદનલાલ: જરૂર! જરૂર! શશિબહેન, તમારે અડધે શુકને હું હાજર છું.

શશિકલા: મને કાકા પર અવિશ્વાસ જરાએ નથી. પણ મારું હિત મારેજ સંભાળી લેવું જોઇએ.

કુંદનલાલ: Thats right. You are wonderful! (તદ્દન ખરી વાત. તમે અદ્‌ભુત છો.)

શશિકલા: ત્યારે હું જાઉં છું. (ઉઠે છે.)

કુંદનલાલ: હું કાલે સવારે આઠ વાગે આવીશ. શશિબહેન! આગળથી અભિનંદન આપું કે?

શશિકલા: ના. લગનનાં ગીત લગને જ ગવાય. Good night.

કુંદનલાલ: Good night.

(શશિકલા જાય છે.)

**વિધુમુખીઃ** (હોઠ પર હોઠ પીસી) હા; હા. તમે દિવ્ય જ્યોતિ ઢુંઢો ને અમે બેસી રહીએ? આટલા વર્ષો તમારી ભક્તિ કરી તેમાં અમારો હીસાબ નથી. જ્યાં અમારો હીસાબ પડશે ત્યાં જોઇશું.

**કુંદનલાલઃ** (હસીને) ડરાવતી હશે? જા થાય તે કર.

**વિધુમુખીઃ** (રડતી જાય છે.) વારુ. વારુ. વારુ. તમે પણ સ્વતંત્ર ત્યારે હું પણ સ્વતંત્ર. (ચાલી જાય છે.)

**કુંદનલાલઃ** આ બૈરીથી તોબા. પોતાની અને શશિબહેનની વચ્ચે ફેરજ જોઇ શકતી નથી. આંધળી! એક પાર્થિવ–બીજી સ્વર્ગીય! એને અદેખાઇનું શું કારણ મળે છે તે સમજાતું નથી. જે જીવનનો આ-સંવાદ શશીબહેન જોડે મળે છે તે એની દુનીઆમાં કલ્પ્ય પણ નથી.

(દુર્લભરામ ને ઇંદ્રજિત આવે છે.)

**દુર્લભરામઃ** (આવીને) અરે વકીલ સાહેબ છો કે? વકીલ સાહેબ!

**કુંદનલાલઃ** કોણ દુર્લભરામ? આવો! કોણ માસ્તર? કેમ છો?

**ઇંદ્રજિતઃ** (દયામણે અવાજે) સારો છું.

**દુર્લભરામઃ** કેમ પછી કાંઇ થયું કે?

**કુંદનલાલઃ** હા. શિવગૌરી જુઇ આવવાની છે.

**દુર્લભરામઃ** તમે ક્યારે જશો તે તો બોલો.

**કુંદનલાલઃ** અમે રાતના સાડા આઠે શેઠના જુઇના બંગલે જમીશું. પછી ત્યાંજ બારેક વાગતાં સુધી ફરવાના છીએ. એમાં તમને વખત મળશે. (હસીને) કેમ માસ્તર, હીંમત ચાલશે ને?

**ઇંદ્રજિતઃ** (ધીમે રાગે) હા.

**દુર્લભરામઃ** અરે જરા હા તો જોરથી ભણી મર. પોચકાં મુકે છે કાંઇ પોચકાં મુકે છે. જાણે હું મારી બૈરી ઉપાડી લઇ જવા ચાલ્યો.

**કુંદનલાલઃ** પછી શું થશે તે મને સમજાતું નથી.

**દુર્લભરામ:** અરે મારા શેઠ! તમે પણ ગામને ગભરાવો એવા છો તો! થઇ થઇને શું થવાનું છે? તમારી વકીલની રીતજ એવી!

**કુંદનલાલ:** કેટલી મોટર રાખી છે?

**દુર્લભરામ:** એક મોટરમાં બે પહાણો ને ઇંદ્રજિત. બીજી મોટરમાં હૂર હું ને વલ્લભરામભાઇ બેસી રહીશું. ઇંદ્રજિત ઉપાડીને લાવશે કે એ વાંદરે બહારોબહાર આગગાડીમાં. પછી જગત જખ મારે છે. કેમ ઇંદ્રજિત?

**ઇંદ્રજિત:** (ધીમેથી) ખરી વાત.

**કુંદનલાલ:** વારુ. ફ-તેહ કરો. માસ્તર! હીંમત રાખો, હીંમત રાખો. બધાં સારાં વાનાં થશે.

**ઇંદ્રજિત:** (બબડે છે.) હા. હીંમત રાખો, હીંમત રાખો.

**દુર્લભરામ:** (ચાવીને) શું હીંમત રાખો, હીંમત રાખો! જરા ઘાંટો કાઢીને તો બોલ. ચાલ! ચાલ! તારો સંસાર કોણ જાણે કેમ ચાલવાનો છે? સાહેબજી.

(વિધુમુખી બહાર જવાનાં કપડાં પહેરીને દાખલ થાય છે.)

**કુંદનલાલ:** (ચકિત થઇને) વિધુ! (દુર્લભરામ ને માસ્તર ડોળા ફાડી જોઇ રહે છે.)

**વિધુમુખી:** (શોકથી) શું છે?

**કુંદનલાલ:** (ગુસ્સામાં) ક્યાં જાય છે?

**વિધુમુખી:** (બેદરકારીથી) નાટકમાં.

**કુંદનલાલ:** (ગભરાઇને) ક્યાં? કોની સાથે?

**વિધુમુખી:** (શોકથી) હજી મેં નક્કી કર્યું નથી. (ચાલી જાય છે. કુંદનલાલ સ્તબ્ધ બનીને, દુર્લભરામ મજાકભરી આંખે ને માસ્તર વિસ્મિત થઈને જોઈ રહે છે.)

**કુંદનલાલ:** (જેમ તેમ કરતાં સભ્ય બનીને) ચાલો સાહેબજી.

**દુર્લભરામ:** (હસીને) વકીલ સાહેબ ! અમારું ઘરડાનું, બાબાપ! જરા સાંભળો. અમે વરસ વેચ્યાં નથી.

**કુંદનલાલ:** શું ?

**દુર્લભરામ:** તમે ભણેલા અને અમે મુરખ. શું કહીએ? પણ બાબાપ ! બૈરીને ખીલે બાંધવી સારી. ચાલ ઇંદ્રજિત, ચાલ.

(દુર્લભરામ અને ઇંદ્રજિત જાય છે.)

**કુંદનલાલ:** (સ્વગત.) એ કયાં ગઇ ? (બારણાની બહાર જોઈ આવે છે.) નથી. (બારીએ જુએ છે.) કયાં ગઇ ? અત્યારે ? નાટકમાં ? કોની જોડે ? એકલી ! (હાથ પર હાથ પછાડી) આ બૈરીઓથી તોબા. જંપીને રહેતી નથી ને રહેવા દેતી નથી. બાઈ સાહેબને ખોટાં લાગ્યાં કે ચાલ્યાં નાટકમાં ! આ આજકાલની સ્ત્રીઓ કોણ જાણે કેવી એ પાકી છે કે સીધો સીધો ઘરસંસાર ચલાવાતો જ નથી. (કચવાઈને આમતેમ ફરે છે.) જરા જરામાં ખોટું લાગે એ સંસાર કેમ ચાલે? હવે શશી બહેન જેવાની અદેખાઈ થઈ છે. કેવી મુર્ખાઈ ! કોઈ શશીબહેનની અદેખાઇ કરે ? બંનેનાં નભોમંડલ જુદાં ત્યાં સરાસરી શી ?

(થોડી વાર પાછો ફરે છે.)

પણ એ ગઈ કયાં ? આમ કેમ ચાલે ? મને પુછ્યા વગર ગમે ત્યારે ચાલી જાય એ તે કાંઇ રીત ? શું આ તે ઘર છે કે કોલેજની બોરડીંગ? આ રીત અટકાવવી પડશે. આનું નામ સ્વાતંત્ર્ય કે સ્વચ્છંદ ? પતિની અવગણનામાં જ બધું સ્વાતંત્ર્ય આવી ગયું ? (થોડી વાર ફરે છે) રામા ! રામા !

**રામો:** (આવીને) કાય આહે શેઠ ?

**કુંદનલાલ:** બાઇ કુઠે ગેલી ?

**રામો:** માલા ઠાઊક નાહીં. (જાય છે.)

**કુંદનલાલ:** Oh the stupid woman ! ( મૂર્ખ સ્ત્રી ! ) મને લાગે છે કે મને રંજાડવા ઢોંગ કરે છે. આમ તે એકલી ક્યાંય જાય નહીં. સુશીલ વિધુ અત્યારે પરપુરુષ જોડે બહાર જાય નહીં. એવું કોઇ દિવસ એ કરે ? ગાડી બોલી. આવી કે શું ? ( બારીએથી જુએ છે. ) ગાડી ચાલી ગઇ. હમણાં આવશે. મને લાગે છે કે મને પજવવાનો ઢોંગ માંડ્યો છે. ( પેપર વાંચે છે. )

( પેપર થોડી વારે ફેંકી દે છે અને ચમકીને ઉંચું જુએ છે. ) આત્મઘાત કરવા તો નહીં ગઇ હોય ? આત્મઘાત ! હા. અદેખાઇના માર્યાં સ્ત્રીઓએ શું નથી કર્યું ? શું કરું ? આજે એનો પીન્તો ઉછળ્યો હતો. વિધુ...વિધુ...આટલા વર્ષના અનુભવ પછી તને એટલ બધો અવિશ્વાસ આવ્યો ? આ શું સુઝ્યું ? ( ટેલીફોન લે છે. ) પોલીસ સ્ટેશન પર ખબર કરું...પણ ના, નાટકમાં ગઇ હોય તો કાલે મારો ફજેતો થાય...નાટકશાળામાં કેમ કરી તપાસ કરું ? કેટલે ઠેકાણે જાઉં ? ઓ વિધુ ! વિધુ ! આ શું સુઝ્યું ? ( વાળ પીંખે છે.) મોતીરામને ખબર કરું. એ તરત તપાસ કરશે. (ટેલીફોન કરે છે.) મોતીરામ ! મોતીરામ છે ?...કોણ શિવગૌરી બ્હેન... હા... એ તો હું કુંદનલાલ. વિધુ તમારે ત્યાં આવી છે ? વિધુ આવી હતી? ક્યાં ગઇ ? મોતીરામ જોડે નાટકમાં......મોતીરામ જોડે ? તમે નથી ગયાં ? એ બેજ જવાનાં હતાં? ...I see ( સમજ્યો. )...વારુ, માફ કરજો...કયો નાટક ?... ખબર નથી ? વારુ...thanks (આભાર થયો.) (ટેલીફોન મુકી દે છે.)

મોતીરામ જોડે ! (ડોળા કાઢીને) હવે સમજાયું...સમજાયું... હમણાં હમણાં એ પણ ત્યાં જાય છે ને મોતીરામ અહીંઆં પણ બહુ આવે છે. (વિચાર કરીને) હું અન્યાય કરું છું. દશ વર્ષનો વિધુનો મને અનુભવ છે. એ કાંઇ પણ એવું કરે નહીં, એનો આત્મા વિશુદ્ધ છે. તે દહાડે એક જણે જરાક મશ્કરી કરી હતી ને એનો આત્મા કંપી

ઉઠયો હતો. હું જરા અધીરો છું. સ્ત્રીઓના પર એટલો વિશ્વાસ ન મુકાય? લાવ જરા વાંચું. (સોફા પર સુઇને વાંચવા માંડે છે.)

શશીબહેન અદ્દભુત છે. એની આંખમાં તેજો કેવાં ચમકે છે! (આંખો મીચાઇ જાય છે. બાર વાગે છે ને તે જાગે છે ને ચમકે છે).

વિધુ! વિધુ! વિધુ નાટકમાં ગઇ મોતીરામ જોડે! એ ધગડાંનો એને વિશ્વાસ કેમ આવ્યો? કોઈ જુએ તોએ શું કહેશે?

આ અર્વાચીન સ્ત્રી! ધણી ઘેર ખાય ઝોકાં ને પોતે જાય નાટકમાં. શું થવા બેઠું છે? (પાછો સુઈ જાય છે ને બે વાગે ઉઠે છે.)

વિધુ! વિધુ! (ઉઠે છે.) હજી નહીં આવી? કેટલા વાગ્યા? બે! ઘડીઆલ ચાલે છે? (કાને ઘડીઆલ ધરે છે.) નાટક તો બંધ થઇ ગયો હશે..કયાં ગઈ? (હોઠ પીસે છે.) મોતીરામ જોડે નાસી ગઇ? (ડોળા કાઢે છે.) મોતીરામ જોડે કયાં રખડતી હશે? વિધુ રખડેલ! (વાળ પીંખે છે.) વિધુ મને છોડીને ચાલી ગઇ? શશીબહેનને લીધે? શું આ પ્રમાણે એ સમાનતા બતાવે છે? હું કરું તે એ કરવા માંગે છે એમ? હરામખોર! (મોતીરામને ટેલીફોન કરે છે.)

No reply! શું થયું છે? (ટેલીફોન મુકી દે છે.) મારી સ્ત્રી–મારા છોકરાંની માતા કુલટા! વિધુ કુલટા! (વાળ ખેંચી ફરે છે.) આવે તો હું મારી જ નાખું. આવી સ્ત્રીને હું ઘરમાં રાખું? ખવડાવી પીવડાવી કેળવી તે આખરે આ પરિણામ લાવવા માટે? આનું નામ સ્ત્રીના હક્કો?...Stupid woman!(મૂર્ખ સ્ત્રી!) તું એમ ધારે છે કે હું શશીબહેન જોડે નિર્મલ મૈત્રી સેવું છું માટે હું આનું સહીશ? પરસ્પર્શથી તારા દૂષિત હાથ મને કે તારાં છોકરાંને અડવા દઇશ? દુષ્ટા! (આક્રંદ કરે છે.)

વિધુ! આખરે તું પણ નીમકહરામ નીકળી? વિધુ નીમકહરામ? હું કલ્પી શકત નહીં..................ત્રણ થવા આવ્યાં!

નાસી ગઇ! હવે નહીં આવવાની ? મેં એને સતી ધારી હતી. કુલટા! મારો સંસાર ખેદાનમેદાન કર્યો. ( ઉંધું ઘાલી પડે છે, થોડી વારે ઘંટડી વાગે છે. ) એ આવી! ઉઘાડું. ( જઇને ઉઘાડે છે. વિધુ તોરમાં આવીને અંદર ચાલી જવા લાગે છે. )

**કુંદનલાલ:** ( ઉગ્રતાથી ) વિધુ!

**વિધુ મુખી:** ( ફીક્કે ને સુજેલે મુખે ) કેમ ?

**કુંદનલાલ:** ( ક્રોધથી ) ક્યાં ગઇ હતી ?

**વિધુ મુખી:** નાટકમાં.

**કુંદનલાલ:** આતો ત્રણ વાગ્યા છે.

**વિધુ મુખી:** ( ખંખારીને ) ગમે ત્યાં ગઈ હતી. તમારે શું ?

**કુંદનલાલ:** મારે શું ? મારે શું ? કમજાત!

**વિધુ મુખી:** ( ગૌરવથી ) તમે મારા સ્થૂળ દેહના સહચર છો.

**કુંદનલાલ:** ( ગાંડા જેવો ) બોલ કોની સાથે ગઇ હતી ?

**વિધુ મુખી:** મારા દિવ્ય જીવનની જ્યોતિ સાથે. ( ગૌરવથી ચાલી જાય છે. )

**કુંદનલાલ:** ( પાછળ દોડે છે. વિધુ બારણું બંધ કરી દે છે. ) મારું જીવન ભ્રષ્ટ કર્યું, મારો સંસાર ભ્રષ્ટ કર્યો...ઓ...! ભગવાન! ( સોફા પર પડે છે. )

( પડદો પડે છે. )

**મનહરલાલ:** મળવું ને વાત કરવી એ એક વાત છે, ઘરમાં સાથે રહેવું એ બીજી વાત છે, મને લાગે છે કે ઘણાં વર્ષ થયાં હું વીલાયત નથી ગયો તે જઈ આવું.

**શશિકલા:** (હસીને) કાકા! આવું શું બોલો છો? હવે તો તમારે મને રસ્તે પાડવી પડશે.

**મનહરલાલ:** આજકાલની સ્વતંત્ર સ્ત્રીને કોઇ રસ્તે પાડી શક્યું છે, શશી? તારા વાલી તરીકે આજ મારી છેલ્લી હકુમત ચલાવું. (મમતાથી) એક સલાહ આપું?

**શશિકલા:** આમ ગંભીર શું થાઓ છો?

**મનહરલાલ:** શશી! આજે ગંભીર થવાનો પ્રસંગ છે. કાલે આપણે સ્વતંત્ર ને સમાન સ્ત્રી પુરુષ તરીકે મળીશું. મારી એક શીખામણ ધ્યાનમાં રાખજે—

**શશિકલા:** (હસીને મનહરને ખભે હાથ મુકે છે.) શું છે કહો–

**મનહરલાલ:** (ખભા પરથી હાથ દૂર કરીને) મેં તને વીશ વર્ષ ઉછેરી તે એટલા માટે કે તું એક અપૂર્વ સ્ત્રી થાય.

**શશિકલા:** (હસી) હું અપૂર્વ સ્ત્રી નથી થતી જતી?

**મનહરલાલ:** (વેદનાથી) ના. શશિ! તારો આત્મા નાયકણનો થતો જાય છે.

**શશિકલા:** (જરાક ગુસ્સાથી) એટલે?

**મનહરલાલ:** (તેની એક લટ ઉંચી કરે છે.) ગુસ્સે થઇશ નહીં. અપૂર્વ સ્ત્રી હૃદયોની અધિષ્ઠાત્રી હોય છે—પોતાનાં ને પારકાંનાં હૃદયોને પોષે છે, ઉદ્ધારે છે. તું તારાં કે પારકા હૃદય કોઈની પરવા કરતી નથી. મેં એક વખત પહેલાં પણ કહ્યું હતું કે તું ભયાનકમાં ભયાનક રમત ખેલી રહી છે– હૃદયોની

રમત. એ રમત નાયકણો કરે છે પૈસા માટે. તું કરે છે- તારું અભિમાન સંતોષવા. તેથી હું કહું છું કે તારો આત્મા નાયકણનો થતો જાય છે.

**શશિકલા:** ( ખોટું લાગે છે તેથી કચવાઇ ) મારો આત્મા ગુલામડીનો થાય તો તમને ગમે એ હું જાણું છું.

**મનહરલાલ:** ના ગુલામડી ને નાયકણ વચ્ચે ઘણી કોટિઓ હોય. સતી પણ હોય,સામ્રાજ્ઞી પણ હોય, સખી પણ હોય, દેવી પણ હોય.

**શશિકલા:** શા માટે મારો આત્મા સામ્રાજ્ઞીનો કે દેવીનો નથી? બધાનો તમારાં જેવો અભિપ્રાય નથી.

**મનહરલાલ:** મારા ને બધા વચ્ચે ફેર છે. હું કબાટમાં મુકેલો ખાંડનો હાથી જોઇ જીભ વવળાવતો નથી... તારે સાંભળવું હોય તો સાંભળી લે-આવું સ્પષ્ટ સત્ય કોઇ કહેનાર આઠ લાખની ધણીઆણીને ફરી નહીં મળે. સતીનો આત્મા હોત તો તું ભકિતથી પુરુષને વશ કરત; સખીનો હોત તો સહયોગથી વશ કરત; દેવીનો હોત તો ભાવનાપ્રધાન પ્રેરણાથી કરત. પણ શશી! મારી શશી! ( આક્રંદ કરીને ) પુરુષની ભકિત કરવાનુ તારામાં આત્મવિસર્જન નથી; તેને આજ્ઞા કરવાની બુદ્ધિ નથી; તેનો સહયોગ કરવાનો ખંત નથી. તેને પ્રેરણા કરવાની વિશુદ્ધ ને અપાર્થિવ ભાવનામયતા નથી. કાંઇક બુદ્ધિથી, કાંઇક વસ્ત્રાલંકારથી, કાંઇક વાતની ઝમક, નયનોની ચમકથી કે હાસ્યની ભભકથી અને ઘણે અંશે તારાં કમનીય સ્ત્રીત્વની લલચાવતી મોહિનીથી તું બધાંને ઘેલાં કરે છે; અને આ પ્રભાવના તોરમાં અંધ બની તું પોતાને દેવી માને છે ને નિર્દોષ હૈયામાં આગ ઉઠાડે છે!

**શશિકલા:** (હોઠ કરડી ગુસ્સો દબાવે છે.) કાકા! કાકા! તમે આવું બોલો તો હું શું કરું? કોઇ બીજાએ કહ્યું હોત તો—

**શશિકલા:** (ગળું ખંખારીને) કાકા! માફ કરજો, પણ આપણે બધું વ્યવહારુ ધોરણ પર મુકવું જોઇએ.

**મનહરલાલ:** (ચમકે છે. તેની આંખમાં વિપલ વાર વેદના દેખાય છે.) વ્યવહારુ ધોરણ ? (ફીકકું હસીને) હાસ્તો. બધું વ્યવહારુ ધોરણ પરજ છે–ગુલાબદાસને ત્યાં.

**શશિકલા:** ત્યારે મારા બાપા મરી ગયા ત્યારે શું મુકી ગયા હતા ?

**મનહરલાલ:** (હોઠ દાબીને) તારા બાપ! છોકરી, તારા બાપ મુકી ગયા હતા તે બધું આજને ?

**કુંદનલાલ:** પણ એતો તમારા ભાગીઆ હતા ને ? શશીબહેનને તે સંબંધી જાણવું છે.

**મનહરલાલ:** (શશીના તરફ મ્લાન વદને જુએ છે.) હા. ભાગીઆ હતા ખરા; પણ ત્યારે અમારી પાસે શું હતું ? (આંખો મીચીને) હું મુંબાઇ આવ્યો ત્યારે ધોતીજોડા ખભે લઈ ફેરી કરતો હતો.

**શશિકલા:** ત્યારે આ મારા ખાતામાં અવારનવાર પૈસા આવ્યા તે તો મારા બાપનાજ પૈસામાંથી આવ્યા ને ?

**મનહરલાલ:** (જેમ તેમ કરતાં સ્વસ્થતા જાળવે છે ને જોયાં કરે છે. થોડી વારે) હા.

**કુંદનલાલ:** ત્યારે તેનો હીસાબ?

**મનહરલાલ:** (એની આંખો ચમકે છે.) હા, તેનો હીસાબ! ખરી વાત! સાંજે ગુલાબદાસને હું આપી દઇશ. (ઉભો થાય છે.) ચાલો, મારે જવું છે તે હું જઇશ.

**શશિકલા:** કાકા! એમ શું જાઓ છો ? (પાસે જઇને) ખોટું લાગ્યું ?

**મનહરલાલ:** (તેની આંખમાં જોઈ રહે છે.) ખોટું ! મેં તારા કહ્યાનું કોઇ દહાડો ખોટું લગાડયું છે? લગાડયુ હોત તો તું ઉછરતે ખરી કે? ચાલો, સાહેબજી! ગુલાબદાસ આજે બપોરે ઓફીસમાં મળજો. (જાય છે.)

**શશિકલા:** (ચિંતાતુર બનીને) કાકાને ખોટું લાગ્યું!

**કુંદનલાલ:** હોય! એતો વ્યવહારનો તમારો પહેલો અનુભવ છે.

**ગુલાબદાસ:** (ઉભા થઇને ગજવામાંથી દાબડી કાઢી પાન ખાય છે.) આ આટલા સારુ મને અહીંઆં બોલાવ્યો? Very bad! extremely bad! (ખરાબ–બહુ ખરાબ) (જાય છે.)

**કુંદનલાલ:** ગભરાશો નહીં. એ તો business (વ્યવહાર કાર્ય) એમજ થાય.

**શશિકલા:** I am so sorry. (મને એટલી દીલગીરી થાય છે.) ચાલો, થયું તે થયું. બીચારાએ આટલાં વર્ષ મારું સાચવ્યું ને આજે મને આ ક્યાં સુઝયું?

**કુંદનલાલ:** એ તો બધાને હીસાબ આપવો કપરો લાગે છે.

**શશિકલા:** એમણે આવી રીતે નહોતી વાત કરવી. હક્ક તે હક્ક ને મહેરબાની તે મહેરબાની. ચાલો કુંદનલાલ, આજે વિદ્યુબ્હેનને લાવજો, હો. જોજો, ચુકતા નહી.

**કુંદનલાલ:** (ફીક્કું હસીને) જરુર. (જાય છે.)

પડદો પડે છે.

# ત્રીજો અંક

સમય—રાતના નવ. ચાંદની પ્રસરી રહી છે.

સ્થળ—સાગર અને મનહરલાલ શેઠના બંગલા વચ્ચેનો રેતીનો કીનારો. એક તરફ સાગર મંદ મંદ ઉછળે છે. બીજી તરફ દીવાઓથી ઝગકતા બંગલામાંથી શશિકલાનો સ્વર સંભળાય છે:

—પ્રીત સુરજની હું શું કરું મેવાડા રાણા—

(ગૌરીશંકર માત્ર ખમીસ અને ધોતીઆભેર કીનારા પર ધીમે ધીમે આવે છે.)

ગૌરીશંકર: (સ્વગત) આવી ચાંદની જ્યાં જગતને રસે ત્યાં વીજળીના દીવામાં લોકો કેમ બેસી શકતા હશે?–ને તેમાં કોઇ એની સાથે બેસે છે ને મારો જીવ ગભરાઇ આવે છે. ચાંદની–એ–ને હું... એ, હું ને ચાંદની–ને બહુ થાય તો સાગર. (ગાય છે)

"આત્માના ઉલ્લાસ તારે ઉર રમેજો
વહાલી આવજે તે દિન મારી પાસે જો."

એ સરસ રચાઈ ગયું. (હસે છે) હમણાં કાંઇ પ્રેરણા જાગી છે.

"પણ સ્થૂળ કૈં વિલાસે લોભે મનજો
વહાલી ન આવજે તે દિન મારી પાસ જો."

એક માત્રા વધી ગઇ, હશે. હમણાં બધુંજ વધે છે......

"પણ ભાવનાની ધુન લાગે મનજો
વહાલી આવજે તે દિન મારી પાસજો."

જેમ જોઉં છું તેમ સ્પષ્ટ લાગે છે કે એનો આત્મા અને મારો ભવેભવનો સાથી હોવોજ જોઇએ: તેજ વિચાર, તેજ ભાવના, તેજ ઊર્મિ. કેટલાક ભવો આમ સાથે આવવા માટે અમે તપશ્ચર્યા સેવી હશે? ખરેખર મારો એકલાનો નહીં, એનો નહીં, પણ કેટલાએનો ઉદ્ધાર

અમારા સંબંધથી થશે। મારી બુદ્ધ અને એની, મારી રસિકતા અને એની, મારી કાવ્યમયતા ને એનું વાક્પાટવ, એની સૂક્ષ્મ દૃષ્ટિ ને મારું વિશાળ દર્શન, એની છટા ને મારી મેધા, એની પ્રેરણાશક્તિ ને મારી......મારો......મારાં......ને એનું ધન અને......મારી વિલાસાકાંક્ષા—અને અમારી બનેની નિર્મલતા...(ગળું ખંખારી ગાય છે.)

પણ ભાવનાની ધુન લાગે મન જો,
વહાલી આવજે તે દિન મારી પાસ જો.

કોણ આવે છે ? શશી !...શું સુંદર નામ છે ! ઉંહ—એ તો પેલી વિધુ ! રડતી સુરત ! સ્ત્રી ને સ્ત્રી વચ્ચે કેટલો ફેર ? આને જોઉં છું ત્યારે રાજીઆ લખવાની પ્રેરણા થાય છે, ને આંખમાં આંસુ આવે છે. (જાય છે.)

**વિધુમુખી:** ( આવે છે. ) ઓ પ્રભુ ! દીનાનાથ ! હવે મારાથી આ નથી જોવાતું. ( આંખે હાથ દે છે. ) મેં ભુંડીએ શાં પાપ કર્યાં હશે, કે આ બેને હસતાં જોવાં અને છતાં હસતું મોં રાખવું એવી મને આ ભવે શિક્ષા થઇ હશે ? બોલવાનો કે રડવાનો પણ અધિકાર મને રહ્યો નથી. (આંખે હાથ દે છે. ગાયન અટકે છે.)

**મોતીરામ:** (આવીને) કોણ વિધુ બહેન ?

**વિધુમુખી:** (ચમકીને) કોણ ભાઇ તમે ?

**મોતીરામ:** હા. બહેન, કેમ છે ? શું થયું ?

**વિધુમુખી:** સારું. ભાઈ ! બીજું શું થવાનું હતું ?

**મોતીરામ:** પણ એ કંઈ બોલ્યા ?

**વિધુમુખી:** તમારે ત્યાંથી નીકળ્યા પછી હું દોઢ કલાક તો મારા બારણાં બહાર એકલી ઉભી રહી. મારા મનમાં કે જે અસર થાય તે ખરી,

**મોતીરામ:** પછી ?

**વિધુમુખી:** (નીસાસો નાંખીને) પછી શું ? હું ઘરમાં ગઇ ને એ ધુરકયા. હું બારણું બંધ કરી ઓરડામાં રડી અને એ દીવાનખાનામાં સુઇ રહ્યા. સવારે પાછા બ્હેનને ત્યાં. ને અત્યારે તો તમે જુઓ છો ને ? હતું તેનું તે—તેથીએ વધારે !

**મોતીરામ:** હવે શું કરવુ ?

**વિધુમુખી:** એ મોઇ મરતી પણ નથી તો ! શું કરીશું ? રડી રડીને મરીશું ! હીંદુ સ્ત્રી બીજું કરે શું ? રડવાનું તો મંગળફેરા ફરી ત્યારથી એને કર્મે છેજ ને !

**મોતીરામ:** (પાસે આવીને) રડો નહીં, હીંમત રાખો.

**કુંદનલાલ:** (પાછળથી આવે છે.. સ્વગત) પાછાં બેનાં બે. હવે મને કાંઇ બંધન નથી રહ્યું.

**વિધુમુખી:** કેમ હીંમત રખાય ?

**કુંદનલાલ:** (સ્વગત) હાસ્તો કેમ હીંમત રખાય ? અત્યાર સુધી હું ધારતો હતો કે એ કૈંએ રીઝે તો શશિબ્હેનનું નામ છોડું. પણ હવે—

**મોતીરામ:** શ્રદ્ધાળુનો બેલી પરમેશ્વર.

**કુંદનલાલ:** હાં ! હા ! પરમેશ્વર તમારી વહારે ધાશે. લેતી જા દુષ્ટા ! મારું કર્તવ્ય પુરું થયું. હવે હું છુટો. (ચાલી જાય છે.)

**વિધુમુખી:** કૈં રસ્તો સુઝતો નથી. (જવા માંડે છે.)

**મોતીરામ:** એ તો એની મેળે રસ્તો સુઝશે.(બંને વાત કરતાં જાય છે.)

**શશિકલા:** (ગુંજતી આવે છે.)

કંઠી માળા બેવડી મારે શીયળવ્રત શણગારરે,
કેમ કરી વીસરું નાથ મારો ભવભવનો ભરથારરે..

આજે આ બધાંજ કેમ આમ બાધાં થઈ ગયાં છે? ગુલાબદાસ મારી સામું ડોળા કાઢે છે; કુંદનલાલ ને વિધુ રડતીસુરત થઇ ગયાં છે; ગૌરીશંકર ને શિવગૌરી અસ્વસ્થ દેખાય છે. આજની આખી પાર્ટી બગડી ગઇ! મને લાગે છે કે બધાંને છુટાંજ ફરવા દેવાં...ને બીચારા કાકા! એ તો છેક ઘુવડ જેવા થઇ ગયા છે...આજે સવારે હું કેવી ખરાબ રીતે વર્તી! એવા ભલા ને મમતાળુ છે–ને આવી આનંદતિથિએ પૈસાની વાત મેં મોઇએ ક્યાં કાઢી? એને ઘણું માઠું લાગ્યું છે...પણ એમાં મેં શું કહ્યું?...પણ એમણે ભણાવી ગણાવી ઉછેરી એટલે એવુંજ લાગેને! પણ એ કેવું કહે છે? મારો નાયકણનો આત્મા! એટલે શું સ્ત્રીઓને સ્વતંત્રતાજ નહીં? એમને હું સ્વતંત્ર થાઉં છું તે ગમતું-નથી. ખરી વાત છે. પુરુષ સદાએ પોતાને ચોકીદાર માને છે–જાણે ગામ સીધું રાખવાનું એના હાથમાં હોય તેમ. આવા સારા કાકા આટલું નથી સમજતા કે સ્ત્રીઓ હવે પરહેજમાં નથી રહેવાની. ઠીક છે. હું મારા આચરણથી કાકાને બતાવી આપીશ કે હું સ્વતંત્ર છું, પણ સ્વચ્છંદી નથી—મારો આત્મા સામ્રાજ્ઞી, સખી અને દેવીનો છે; દાસી કે નાયકણનો નથી. લો, આ તો કાકાજ આવ્યા ને! કાકા! કાકા!

**મનહરલાલ:** (ગંભીર મુખે ને સ્થિર નયને આવે છે.) કેમ શશી?

**શશિકલા:** (પાસે જઇ) કાકા! સવારે મેં બહુ નાદાની કરી હોં! માફ કરજો. હું બાલક છું.

**મનહરલાલ:** (ગાંભીર્યથી) ના શશી! તું બાલક નથી, હું વૃદ્ધ થતો જાઉં છું. તને સમજવાની મારી શક્તિ ક્ષીણ થતી જાય છે. તું હવે તારું નીભાવી લે એટલુંજ મારે જોઇએ છે.

**શશિકલા:** કાકા ! એમ ઓછું લાવો છો ? મને કૈં તમારાં વગર ચાલવાનું છે ?

**મનહરલાલ:** શશી ! તને મારે આધીન રાખવી હોત, તો ભણાવત શું કામ ? પૈસા જુદા કરી જુદી રાખવાની યોજના કરત શું કામ ? હું જુના વિચારનો છું, પણ તને તો મારે તદ્દન સ્વાધીન થવા દેવી છે. (ખિન્ન અવાજે) આપણે બંને એક બીજાથી સ્વતંત્ર રહીને—રહીને......રહીને કાકાભત્રીજીનો સંબંધ રાખીશું, એટલુંજ મારે જોઇએ છે.

**શશિકલા:** આમ ખિન્ન અવાજે બોલો છો તે મને ખોટું લાગે છે. કાકા ! તમે અગણિત ઉપકારો કર્યા છે તે હું કેમ ભુલું ?

**મનહરલાલ:** શશી ! ઉપકારવશ થઈ પોષેલી ઊર્મિઓમાં ઝેર ભળતાં વાર લાગતી નથી. મેં તને ઉછેરી તે ભુલી જા, મેં તારા પૈસા સાચવ્યા તે ભુલી જા: મને તારો—તારું માન જોઇએ છે, તારી કૃતજ્ઞતા નથી જોઇતી.

**શશિકલા:** કાકા જેટલું માન હું તમને આપું છું એટલું કોઇને પણ આપું છું ?

**મનહરલાલ:** પણ શશી ! આજથી તારો ને મારો પંથ નીરાળો થાય છે. તેવે સમયે જરા પણ દીલદુ:ખણ મારે નથી જોઇતું.

**શશિકલા:** નથી, કાકા ! એવું કૈં નથી.

**મનહરલાલ:** છે. શશી ! મેં ગુલાબદાસને એક પાકીટ આપ્યું છે, તે આજે લઈ રાતે તારા નવા ઘરમાં સુવા જાય ત્યારે વાંચજે.

**શશિકલા:** એનું શું લખ્યું છે ? હું હમણાંજ લઇ આવું.

**મનહરલાલ:** ના. પછી—

**શશિકલા:** ના. ના. હું હમણાંજ લઇ આવું છું. ઉભા રહેજો. (દોડતી ચાલી જાય છે.)

**મનહરલાલ:** (નીસાસો નાખી) જીવનભરની આશાઓ આજે મૃગજલ ઠરી! મારા પ્રયત્નો આજે ધોવાઈ ગયા ને કાલથી અમારા પંથ ન્યારા.

સ્મૃતિકારે સ્ત્રીને બાળલગ્નના કરંડીઆમાં પુરી હતી. પાશ્ચાત્ય સંસ્કારે તેનું ઢાંકણું ખુલ્લું મુક્યું છે; અને યુગો થયાં સપડાએલી સ્ત્રી ફણા માંડી ફુંફાડા મારે છે...કેવીએક મોહરથી એ વશ થાય એ કોણ જાણે છે! મને લાગતું હતું કે હું ભુલ કરું છું.

પશ્ચિમના પવને કેટલીએ આશાસૃષ્ટિઓ ઉરાડી મુકી તે મારી કેં રહે? ખરી વાત છે. આપણે ક્યાં છીએ તે સમજાતું નથી...છોકરી નાની પરણાવીએ તો સૃષ્ટિનાં છાપરાં નીચાં રહે, પણ ટકે તો ખરાં. તે મોટી થાય, કેળવાય, સમાનતા ને સ્વાતંત્ર્યનો નીશો તેને ચઢે, પછી કયો ખુણો ઉપડી જાય, કઇ ભીંત ત્પડે, ક્યાં નળીઓ સરી પડે, ક્યારે આખું છાપરું ઉપડી જાય એ કેમ કહેવાય?...મારું આખું છાપરું ઉપડી ગયું...

ન ભણાવી હોત, દેશી રીતે રાખી હોત તો—તો...પણ એની નાની, રુપાળી, સ્નેહાળ આંખોએ મને આકર્ષ્યો. મેં તેને મારી કરી, મોટી કરી, તે મારે માટે?...મારા હક્ક માટે? ના. ના. હક્ક પર રચાએલી સૃષ્ટિમાં ધૂમકેતુની પુંછડી જેટલીએ સંગીનતા નથી. એ હક્કો શશી ને ગ્રિવગીરીને મુબારક. મેં કર્તવ્ય પર, (ગંભીર થઇ) પરમ આત્મનિમર્જન, પર એનો ને મારો સંબંધ શરુ કર્યો હતો. (આંખમાં આંસુ લાવીને) મારી ટોપી વેચી મેં એને દુધ પાયું...મેં જાત વેચી એને ઉછેરી...મેં કહાપણ વેચી એને ભણાવી...ને હવે? મનહર! કર્તવ્યસંગ્રામ પુરો કરવો જોઇએ. (આંસુ લુછે છે.) ભવિષ્ય નિરાશામય ભલે હોય. વૃદ્ધ થવું, એકલું—યમને આદરવો એકલે હાથે...એકલા—એકલા.. (ડુસકાં ભરે છે. હોઠ દાબીને) કર્તવ્ય પરાયણતાનાં પણ મૃગજળ છે, એ મૃગજળથી

તૃપ્ત થવું તેમાં સુખ ભલે હોય...પણ...પણ! મૃગરાજ! એ પ્રિય મૃગજલ પાછળ મરવામાંજ તારો તો મોક્ષ છે. (તેનો અવાજ ફાટે છે. તે માથે હાથ દઇ ઉભો રહે છે ને ડુસકાં ખાય છે. શિવગૌરી આવે છે.)

**શિવગૌરી:**( હસીને ) કોણ મનહરલાલ શેઠ કે? કાકાને!

**મનહરલાલ:** (સ્વગત) આ કુબ્જત અત્યારે ક્યાંથી? (શિવગૌરીને) કેમ બ્હેન! તમે ક્યાંથી, આમ એકલાં?

**શિવગૌરી:** મને અંદર ગમ્યું નહીં. મને પણ તમારી માફક ઉપર આકાશ ને નીચે ધરતી હોય ત્યારેજ ગમે છે.

**મનહરલાલ:** તમને કવિતા ક્યાંથી લાધી? મારું જરા માથું દુઃખતું હતું.

**શિવગૌરી:** ( ચિંતા દર્શાવી ) હાય હાય! ત્યારે કહેતા કેમ નથી? હું બામની તપાસ કરી આવું?

**મનહરલાલ:** ના, હું જરા ફરીશ એટલે મટી જશે.

**શિવગૌરી:** હા ચાલો, હું પણ ફરવા લાગું. ફરું છું ત્યારે મને પણ ઠીક લાગે છે, હોં કે કાકા! ( હસીને ) 'કાકા' શબ્દ બહુ સરસ છે, નહીં વારુ? હું તમને કાકા કહું તો?

**મનહરલાલ:** મારા ભત્રીજાઓ ને ભત્રીજીઓની સૃષ્ટિ એવડી મોટી છે કે તેમાં વધઘટ થાય તો કૈં હરકત જેવું નથી.

**શિવગૌરી:** (મીઠાશથી) કાકા! તમારું જીવન બહુ એકલું છે...

**મનહરલાલ:** ( કટુતાથી ) મને એકલા તોડ જેવાજ જીવવું ગમે છે.

**શિવગૌરી:** એ તો વાતો...હૃદય એકલું રહેવા સરજાયું નથી.

**મનહરલાલ:** જુઓની, તમે પણ મારી માફક એકલાં, ઠોઇઆ જેવાંજ વસો છો ને? ( ચાલવા લાગે છે. શિવગૌરી સાથે આવે છે. )

**શિવગૌરી:** ( હસીને ) તમેએ એકલા ને હુંએ એકલી.

મનહરલાલ: (કટુતાથી) સારું છે કે તમે તો પરણી ગયાં છો. નહીં તો કોઇ કહેશે કે આપણું ચોકઠું ગોઠવાય છે કે શું?

શિવગૌરી: (ઘેનભરી આંખે જોઇને) કેં પરણ્યેજ ચોકઠું ગોઠવાતું હશે? આત્માની બેલડી બંધાવા માટે પરણવાની જરુર છેજ નહીં.

મનહરલાલ: આ તમારો અફલાતુની સંપ્રદાય, કેમ?

શિવગૌરી: (હસીને) તમે તો બધાની મશ્કરી કરો છો. Platonic Love–અફલાતુની પ્રેમ એ આ દુનીઆની અસ્વસ્થતાની કુંચી છે.

મનહરલાલ: (કડવાશથી) એમ?

શિવગૌરી: કાકા! તમારા ને મારા આત્માની બેલડી પ્રભુએ સરજેલી છે. કાકા! (સામું જોઇને) આપણા આત્માનું આકર્ષણ—

મનહરલાલ: અરે પણ બાઈ સાહેબ! તમે અફલાતુની સંપ્રદાયનાં છો ને હું આરીસ્તાતાલીસના સંપ્રદાયનો છું.

શિવગૌરી: આરીસ્તાતાલીસ?

મનહરલાલ: ખબર નથી? પ્લેટોનો ગુરુબંધુ એરીસ્ટોટલ—

શિવગૌરી: (હસીને) એનો શો સિદ્ધાંત છે?

મનહરલાલ: (મીઠાશથી) ખોટું ન લગાડો તો કહું—

શિવગૌરી: અરે તમારે કહ્યે તે ખોટું લાગે? કહો તો ખરા.

મનહરલાલ: જવા દોની.

શિવગૌરી: અરે કહો તો ખરા!

મનહરલાલ: (ગાંભીર્યથી) આરીસ્તાતાલીસનો સિદ્ધાંત છે કે જે સ્ત્રી પરણેલા ધણીનું ઘર ન માંડે તેને નાક કાન કાપી, ગધેડે બેસાડી ગામ બહાર કરવી—

શિવગૌરી: હેં! હેં!

[ હૃદય

**મનહરલાલ:** (સખ્તાઇથી) હેં શું ? હા. ગામ બહાર કરવી–નાક ને કાન બને કાપીને–

**શિવગૌરી:** (બરાડો મારે છે.) શું અપમાન—

**મનહરલાલ:** તમે આરીસ્તાતાલીસનો સિદ્ધાંત ગળે ઉતારો એટલે હું ફરી આવું. (ઝપાટાબંધ ચાલી જાય છે)

**શિવગૌરી:** (ડોળા કાઢીને) મારાં નાક કાન કાપવાનો, મુઆ! મારું અપમાન! મને આવું કહ્યું! મને ગધેડે બેસાડવાની! મારે આ ઉમરે આ સાંભળવાનું! ક્યાં ગયા? ભાઈ! ભાઇ! ક્યાં લપાઈ સુતો? ઘેર જઇએ! મારે અહીંઆં એક પળ ઉભા રહેવું નથી. મુઆએ અપમાન કર્યું. એવું તે મેં શું કહ્યું કે મારું અપમાન કર્યું! બેસાડની ગધેડે તારી હોય તેને–મોતીભાઈ! મોતીભાઇ! (જાય છે.)

**દુર્લભરામ:** (એક હાથે ઇંદ્રિજિતને ખેંચી લાવે છે.) જો...આંધળા, આ ગઈ તે કોણ? તારી બૈરી કે કોઇ બીજું? (ચાવીને) નથી–નથી–નથી–ક્યારનો કર્યા કરે છે તે. જો હમણાં પાછી આવશે. તું અહીંઆં આ ઓથામાં બેસ; ને જેવી આવે કે પેલા બે બેઠા છે તેને બોલાવજે. હું ને વલ્લભરામભાઇ પેલા રસ્તા પર બેઠા છીએ. શું સમજ્યો?

**ઇંદ્રિજિત:** (ગભરાટમાં) સમજ્યો—

**દુર્લભરામ:** શું સમજ્યો?

**ઇંદ્રિજિત:** (બોલે છે.) તમે પેલા રસ્તા પર બેઠા છો—

**દુર્લભરામ:** બરોબર! તું જરા ગભરાતો નહીં.

**ઇંદ્રજિત:** (પરસેવો લુછીને) જરા ગભરાતો નહીં.

**દુર્લભરામ:** મૂર્ખા! હું બોલું છું તે શું બોલે છે?

**ઇંદ્રિજિત:** (ચારે તરફ જોઇને) ખરી વાત છે.

**દુર્લભરામ:** હું જાઉં છું.

ઇંદ્રજિત: ( ધ્રુજતો ) પણ કાકા —કાકા !

દુર્લભરામ: શું છે ?

ઇંદ્રજિત: કાકા ! તમે અહીંઆં રહો ને હું રસ્તા પર મોટરમાં બેસું તો કેમ ?

દુર્લભરામ: અરે વાહરે દીકરા વાહ ! જોખમ હું ખેડું ને બૈરી આવે તારી. ચાલ ઉભો રહે—ગભરાયા વિના ! બાપદાદાની આબરુ આજે તારે રાખવાની છે.

ઇંદ્રજિત: ( કરગરીને ) દુર્લભરામભાઈ!

દુર્લભરામ: શું છે?

ઇંદ્રજિત: ( નિર્દોષપણે ) કાકા! આ દુનીઆમાં કોઈની આબરુ રહી છે કે આપણા બાપદાદાની રહેવાની છે?

દુર્લભરામ: બાયલા ! બાયલા ! જો પેલી આવી. ઉભો રહે. ( ઝપાટાબંધ ચાલી જાય છે. )

ઇંદ્રજિત: ( સ્વગત ) બાપદાદાની આબરુ મારે રાખવાની ? બાપદાદા શા? તેની આબરુ શી ? મારે તે રાખવી શી ? નલિનીદલગત-જલમપિ તરલમ્ તદ્વત્જીવિતમતિશયચપલમ્. તેમાં આબરુને શું કરવી છે ? ( દાંત કકડાવે છે. ) ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્. કોણ આવ્યું ? ( સંતાઈને ઉભો રહે છે. )

કુંદનલાલ: ( આવે છે. ) હવે મારું અંતર ચોખ્ખું થઇ ગયું. જયાં સુધી હું વિધુને નિર્મલ માનતો હતો ત્યાં સુધી તેને માટે હું કૈં પણ કરવાને તૈઆર હતો. મેં આખી જીંદગી વહીતરું કર્યું તે આને સારું ? પણ હવે એ છુટી ને હું છુટયો; એ એને રસ્તે ને હું મારે રસ્તે. હવે મને મારો રસ્તો સ્પષ્ટ દેખાય છે. શશીજ મારી જીવન-સખી થવા નિર્માઇ છે.

**મનહરલાલ:** (સખ્તાઇથી) હેં શું ? હા. ગામ બહાર કરવી—નાક ને કાન બંને કાપીને—

**શિવગૌરી:** (બરાડો મારે છે.) શું અપમાન—

**મનહરલાલ:** તમે આરીસ્તાતાલીસનો સિદ્ધાંત ગળે ઉતારો એટલે હું ફરી આવું. (ઝપાટાબંધ ચાલી જાય છે)

**શિવગૌરી:** (ડોળા કાઢીને) મારાં નાક કાન કાપવાનો, મુઆ ! મારું અપમાન ! મને આવું કહ્યું ! મને ગધેડે બેસાડવાની ! મારે આ ઉમરે આ સાંભળવાનું ! ક્યાં ગયા ? ભાઈ ! ભાઇ ! કયાં લપાઈ સુતો ? ઘેર જઇએ ! મારે અહીંઆં એક પળ ઉભા રહેવું નથી. મુઆએ અપમાન કર્યું. એવું તે મેં શું કહ્યું કે મારું અપમાન કર્યું ! બેસાડની ગધેડે તારી હોય તેને—મોતીભાઈ ! મોતીભાઇ ! (જાય છે.)

**દુર્લભરામ:** ( એક હાથે ઇંદ્રજિતને ખેંચી લાવે છે. ) જો...આંધળા, આ ગઈ તે કોણ ? તારી બૈરી કે કોઇ બીજું ? ( ચાવીને ) નથી—નથી—નથી—કયારનો કર્યા કરે છે તે. જો હમણાં પાછી આવશે. તું અહીંઆં આ ઓથામાં બેસ; ને જેવી આવે કે પેલા બે બેઠા છે તેને બોલાવજે. હું ને વલ્લભરામભાઇ પેલા રસ્તા પર બેઠા છીએ. શું સમજ્યો ?

**ઇંદ્રજિત:** ( ગભરાટમાં ) સમજ્યો—

**દુર્લભરામ:** શું સમજ્યો ?

**ઇંદ્રજિત:** ( બોલે છે. ) તમે પેલા-રસ્તા પર બેઠા છો—

**દુર્લભરામ:** બરોબર ! તું જરા ગભરાતો નહીં.

**ઇંદ્રજિત:** ( પરસેવો લુછીને ) જરા ગભરાતો નહીં.

**દુર્લભરામ:** મૂર્ખા ! હું બોલું છું તે શું બોલે છે ?

**ઇંદ્રજિત:** ( ચારે તરફ જોઇને) ખરી વાત છે

**દુર્લભરામ:** હું જાઉં છું.

**ઇંદ્રજિત:** ( ધ્રુજતો ) પણ કાકા —કાકા !

**દુર્લભરામ:** શું છે ?

**ઇંદ્રજિત:** કાકા ! તમે અહીંઆં રહો ને હું રસ્તાપર મોટરમાં બેસું તો કેમ ?

**દુર્લભરામ:** અરે વાહરે દીકરા વાહ ! જોખમ હું ખેડું ને બૈરી આવે તારી. ચાલ ઉભો રહે—ગભરાયા વિના ! બાપદાદાની આબરુ આજે તારે રાખવાની છે.

**ઇંદ્રજિત:** ( કરગરીને ) દુર્લભરામભાઈ!

**દુર્લભરામ:** શું છે?

**ઇંદ્રજિત:** ( નિર્દોષપણે ) કાકા! આ દુનીઆમાં કોઇની આબરુ રહી છે કે આપણા બાપદાદાની રહેવાની છે ?

**દુર્લભરામ:** બાયલા ! બાયલા ! જો પેલી આવી. ઉભો રહે. ( ઝપાટાબંધ ચાલી જાય છે. )

**ઇંદ્રજિત:** ( સ્વગત ) બાપદાદાની આબરુ મારે રાખવાની ? બાપદાદા શા? તેની આબરુ શી ? મારે તે રાખવી શી ? નલિનીદલગત–જલમપિ તરલમ્ તદ્વત્જીવિતમતિશયચપલમ્. તેમાં આબરુને શું કરવી છે ? ( દાંત કકડાવે છે. ) ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્. કોણ આવ્યું ? (સંતાઇને ઉભો રહે છે.)

**કુંદનલાલ:** (આવે છે.) હવે મારું અંતર ચોખ્ખું થઇ ગયું. જ્યાં સુધી હું વિદ્યુને નિર્મલ માનતો હતો ત્યાં સુધી તેને માટે હું કૈં પણ કરવાને તૈયાર હતો. મેં આખી જીંદગી વકીલાતરું કર્યું તે આને સારું ? પણ હવે એ છુટી ને હું છુટયો; એ એને રસ્તે ને હું મારે રસ્તે. હવે મને મારો રસ્તો સ્પષ્ટ દેખાય છે. શશીજ મારી જીવન–સખી થવા નિર્માઇ છે.

**ઇંદ્રજિતઃ** (સ્વગત) એ મારા બાપ!

**કુંદનલાલઃ** અમે એકબીજાને કેવી સહેલાઇથી સમજી શકીએ છીએ...! એ મને પહેલેથી મળી હોત તો હું આજે સોલીસીટર ન હોત, પણ ન્યાયમૂર્તિ થઇ બેઠો હોત...મારી બુદ્ધિને એનાથી પાનો ચઢે છે... એ મને ઘણી ચાહુ છે. એ મને કુંદનલાલ કહે છે તે કેવા માધુર્યથી? કોઇને મેં એવી રીતે એ શબ્દ બોલતાં સાંભળ્યું નથી. ઉચ્ચારણે ઉચ્ચારણમાંથી પ્રેમ ઝરે છે. ને હવે એ સ્વતંત્ર થઇ... પણ વિધુનું શું? એ પીઅર જશે પણ શશી એક પર બીજી થવા હા કહેશે?

**ઇંદ્રજિતઃ** (સ્વગત) શિવ! શિવ! શિવ!

**કુંદનલાલઃ** (હસીને) જરાક લોકો બોલશે, પણ–પણ–એમાં શું? છુટાછેડાનો કાયદો હોત તો કેવું સારું! શુષ્ક લગ્નના કાષ્ઠ-પિંજરમાં પ્રાણને પુરી રાખવા કરતાં તેને ઉડવા દેવો જોઇએ. આવા કઢંગા લગ્નના રીવાજથીજ હીંદુસ્થાનનું નખ્ખોદ ગયું...

**ઇંદ્રજિતઃ** (સ્વગત) ભાઈ, હીંદુસ્થાન તારવાનું હવે તારાજ હાથમાં આવ્યું છે. શાંતં પાપમ્! શાંતં પાપમ્!

**કુંદનલાલઃ** આ આવી! શી ચાલ છે? ને શી અંગે અંગની છટા છે?

**ઇંદ્રજિતઃ** (સ્વગત) હર! હર!

નારીસ્તનભરનાભિનિવેશમ્ ।
મિથ્યામાયામોહાવેશમ્ ॥

**કુંદનલાલઃ** (છાતી પર હાથ મુકીને) એનું અંગ ડોલે છે ને મારો આત્મા ડોલે છે.

**ઇંદ્રજિતઃ** (સ્વગત) એતન્માંસવસાદિવિકારમ્–

**શશિકલાઃ** (આવે છે.) કાકા! (કુંદનલાલને જોઇને) કાકા નથી! તમે જોયા?

કુંદનલાલ: (હસીને) ના.

શશિકલા: ને ગુલાબદાસને જોયા?

કુંદનલાલ: (હસીને) ના.

શશિકલા: (ચિંતાતુર અવાજે) એ બંને ક્યાં ગયા?

કુંદનલાલ: હશે ક્યાંય. તમે શા માટે ફીકર કરો છો?

શશિકલા: આજે સવારથી કાકા મને જુદા થઈ ગએલા લાગે છે.

કુંદનલાલ: એ તો હોય. આપણે સવારે પૈસાની વાત કરી, એટલે ની કમાન છટકી. પૈસો છોડવો કોઈને ગમે છે?

શશિકલા: ના. કુંદનલાલ! તમે એમને અન્યાય કરો છો! મારી જોડે કાકા કોઈ દહાડો એવી રીતે વર્ત્યા નથી. પોતાની છોકરીથી વધારે મને ગણી છે.

કુંદનલાલ: (હસીને), તમને કોણ એમ ન ગણે?

શશિકલા: કુંદનલાલ! તમે મારા મિત્ર છો—

કુંદનલાલ: છું. કેમ? શું છે?

શશિકલા (ધીમે અવાજે) તો એક પુછું? ખાનગી રાખજો. મને આજે એક વહેમ ગયો.

કુંદનલાલ: શો? (પાસે આવે છે.)

શશિકલા: કાકા પરણ્યા નહીં તેનું કારણ મને હવે સમજાય છે. મને કોઈ સ્ત્રી દુ:ખ ન દે તે માટે ન પરણ્યા.

કુંદનલાલ: હા, હા હા શશિબહેન! જેવાં તમે નિર્મલ છો તેવા તમારા વહેમ નિર્મૂલ છે, ખરું કારણ કહું? મને લાગે છે કે તમને પરણવાની દાનત હશે તેમાં નહીં પરણ્યા.

શશિકલા: (ખડખડ હસીને) Nonsense! (તદ્દન ખોટું!) કુંદનલાલ, શી Stupid (મૂર્ખાઈભરી) વાત કરો છો? આતો સોલીસીટરને શોભે એવું કારણ શોધી કાઢ્યું. તમને લોકોને સ્વાર્થ શીવાય બીજું કૈં જડતું નથી? તો મને પરણી ગયા કેમ નહીં?

**કુંદનલાલ:** My innocent Queen! (મારાં નિર્દોષ રાણી!) તમારા જેવા સંસ્કારી એને પરણવાની હા પાડે! એટલું સમજે એવા તો એ પાકા છે.

**શશિકલા:** (શરમાઇને) Nonsense! (તદ્દન ખોટું!) તો મને ખાને બધું સોંપી સ્વતંત્ર કેમ કરી?

**કુંદનલાલ:** કરે નહીં તો જાય ક્યાં? તમારા વ્યકિતત્વથી એ ડરે છે.

**શશિકલા:** તદ્દન ખોટી વાત. પણ તમે કેમ આમ કુંજરાએલા ફરો છો? વિધુબહેન ક્યાં છે?

**કુંદનલાલ:** (ધીમેથી) શશિબહેન! તમે એક ખાનગી વાત કરી. હું બીજી કરું?

**શશિકલા:** હા. કહેવાની શું છે?

**કુંદનલાલ:** તમારા અને મારા વિચારો સંવાદી છે. હું તમને કૈં પણ કહું તે તમે સમજશો એવી મને ખાત્રી છે.

**ઇંદ્રજિત:** (સ્વગત) મારી નાંખ્યા! આણે તો મહોકાણ માંડવા માંડી. શિવ! શિવ! શિવ!

**કુંદનલાલ:** (આર્દ્ર દૃષ્ટિથી જોઇ) આજે વિધુ મારા જીવનમાંથી લુપ્ત થઈ.

**શશિકલા:** (ચમકીને) વિધુબહેન જીવનમાંથી લુપ્ત થયાં? શું બોલો છો?

**કુંદનલાલ:** હા. એના તરફનું મારું કર્તવ્ય પુરું થયું.

**શશિકલા:** આમ શું કહો છો? જાણે નરસિંહ મહેતા ભલું થયું ને ભાંગી જંજાળ ગાતા હોય એવું શું બોલો છો?

**ઇંદ્રજિત:** (સ્વગત) અરે બાપ! એને સુખે ગોપાલ નથી ભજવા.

**કુંદનલાલ:** (નિઃશ્વાસ મુકી) હા. હવે હું ને તમે સુખેથી મિત્ર રહીશું. હવે હું સ્વતંત્ર છું અને તમે સ્વતંત્ર છો. આપણા આત્માનો સહચાર છેજ. હવે આપણે નિરંકુશ જીવનનો સહચાર સાધીશું.

**શશિકલા:** (ગૌરવથી) આ શું બોલો છો, કુંદનલાલ?

**કુંદનલાલ:** (શશિકલાનો હાથ પકડીને જુસ્સાથી) શરમાઓ નહીં. શશિકલા! હું જોઇ શકયો છું. મારા ભવોભવની ભુખ ટળી છે. તમારું સહજીવન એજ મારો મોક્ષ. હવે આપણે બે—

**શશિકલા:** (હાથ તરછોડી દૂર ખસે છે.) કુંદનલાલ! તમે શું બોલો છો તેનું તમને ભાન છે?

**કુંદનલાલ:** ભાન! હા. ભાન છે. હવે મારાં પડલ ખસ્યાં છે. તમારી ને મારી આંખમાંથી ઝરી રહેતાં અમીનાં રહસ્ય સમજાયાં છે. પ્રાણેશ્વરી!—

**શશિકલા:** કુંદનલાલ! તમે કોને કહો છો? દારુ પીધો છે?

**કુંદનલાલ:** હાં. તમારા પ્રણયનો—

**શશિકલા:** (ધાંટો કાઢી) પ્રણયનો! તમારી સ્ત્રી-રાખ હોઉં એમ બોલો છો! એક શબ્દ વધારે બોલશો તો જીભ ખેંચી કાઢીશ.

**ઇંદ્રિજિત:** (સ્વગત બાંય ચઢાવી) હું વહારે ધાઉં!

**કુંદનલાલ:** (ધૃષ્ટતાથી પાસે આવી) શશી! તું મને એમ છેતરી શકે એમ નથી. તારું હાસ્ય, તારી ગોઠડી, હું બધું સમજુ છું— (પાસે આવે છે.)

309||

**ઇંદ્રિજિત:** (સ્વગત બાંય ઉતારી) જવા દે જીવ!

**શશિકલા:** (ક્રોધથી) નીચ! (આઘી ખસીને) તું એમ માને છે કે હું તને ચાહું છું? મહાંધ! ખબરદાર એક ડગલું આવ્યો છે તો!

**કુંદનલાલ:** (તેવાજ ગૌરવથી ડોળા ફાડી) ત્યારે તું મારી જોડે રમત કરતી હતી?

**વિધુમુખી:** (હસીને) તમે ચાલોની.

**કુંદનલાલ:** ના. તું જા. તું છે પછી મને કોઇની પરવા નથી. મને તુંજ જોઇએ છે.

**વિધુમુખી:** (વળગીને) મારા વાલમ! તમારા હેતની કીંમત તો હુંજ જાણું છું. શશિબ્હેનને નહીં કહીશું તો શું? કાલે મારી માગી લઇશું. ચાલો ત્યારે ચાલી જઇએ. આપણી મોટર ત્યાં હશે. ચંદ્રિકામાં એકલાં ઝવી મજાહ પડશે! (ચારે તરફ જોઇ તેને આલિંગે છે.)

**કુંદનલાલ:** ખરી વાત! મને આ સ્થલ ઝેર જેવું લાગે છે. ચાલ, મને એક પલ અહીં રહેવું નથી—(વિધુને પકડી લઇ જાય છે.)

**ઇંદ્રજિત:** (બહાર આવીને)

વૃદ્ધો યાતિ ગૃહીત્વા દંડમ્
તદપિ ન મુંચત્યાશાપિંડમ્
ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્
ભજગોવિંદમ્ મૂઢમતે......

શી દુનીઆ છે?

(શિવગૌરીને આવતી જુએ છે એટલે ચમકીને અંધારામાં ધ્રુજતો ધ્રુજતો ભરાઇ જાય છે.) શિવ! શિવ! શિવ!

**શિવગૌરી:** મુઓ! પ્રાધડી—હેં! (આંખો ચોળે છે. આંખે હાથ મુકે છે ને થોડી વારે ખોલે છે.) મને આ ચાંદનીમાં હમણાં કોણ દેખાયું? (જોરથી પોકારે છે.) કોણ છે? કોણ?

**ઇંદ્રજિત:** (કાંપતાં) લાવ શિવકવચ બોલું. ૐ નમો ભગવતે સદાશિવાય સકલતત્ત્વાત્મકાય—

**શિવગૌરી:** (સ્વગત) પેલા મુઆનું ભૂત દેખાયું! એ નામ-બોળુનું ભૂત મારી પાછળ પડયું કે શું?

ઇંદ્રજિત: ( સ્વગત ) સર્વમન્ત્રસ્વરૂપાય—સર્વમન્ત્રાધિષ્ઠિતાય—

શિવગૌરી: ( સ્વગત, જોરથી ) એ તો મુઓ મંતર જંતર રોજ કરતો હતો, તે એણે મારી પાછળ ભૂત મુક્યું કે શું ? તે હું ડરવાની છું ? ( ચારે તરફ જોઇને ) નીકળ પાવડીવાલ્યા ! મુઆ !

ઈંદ્રજિત: ( કાંપેલો, સ્વગત ) સર્વતન્ત્ર વિદ્રાય બ્રહ્મરુદ્રાવતારિણે— ( બબડે છે. )

શિવગૌરી: મારો અવતાર બાળ્યો, મારી જુવાની બાળી ને મુઓ હવે મારી પાછળ ભૂત છોડે છે ! કોણ છે એ ? ( ચારે તરફ ગુસ્સાથી જુએ છે. ) આવ ! આવ ! તારા ભૂત ને પ્રેત ને બધાંને હું પુરી પડીશ.

ગંગાબહેન: ( આવે છે. ) શું છે ? શિવગૌરીબહેન ! શિવગૌરીબહેન ! શી બુમ પાડો છો ?

શિવગૌરી: ( ડોળા કાઢીને ) આ તમે બધાં મને અહીંઆં બોલાવીને કરવા શું બેઠાં છો ? એક મુઓ ભૂત થઇને પાછળ પડ્યો છે, ને બીજો મુઓ કહે છે મને ગધેડે બેસાડીને ગામ બહાર કરવી !

ઈંદ્રજિત: ( ઝડપથી બબડ્યેજ જાય છે. ) નીલકણ્ઠાય પાર્વતી—મનોહરપ્રિયાય સોમસૂર્યાગ્નિલોચનાય ભસ્મોદ્ધૂલિતવિગ્રહાય મહામણિ—મુકુટધારણાય માણિક્યભૂષણાય—

ગંગાબહેન: ( સહાનુભૂતિ દર્શાવી ) અરે આમ શું બોલો છો ? કાંઇ ગાંડાં થયાં ? ભૂત શાં ? ગધેડાં શાં ?

શિવગૌરી: મેં અત્યારે પેલા મુઆનું ભૂત જોયું.

ગંગાબહેન: ( ચમકીને ) કોનું ? તમારા—

શિવગૌરી: હા.

ગંગાબહેન: તેમાં બીધેલાં લાગો છો ?

શિવગૌરી: હું બીહું ? જાણે એવા ભૂતથી હું બી જવાની છું ! એનું ભૂત મળે તો મારે એટલુંજ નક્કી કરવું છે કે હું એના નામનો

ચુડો ફોડું કે કેમ ? પેલો મોતીભાઇ ક્યાં ગયો ? મોતીભાઇ ! અહીંઆં મારે ઉભા નથી રહેવું. આજે તો મારું પાણી આવ્યુ છે.

ઇંદ્રજિત: સૃષ્ટિસ્થિતિપ્રલયકાલરૌદ્રાવતારાય દક્ષાધ્વરધ્વંસકાય મહાકાલભેદનાય મૂલાધારનિલયાય—

ગંગાબહેન: ( જરાક હસવું દબાવી ) એવુંજ લાગે છે. પણ પેલા ગધેડાનું શું ?

શિવગૌરી: પેલા મુઆ કાકાએ મારું અપમાન કર્યું.

ગંગાબહેન: મનહરશેઠ ! શી વાત કરો છો ? હોય નહીં !

શિવગૌરી: તારે ખોટી વાત ? હું અફલાતુની પ્રેમની વાત કરતી હતી—

ગંગાબહેન: ( મજાકમાં ) પછી ?

શિવગૌરી: મને મુઓ કહે કે આરીસ્તાતાલીસનો સિદ્ધાન્ત છે—

ગંગાબહેન: શો ?

શિવગૌરી: કે ધણીનું ઘર નહીં માંડે તેનાં નાક કાન કાપી ગધેડે બેસાડી ગામ બહાર કરવી. જો મુઓ કહેવા બેઠો !

ઇંદ્રજિત: ( સ્વાગત ) ધન્ય છે મનહરશેઠ !

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્

શિવગૌરી: બેસાડની ગધેડે એની પેલી ફાટેલી—

ગંગાબહેન: ( હસવું ખાળીને ) અરે બહેન, જરા ધીમાં તો પડો. આ સારું લાગતું નથી. મોતીરામને બોલાવી ઘેર જાઓ. ચાલો, હું શોધી કાઢું.

શિવગૌરી: એવું થાય છે કે કોઇનું માથું ફોડી નાંખું ! (બંને જાય છે.)

ઇંદ્રજિત: ( બોલતો બહાર આવે છે.) તત્ત્વાતીતાય ગંગાધરાય સર્વદેવાધિદેવાય પડાશ્રયાય વેદાન્તસારાય—

ચાલી ગઇ! ગઇ! (નીસાસો મુકે છે.) અરે એ તો ચાલી ગઇ ને મારે એને ઉપાડી લઇ જવી હતી તે તો રહી ગયું! ઓ મારી મા! પેલા દુર્લભરામભાઇ ને વલ્લભરામકાકા શું કહેશે? પેલા મવાલીઓ શું કહેશે? મોટર તો ત્યાં ઉભી છે ને હું તો ભુલી જ ગયો.... શિવ! શિવ! શિવ! (હાથ જોડે છે.) પણ દીનાનાથ! દીનબંધુ! જે થયું તે સારું જ થયું. પાર્વતીપતિ! તમે મહેરજ કરી. હું આજે લઇ જાત તો! મારા ભૂતને ખાઇ જાય તો મને...ઓ બાપ રે! મારું ભૂત મળે તો ખાત્રી કરે કે ચુડો ફોડે કે કેમ?

**ગંગાબહેન:** (આવીને) કોણ? ભાઇ?

**ઈંદ્રજિત:** (ચમકે છે પણ ગંગાબહેનને ઓળખીને) કોણ? બહેન?

**ગંગાબહેન:** તમે ક્યાંથી અહીંઆં?

**ઈંદ્રજિત:** (ચશ્મા ઉંચા કરે છે.) શિવગૌરીને ઉંચકી જવા આવ્યો હતો! વાહન તૈઆર છે, ઉંચકનાર તૈઆર છે; પણ—

**ગંગાબહેન:** (હેતથી) પણ—

**ઈંદ્રજિત:** મને જ્ઞાન થયું. મારો ભોળોનાથ વારે ધાયો. મે શિવકવચ ભણ્યું ને મને જ્ઞાન થયું—

**ગંગાબહેન:** શું?

**ઈંદ્રજિત:** અહીંઆં એ આવી; એકલી હતી. ઉપાડી જવાનું મન થયું ને રાજા ભરથરીના શબ્દોમાં મને ભોળાનાથે જ્ઞાન આપ્યું:

> રે કંદર્પ કરં કદર્થયસિ કિં કોદંડટંકારિતૈઃ
> રે રે કોકિલ કોમલૈઃ કલરવૈઃ કિં ત્વં વૃથા જલ્પસિ
> મુગ્ધે સ્નિગ્ધવિદગ્ધમુગ્ધમધુરૈર્લોલૈઃ કટાક્ષૈરલમ્
> ચેતશ્ચુંબિતચંદ્રચૂડચરણધ્યાનામૃતં વર્તતે ॥ [1]

---

૧. રે કામદેવ! તારા ધનુષ્યનો ટંકાર કરી હાથને શા માટે દુઃખવે છે? રે કોયલ! તારા કોમલ ને મધુર સ્વર વડે નકામો બબડાટ શા માટે કરે છે? મુગ્ધા! તારાં સ્નેહાળ, સુંદર, ચાતુરીભર્યાં વિલોલ કટાક્ષો બસ કર. મારા ચિત્તે ચન્દ્ર જેના કપાલે છે એવા સદાશિવના ચરણનું ધ્યાનામૃત ચાખ્યું છે.

**ગંગાબ્હેન:** ચાલો ભાઇ નીરાંત થઈ. તમે શિવગૌરીને લઇ આવવાની વાત કરી ત્યારથીજ મને લાગ્યું હતું કે તમારું તપ પરવારી ગયું.

**ઇંદ્રજિત:** ( હસીને હાસ્યાસ્પદ ગૌરવથી જુએ છે. ) તપ પરવારે કેમ ? હવે હું જાઉં છું.

**ગંગાબ્હેન:** ચાલો, હું પણ આવું. કોણ જાણે શું છે કે આજે અહીંઆં કોઇના જીવ ઠેકાણે નથી. બધા એકલાં બાવરાં ફરે છે ત્યાં મને કોણ સંભારવાનું છે ? ચાલો.

**ઇંદ્રજિત:** ( હસીને માથે હાથ મુકે છે. ) મને હવે શાંતિ વળી. મેં શંકરને રોજ રુદ્રી કરવાની બાધા લીધી છે.

**ગંગાબ્હેન:** ( હસીને ) શિવગૌરી નહીં આવે તો રોજ ગીતાજીના સોળમા અધ્યાયનો પાઠ કરવાની મેં પણ બાધા લીધી છે.

**ઇંદ્રજિત:** ચાલો હવે હું શાંતિનું સેવન કરીશ.

**ગંગાબ્હેન:** ને હું બેસીને ગીતા વાંચીશ.

**ઇંદ્રજિત:** ( ચશ્મા કાઢીને લુછે છે. ) ને આપણે શાંકર ભાષ્ય સાથે વાંચીશું. ચાલો, પેલી મોટર. ( બંને જવા જાય છે.)

**દુર્લભરામ:** ( આવીને ) અલ્યા ! ક્યારનો શું કરે છે ? કેટલી વાર ? બેસી બેસીને થાકી ગયા !

**ઇંદ્રજિત:** ( હાથ જોડે છે. ) મારા મુરબ્બી ! મારા મા ને બાપ ! મારા ભગવાન ! હું હાથ જોડું છું. હું પગે પડું છું. હવે મને જવાદો.

ચેતશ્ચુમ્બિતચંદ્રચૂડચરણધ્યાનામૃતં વર્તતે ! [1]

**દુર્લભરામ:** અરે ! ચુંબન—ને ચુડાવાલા—

( ઇંદ્રજિત દોડી જાય છે. )

---

૧. મારા ચિત્તે ચન્દ્ર જેના કપાલે છે એવા સદાશિવના ચરણનું ધ્યાનામૃત ચાખ્યું છે.

ઉતારી નાખવા! ધૂળ પડી બાપદાદાની આબરૂ પર!

( લાકડી ઠોકી ચાલી જાય છે. )

શશિકલા: ( હાથમાં કાગળો લઈ ) કાકા ક્યાં ગયા? કાકાએ આ શું કર્યું? અરે આટલું બધું! ( કાગળો કાઢી વાંચે છે. )

“ કુસુમ! તારી સુધારાની વાત ખરી છે. તને મારે અર્ધોઅર્ધ ભાગ આપવો જોઈએ. આ સાથે મારી મીલકતની વીગત અને અર્ધો ભાગ પૂરો કરી આપવાની કબુલાત. ગુલાબદાસને બરાબર જણાવીને કરી આપવા મેં કરી દીધું છે.

લી.

મનહરદાસ”

આ શો જુલમ! વીસ વર્ષની જાતકમાણીમાં મને અર્ધો ભાગ! ના. હું એવું કદી નહિ થઉં. મારે કાંઈ ધર્માદા જોઈએ છે?

ગુલાબદાસ: ( પાન ચાવતા આવે છે. ) અરે બધાં ક્યાં ગયાં? હું જરા બહારને ડેલી ગયો એટલે બધાંજ ચાલી ગયાં? બહેન! કાકા ક્યાં છે? હવે હું જાઉં છું. ઘરે ચલણ મોટે સુધી પવન આવો લાગ્યો નહીં.

( તપકીર સુંઘે છે. )

શશિકલા: હું પણ કાકાનેજ શોધું છું. પણ ગુલાબદાસભાઈ! કાકા આવું કરે તે શોભે નહીં. આતો ધર્માદા—

ગુલાબદાસ: ( જરા માથા પર પાઘડી ગોઠવતાં ) અરે! નારે! તમને નવી છોકરીઓને જોઈએ છે શું? ભીખારીએ આટલાં લાખ આપ્યા ત્યારે બાપનો ભાગ માંગ્યો; ભીખારીએ અડધી મીલકતમાં ભાગ આપ્યો ત્યારે ધર્માદા પડે છે. અરે! તમને આજ કાલના જમાનાને થયું છે શું? પેલા ભીખારી સોના જેવા માણસ પાસે ધીરાણ માંગવા બેઠી, ને ભીખારીનો જવ વેરી નાખ્યો. ( પાન ખાય છે. ) આજકાલની દુનીઆ

જોઇને મારું તો માથું ફરી આવ્યું! સાલી ભલમનસાઈ ક્યાંય રહીજ નથી.

**શશિકલા:** (ગભરાઈ જઇને) પણ ગુલાબદાસભાઇ, મારે કોઈની હરામની પાઇ ક્યાં જોઇએ છે? મને મારા હક્ક—

**ગુલાબદાસ:** (પાન ચાવતાં ગરમ થઇને) તું મને ગરમ કરી નહી નાખ! અરે તારો હક્ક! એતો મારા દીકરા જેવો છે તે જીવ બળી જાય છે. બાઇ તારો હક્ક—

**શશિકલા:** મારા બાપના પૈસા—

**ગુલાબદાસ:** અરે બાઇ! તારો બાપ ને તારી મા ને તારા દાદો ને તારી દાદી કયે દિવસે કોઈએ દીઠાં છે? એ બધામાં જોઈએ તો એ છે—મનહર શેઠ. હું ઘરડે ઘડપણ નથી બોલતો તેમાં!

**શશીકલા:** પણ મારા બાપ ભાગીઆ—

**ગુલાબદાસ:** અરે ઓ બાપાની દીકરી! તું સાંભળ. આ મનહર મુંબઇ આવ્યો ત્યારે બે વર્ષની તને લઈને આવ્યો. કોટ વેચીને એ મુંબાઈ આવ્યો ને મારા ઘર આગળ ટોપી વેગીને દુધ લઈ તને પાતો હતો ને મારા મોટાભાઈએ જોયો અને એને નોકર રાખ્યો.

**શશિકલા:** (ચકિત થઇ) ત્યારે શું એ અને મારા બાપ ભાગીઆ નહીં?

**ગુલાબદાસ:** (તપકીર સુંઘીને) તારે હું તેજ કહું છું ને! આ તે કાંઇ જમાનો છે? નેવનાં પાણી આ સડસડાટ મોભેજ ચાલ્યાં! પગાર જોઇએ તો તને અમારે ઉછેરવાની; બીજો પૈસો નહીં આપવાનો. (શશિકલા હોઠ પીસી વેદનાગ્રસ્ત આંખે જોઈ રહે છે.) એ તો મનહર જેવો માણસ! મારા ભત્રીજાને એ નીશાળે લઇ જાય ને ભણીને પોતે પાછો આવે. ને મોટા ભાઇએ બસેં રુપીઆ આપી ફેરી કરાવી તેના આજે બધા બોલબાલા છે. તે બીચારો રુપીઓ બચાવે તો તારા નામના ચાર આના અમારે ત્યાં જમે કરાવે. જો બાપાનો

ભાગ માંગવા નીકળી છે! બાઇ! તેમાંજ અમે કહીએ છીએને કે હવે તો આંખ મીંચાય તો સારૂં આવા જુની આંખે નવા તમાશા જોવા ઓછા! સારો હડહડતો કલિયુગ! કહેજે મનહરને કે હું તો જાઉં છું. (આંસુ લુછતો, નાક ખંખેરતો ચાલી જાય છે.)

**શશિકલા:** (ઉંચું જુએ છે, ધ્રુસ્કા લે છે ને રડતી બોલે છે.) ને મારે મારા હક્ક જોઇએ છે!—સ્વતંત્ર થવું છે! –બાપનો ભાગ જોઈએ છે! ઓ મારા ભગવાન! (ભોંયમાં માથું નાખી રડે છે.)

**ગૌરીશંકર:** (કાવ્યમયતાના નીશામાં ચકચુર) હું–તું–ને ચાંદની...

આ કોણ? શશીબહેન? લો હું તમને જ શોધતો હતો. (શશિકલા ઉંચું જોઇ બેસે છે ને લુગડું ઠીક કરે છે.) હું તેજ પળની વાટ જોતો હતો જ્યારે હું, તમે, સાગર ને ચંદ્રિકા ચારે મળી હૈયાં ખોલીએ.

**શશિકલા:** (નીસાસો નાંખીને) અત્યારે હવે હૈયાં ખોલવાનો વખત નથી. મને લાગે છે કે બધાંને બોલાવી ચાલવા માંડીએ.

**ગૌરીશંકર:** (હસીને) જરા ધીમે, જરા આસ્તે. આવું રમણીય સ્થળ, આવું સાગરસંગીત, આવી માદક ચંદ્રિકા, આવાં તમે ને હું ફરી ક્યાં મળવાનાં છીએ? તમારો આત્મા સંવાદી નૃત્ય કરતો નથી લાગતો? મને સંભળાય છે ને—

**શશિકલા:** (કંટાળીને) તમે તો કવિરાજ છો. તમને સંભળાય તે અમને કાંઇ સંભળાય?

**ગૌરીશંકર:** તમને એમ નથી લાગતું કે આપણા આત્માઓ ભવને કાંઠે બે સારસ સમા ઉડ્યાન કરે છે?

**શશિકલા:** અત્યારે મારૂં માથું દુઃખે છે ને ઘેર જવાનું મન થાય છે—

**ગૌરીશંકર:** તેજ વખતે મારે એક યાચના કરવી છે.

**શશિકલા:** શી?

**ગૌરીશંકર:** કાલે તમે સ્વતંત્ર થશો, ત્યારે સ્થાન લેશો સુભગે, એક સામ્રાજ્ઞીને સ્હને સિંહાસને ? તમ માટે એ અનાદિ કાળથી વાટ જુએ છે.

**શશિકલા:** શું કહેવા માગો છો ?

**ગૌરીશંકર:** ( ધૃષ્ટતાથી ) કહેવા માગું છું તે નવું નથી, જુનું નથી. સર્જનજુનું છે, છતાં નવનવીન છે. તમે એ નિઃશબ્દ નિમંત્રણ ક્યારનુંએ સાંભળ્યું છે, સ્વીકાર્યું છે.

**શશિકલા:** તમારે ત્યાં આવવાનું ? ( માથું બે હાથે દાબી ) મને સમજાતું નથી. કાલે વાત. ( ઉઠવા જાય છે. )

**ગૌરીશંકર:** ( ખેંચીને બેસાડે છે. ) ઉઠશો માં. એ નિમંત્રણને હું ઉચ્ચારું છું--સાગરને ચંદ્રિકાની સાખે. સખીરી ! દેવી ! પધારશો આ હૃદયને મંદિરીએ ?

**શશિકલા:** (ગુસ્સામાં)You Idiot ! (મૂરખા !)શું કહેવા માંગે છે ?

**ગૌરીશંકર:** હું કહેવા માગું છું તેની તમે વાટ જોતાં બેઠાં છો. દેવી ! મારી ને તમારી રસગ્રંથિ આપણાં રસિક હૈયે સ્વીકારી છે. આ બધા પાસે સ્વીકારાવશો ?

**શશિકલા:** ( તિરસ્કારથી ગૌરીશંકરના મોઢા પર રેતી ફેંકે છે. ) Fool ! ( મૂરખા ! ) મને પરણવાની ઇચ્છા રાખે છે ?

**ગૌરીશંકર:** દેવી ! પ્રભુતામાં પગલાં પાડવાની હોંશ ખરી. બોલો, ક્યારે ?

**શશિકલા:** ( ગુસ્સામાં ) ક્યારે હું તને પરણું ? આ તારી આદર્શમયતા ! હું તને પરણું ? તને પરણતાં પહેલાં તો હું ઝેર ખાઈશ—મારા ઘાટીને પરણીશ; સમજ્યો ? ખબરદાર ફરી બોલ્યો છે તો. ( ઉભી થઇ જાય છે. )

**ગૌરીશંકર:** ( ઉભો થઇ હાથ પકડે છે. ) સુભગે ! ગરમ ન થશો; પણ મારું ચિત્ત તમે ચોર્યું છે, હૃદય તમે કેદ કર્યું છે. હવે ક્યાં

જશો? ભુલી ગયાં? મને કેદ કર્યો છે, હવે ક્યાં જશો?—મને બંધી ક્યાં છુટશો?

**શશિકલા:** મેં તને પ્રેમમાં પાડયો? વાહરે વાહ! નફટાઇની કાંઇ હદ છે? છોડ મારો હાથ! (હાથ છોડવે છે.)

**ગૌરીશંકર:** (ગળગળો થઇ) એટલે મને નહીં પરણો? મને છેહ દો છો? દેવી! મારા મનોરથોના મહાલયોને જમીનદોસ્ત કરો છો?

**શશિકલા:** (ઉગ્રતાથી) તું સીધેસીધો ઘેર જા, નહીં તો હમણાં માણસોને બોલાવી—

**ગૌરીશંકર:** (રડતે રાગે) આ શું કરો છો? આ શું કરો છો? મારા હૃદયને છેદી નાંખો છો? સુભગે—

**મનહરલાલ:** (પાછળથી આવીને) શું છે? ગૌરીશંકર! આમ રડો છો કેમ? (શશિકલા આઘી જઇ નીચું જોઇ ઉભી રહે છે.)

**ગૌરીશંકર:** કોણ શેઠ? મારી વારે ધાઓ. આ સુભગાએ મને હાસ્યનિમંત્રણે નિમંત્ર્યો, કૂજનઆવાહને લોભાવ્યો, રસશૃંખલાએ બાંધ્યો. હું પરવશ થયો. મારું કાવ્યઝરતું હૈયું એમને ચરણે પરવશ પડયું અને હવે પરણવાની-અરે પ્રભુતામાં પગલાં માંડવાની ના પાડે છે!

**મનહરલાલ:** (હસીને) Shame (શરમ છે) શશી! આને કેમ પરણતી નથી?

**શશિકલા:** બળ્યું એનું મોઢું. (નીચું જોઇ પડી રહે છે.)

**મનહરલાલ:** (હસીને) એ તો ના પાડે છે. તમારા મોઢા સામું એને વાંધો છે.

**ગૌરીશંકર:** હૃદયનાં રસીઆંને મોઢું શું ને માથું શું! (કરગરીને) પણ આ શું કર્યું? મારું હૈયું-મારાં રસઝરતાં, થનગનતાં, સુકુમાર, કુરંગક સમાં કવિહૃદયને બાંધ્યું-કચર્યું! શશી! આ શું કર્યું?

**મનહરલાલ:** સાંભળ ત્યારે. ( થોડી વાર દરીઆ તરફ જોઇ રહે છે. ) કયાંથી વાત શરુ કરું ?—મુંબાઇ આવ્યો ત્યારથી કે તે પહેલાંથી ?

**શશિકલા:** શરુઆતથી.

**મનહરલાલ:** ( ધીમે ધીમે ) સાંભળ ત્યારે. એક સવારે શેઠે મને ઉઘરાણી મોકલ્યો. હું ગયો. એ ગામમાં એક બીજા ગામનો માસ્તર રહેતો–ઘણોજ ટંટાખોર. તેને ત્યાં છેક ગામને નાકે સવારે સાત વાગે ઉઘરાણી ગયો...બારણું બંધ હતું. મેં તે ઠોક્યું, કહ્યું ખખડાવ્યું પણ જવાબ ન મળ્યો. હું અંદર ગયો. ઘરમાં કારમી શાંતિ પ્રસરી રહી હતી–ત્યાં માસ્તરની વહુ લોહીલુવાણ પથારીમાં મરેલી પડી હતી. એનો પતિ એનું ખુન કરી નાસી ગયો હોય એમ લાગતું હતું. પેલી મરેલી સ્ત્રી નિશ્ચેતન, ફાટે ડોળે મારા સામું જોઇ રહી હતી. ખુન, પોલીસ, કેસ, એ બધા વિચાર મને આવ્યા ને હું ગભરાયો. હું નાસી જવા ફર્યો ને મને કોઇનો અવાજ સંભળાયો: ' કાકા ! '

મને શીત આવ્યાં, હું ફર્યો. સામું ઘોડીઆમાં એક છોકરું ઉભું થવાનો પ્રયત્ન કરી હસતું હતું ને મને 'કાકા' કહી સંબોધતું હતું—

**શશિકલા:** ( આંસુ લુછતી બેઠી બેઠી બે હાથ વડે મનહરલાલનો એક હાથ લેછે. ) તે હું !

**મનહરલાલ:** ( રડતો અવાજ સ્થિર કરીને ) હા. શશી ! મેં તને બોલાવી, તું હસી. હું નાસી જવા ફર્યો, તેં ઝોળીમાંથી હાથ લાંબા કર્યા. હું જઇ ન શક્યો. હું આઘો ગયો, પાછો આવ્યો. તેં ' કાકા ' કહી બુમ મારી ને તારા પ્રફુલ્લ વદને ખડખડાટ હસી. મને નાસી જવાનું મન થયું, પણ મારાથી નસાયું નહીં. મેં તને લીધી, છાતી સરસી ચાંપી ને તું ફરીથી હસી. મેં તને ત્યાં મુકી જવાનો વિચાર કર્યો, પણ મારો જીવ ચાલ્યો નહીં. હું તને લઇને બહાર નીકળ્યો.

**શશિકલા:** (પોતાના હાથમાં મનહરલાલનો હાથ દાબે છે.) કાકા!

**મનહરલાલ:** મારા ગજવામાં ચાર રુપીઆ ચૌદ આનાની ઉઘરાણી પડી હતી. હું તને લઇ દોડતો, સીમ છોડી સાત ગાઉ દૂર આવેલા સ્ટેશન તરફ ચાલ્યો. રસ્તે એક રબારી પાસેથી તારે માટે દુધ લીધું. સ્ટેશન પર આવી એક દુકાનદારને મારો કોટ વેચી દોઢ રુપીઓ લીધો ને મુંબાઇની ટીકીટ લીધી...

**શશિકલા:** પછી?

**મનહરલાલ:** ટ્રેનમાં આખો વખત હું તારી સાથે રમ્યો ને તેં હસ્યાં કર્યું...મુંબાઇ આવ્યા પછીની વાત તો ગુલાબદાસે તને કહી લાગે છે. તું ભુખી થઇ ને પૈસા થઇ રહ્યા; એક દુધવાળા ભૈયાને ટોપી વેચી મેં દુધ લીધું ને તને પાયું...

**શશિકલા:** My dearest Kaka! (મારા વહાલા કાકા!)

**મનહરલાલ:** (ગળું ખંખારીને) વાત પુરી થઇ. ગુલાબદાસના મોટાભાઇએ તે જોયું ને મને બોલાવ્યો. એણે મને નોકર રાખ્યો ને પગારમાં તને ઉછેરી આપવાની તેણે શરત કબુલ રાખી.

**શશિકલા:** પછી?

**મનહરલાલ:** પછી શું? હું વાસણ માંજતો, લુગડાં ધોતો, કબાભાઇને નીશાળે લઇ જતો, ને છાનોમાનો ભણતો. રાતના તને જગાડતો...ને તું મારે ગળે વીંટળાઇને સુતી...

**શશિકલા:** (હાથ દાબીને) કાકા!—

**મનહરલાલ:** (ખોટું હસીને) પછીની વાતમાં કશો માલ નથી. મોટાભાઇ મારા પર ખુશ થયા ને પૈસા આપી મારી પાસે ફેરી કરાવી. પછી લક્ષ્મી પ્રસન્ન થઇ...ને આજે આપણે આ—

**શશિકલા:** (આંસુ લુછીને) પણ કાકા રુપીઆમાંથી મારે નામે ચાર આના શા માટે મુક્યા?...ને બાપના ભાગની વાત કેમ બનાવી?

**મનહરલાલ:** શશી ! એનો એકજ મુદ્દો હતો. તું પરાધીન છે, નિરાધાર છે એવો ખ્યાલ મારે તને આવવા દેવો નહોતો. (ખેદથી) આપણે સગાંવહાલાં નથી. મોટી થઇને તને એમ થાય કે તું લાચાર છે–મારે તને અપૂર્વ સ્ત્રી કરવી હતી.

**શશિકલા:** ( સ્નેહભીની જોઇ રહે છે. ) My fine old *Kaka* ! ( મારા બુઢ્ઢા ફક્કડ કાકા ! )

**મનહરલાલ:** હા. શશી ! હું ઘરડો થયો છું. ચાલ હવે તો મને જવા દે.

**શશિકલા:** ના. હજી ઘણું પુછવાનું છે. બેસો. સવાર પડતાં વાર છે. તમને મારા પર આટલો બધો ભાવ કેમ આવ્યો ? સાચું બોલજો. જુઠું બોલો તો તમારી શશીને રોમે રોમ કીડા પડે !

**મનહરલાલ:** ( રડતે રાગે ) શશી ! વધારે શું કહું ? હું એકલો હતો–માબાપ વિનાનો, કુટુંબ વિનાનો, સંબંધી વિનાનો. મારા શેઠની દુકાન તે મારું વિશ્વ હતું. કોઇએ મને સ્નેહ બતાવ્યો ન હતો ને તું હસીને મારી પાસે આવી. તે ત્રાસદાયક એકલતામાં મરી રહેલા મને તરસે મરતાને જલબિંદુ સમી તું હતી. તારી રમત જોઈ હું સુખ માણતો, તારા કાલા બોલ સાંભળી મને કમાવાની હોંસ થતી. તારાં હાસ્યે મારું જીવન પ્રફુલ્લ થતું.

**શશિકલા:** ( ઉભી થઇ જઇને પાસે આવી ઉભી રહે છે. ) ત્યારે મને હવે કેમ જુદી કાઢી? ને મારો ભાગ કેમ જુદો કાઢ્યો ?

**મનહરલાલ:** ( જરાક કડવાશથી ) છોકરી ! મારે તને અપૂર્વ કરવી હતી ને? તારી અપૂર્વતા સ્વાતંત્ર્યે સંપૂર્ણ થશે એટલે તને સ્વતંત્ર કરી. હવે કાંઇ બાકી છે ?

**શશિકલા:** ( સામું ઉભી રહીને મનહરલાલના કાન ઝાલે છે. ) ત્યારે લુચ્ચા, બુઢ્ઢા કાકા ! અત્યાર સુધી પરણ્યા કેમ નહીં ? બોલો ! જવાબ દો.



30911

**મનહરલાલ:** (સખ્તાઇથી) શશી! ભાઇ બહુ થયું. મારે હવે વધારે વાત નથી કરવી. હું નહીં પરણ્યો કેમ કે તને કોઈ દુઃખ નહીં દે. (લુખ્ખું હસીને) હવે પરણીશ.

**શશિકલા:** (હોઠ પર હોઠ પીસી) હવે પરણીશ. પરણશો નહીં તો જશો ક્યાં? (મજાકમાં) નવી સ્ત્રી જોઇ તિરસ્કાર આવે છે, જુની સ્ત્રી જોઈ કંપારી આવે છે. લાવ ત્યારે આ શશીને જ એવી કરું કે નવી જુની બંનેથી સરસ થાય ને તમારી એકલતા ફીટાડે.

**મનહરલાલ:** (આંખે હાથ દઈ) નહીં—નહીં—એ શું—

**શશિકલા:** (સામું ઘુંટણીએ પડીને) કાકા! આપણે ક્યાં સુધી સંતાકુકડી રમવી છે? આ શશી સ્વચ્છંદી થઇ છે, બહુ નવી થઇ ગઇ છે, એનો આત્મા નાયકણનો છે, એ ગામનો ઉતાર છે. કાકા! કાકા! એ તમને એકલા નહીં મુકે. (હાથ લંબાવે છે.) કાકા—

**મનહરલાલ:** (વેદનાથી) તું શું બોલે છે તેનું તને ભાન નથી.

**શશિકલા:** છે. આજે બે કલાકમાં મને બહુ ભાન આવ્યું છે. (મનહરલાલ જવા જાય છે તેને રોકીને) કાકા! હવે બહુ થયું. મારી પાસે બબ્બે શું કહેવડાવો છો? (નીચું જોઇ) કાકા! મને—મને—કાકી નહીં બનાવો?

**મનહરલાલ:** (ચમકીને દબાવેલી હોંસથી) શું કહે છે! શશી! આ ચંદ્ર બધાંને ગાંડાં કરે છે. આપણે વધારે વાત અત્યારે નથી કરવી.

**શશિકલા:** અત્યારેજ! (હસીને) હું જો કાકી થયા વિના અત્યારે અહીંઆંથી ઉઠું તો જોજો.

**મનહરલાલ:** (નીચું જોઇ) શશી! અત્યારે તું ઉપકારવશ છે. તું લાગણીમાં ખેંચાઈ રહી છે. અત્યારે લીધેલા શપથો જીવનભર સાલશે—

**શશિકલા:** મેં કાકા કહી બોલાવ્યા ને તમે મને લઈ ગયા. હું હસી ને તમે મુંબાઇ આવ્યા. હું રાતે વીંટાઇને સુતી ને તમે પૈસો ભેગો કર્યો. હવે હું કહું છું કે તમે પરણો ને તમારે પરણવું પડશે.

**મનહરલાલ:** શશી ! પલ વારના ઉમળકામાં જીવનભરનો અસંતોષ મારે વોરવો નથી. મારે મન સ્ત્રી એટલે મારી જટામાં રાખવાની વિશુદ્ધ ને નવ ઊર્મિઓથી ભરી મારી મંદાકિની; તારે મન સ્ત્રી એટલે ચારે તરફ ઘુઘવતી, બધાને નવરાવતી, કાદવ ઉછાળતી, ફીણો ફેંકતી ગંગા. આપણો મેળ કેમ ખાય ?

**શશિકલા:** પણ હું ભાગીરથી તો થઇશને ? તમે દોરશો ત્યાં જઇશ; તમને ને તમારાંને પહેલાં તારીશ; અને પછી રહીશ તો પતિતપાવની પણ થઇશ ને થોડો કાદવે ઉરાડીશ.

**મનહરલાલ:** શશી ! ખોટા બોલો શા કામના ? હું સ્વાર્થી છું. મને તું જોઇએ છે–છે તેવી, ગાંડીઘેલી; પણ મારે માટે, મારી જીદ સંતોષવા, મારું ગાંડપણ પોષવા, મારી નિર્બલતા સંરક્ષવા; સાથે હસવા, સાથે રડવા, સાથે વઢવા; ઘડપણ આવે તો નર્મદાના પતિની માફક તારે માથે બેસી ફરવા; મારા એકલા માટે–મારી ભવની ભુખ ભાંગવા, મારી એકલતા વિસ્મરાવવા—

**શશિકલા:** (બે હાથમાં હાથ પકડી) મને પણ બીજું કોઇ જોઇતું નથી. ને કાકા ! બધું કરીશ. પણ ન થઈ શકે, હું ઓછી પડું તો એમ નહીં ધારી શકો કે જે શશી રડતી, લાત મારતી, હસતી તેજ મૂર્ખ શશી છે ? તેને પહેલાંની માફક પટાવજો, રીઝવજો ને નહીં માને તો મારા કાકા ! તમે તમાચો નહીં મારશો તો કોણ મારશે ?

**મનહરલાલ:** મારી શશી ! (હાથ લંબાવે છે.)

**શશિકલા:** મારા કાકા ! ૩૦૭।।

(પડદો પડે છે)